
કુમાર

KUMAR Reg. No. B. 1808

આવતી કાલનાં નાગરિકોનું માસિક



તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઈ રાવત ★ વર્ષ ૧૬ · અંક ૫ ★ મે ૧૯૩૯ · સળંગ અંક ૧૮૫

કીલક

આ સુશીતલ છતાં અંતરાળમાં વડવાનલભર્યા ભરતીતરંગો સાથે કૌમાર્યને સરખાવવુંપહેલા પાનાનું કાવ્ય, કુમારદિલોમાં સ્વયંપ્રતીત એવી અનોખી ખુમારી જગવી રહે છે; અને એની 'અદમ્ય અમ કૂચ, અક્ષય અમારી છે ઘોષણા' અજાણ્યે પણ આ અંકનો જાણે કીલક બની ગઇ છે. એ પછીનાં બે પાનમાં એ ખુમારીને રોધક પ્રવાહોથી બચાવી લઇ સરળ અને વેગવાહી ઢાળ આપવાની ગવેષણા માલૂમ પડશે. અને લાલા હરદયાલનું ચરિત્ર તો એ અપ્રતિહત જોમ અને જીવનના શિરટોપ સમું છે જ. આગળ વધતાં કાકાસાહેબ એ જુવાળમાં આપણા સામૂહિક જોમને નડતા ધડાઓ સખ્ય અને સૌહાર્દથી નિવારવાનો અનુનય કરે છે તો 'જીવનનું પરોઢ'માં 'વિદ્યાર્થીઓનો અમલ' કુમારોમાં સુષુપ્ત પડેલી શક્તિમત્તા જ્યારે ચકાસણીએ ચડે છે ત્યારે કેવાં હેરતભર્યાં પરિણામ લાવે છે તેનો સાચો સ્ફોટ આપે છે. 'મારી સફર' તો કૌમાર્યની અદમ્ય જિજ્ઞાસા ને જિગીષા પર અવલંબીને જ આગળ વધે છે એટલે એના નિર્દેશની ખાસ જરૂર નથી, તો પછી દર અંકે 'આ મહિનો' વિભાગમાં આવતી પ્રેરક પ્રતિભાની મિતાક્ષરી પિછાણના નિર્દેશની જરૂર રહે છે ખરી? રખે માનતા કે 'કુમાર' એટલેથી જ સંતુષ્ટ રહ્યું છે. દિલને બહેલાવતી ટીખળભરી એક લાંબી સચિત્ર વાર્તા આ અંકમાં છે, 'નવી નજરે'નો વિસ્તાર છે, 'વનવગડાનાં વાસી'નો ક્રમશઃ પરિચય ચાલુ છે, જ્ઞાનવિજ્ઞાનની રસનાવીન્યભરી કંડિકાઓ છે ને પ્રયોગશીલ ભેજાંને માટે પણ જોઇતો ખોરાક પીરસાયો છે. ક્રમે ક્રમે 'કુમાર'માં કેટકેટલા નવા વિભાગો ઉમેરાતા જાય છે એ તમે જાણ્યું? પ્રતીતિ કરવી હોય તો 'માધુકરી' ને એ પછીનાં પાનાં પર એક નજર નાખજો.



ચિત્રો

મધ્યકાલીન હિંદનું પિત્તળની રકાબી પરનું નકશીકામ — પૂઠું
આમ-તળાવડી (પૂર્ણરંગી) — રસિકલાલ પરીખ — મુખચિત્ર
વિશ્વામિત્ર અને દશરથ (છાયાચિત્ર) — કનુ દેસાઈ — ૨૦૯
એકાકી (ફોટો) — ભારદ્વાજ — ૨૧૦
ફોટોગ્રાફી હરીફાઈનાં ચિત્રો — મુખચિત્ર પાછળ

કાવ્ય

અમે — રજનીકાન્ત દેસાઇ — ૧૯૩

વાર્તા

હરગોવિંદ હિપ્નૉટિસ્ટ — રમણલાલ સોની — ૨૦૦

ચરિત્ર

લાલા હરદયાલ — અશોક હર્ષ — ૧૯૬

લેખો

વ્હાલપના હકદાર — દ. બા. કાલેલકર — ૧૯૯
પત્નીપરાયણ ચિલોત્રો (વનવગડાનાં વાસી) — 'વનેચર' — ૨૦૬
નવી નજરે — હરિકૃષ્ણ વ્યાસ — ૨૧૩
જીવનનું પરોઢ — પ્રભુદાસ છ. ગાંધી — ૨૧૭
બાવાજી (મારી સફર-૨૧) — જીવરામ જોષી — ૨૨૧

વિભાગો

મારી નજરે — ર. મ. રા. — ૧૯૪
દુનિયા દૂરની અને નજીકની — ૨૧૨
Our Friends Abroad — ૨૧૬
પંચતંત્રની વાર્તાઓ (બાળવિભાગ) દેસાઇ વાલજી ગોવિંદજી — ૨૨૪
ફોટોગ્રાફી — બળવન્ત ભટ્ટ — ૨૨૬
કહેવત કથન અને કવિતા — ૨૨૮
પાકા પૂઠાનું પુસ્તક જાતે સાંધી લો — ૨૨૯
અમ્મતના ગોળા — ૨૩૨
આ મહિનો (મે)... અને એની પ્રતિભા — ૨૩૩
માધુકરી — ૨૩૪
છેલ્લું પાનું — ૨૪૦

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬. બ્રહ્મદેશના રૂા. ૬ાા. પરદેશના ૧૨ શિ.; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર શેઠની કં, સી. જમનાદાસની કં. રાવળ બ્રધર્સ પ્રિન્સેસસ્ટ્રીટ.







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ–ઉપરઃ 'કાંટાની વેદના'–ભાઈ નાગ સુરગ વાળા (કેશોદ), નીચેઃ 'પૈડાં'–ભાઈ નવનીતલાલ શાહ (મુંબાઇ), બંને નોંધપાત્ર; જમણી બાજુઃ 'ગ્રામ્ય માતા'–ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ), પહેલું ઈનામ.



ગામ-તળાવડી
ચિત્રકાર • રસિકલાલ પરીખ

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

મે · ૧૯૩૯

અમે

· પૃથ્વી ·

શિરોન્નત અમે, અમે અડગ, ને અજીત્યા સદા,
રહ્યા નચવી મત્ત મેઘશકલો અમે સ્કંધપે;
છતાં નગ સમા અમે ન જડ, કિંતુ અંગાંગમાં
અમે પ્રબળ ચેતનાસભર, વેગવંતા અમે.
ભૂલ્યા અખિલ ભેદ અંતરતણા, અને સૌ ખભા
મિલાવી જઈએ ધસી સરવ તોડી દૈ શૃંખલા;
અદમ્ય અમ કૂચ, અક્ષય અમારી છે ઘોષણા,
અખૂટ અમ જોમ, વ્યોમ ગરજાવીએ ગર્જને.
સુશીતલ અમે; અરે, જલ અમે; છતાંયે સદા
પ્રદીપ્ત વડવાનલો ભડભડી રહ્યા ભીતરે;
પ્રશાંત પણ શક્તિવંત વિલસે વિધુ વ્યોમમાં;
અમારું સહુ જોમ, જીવન, બધું ય તેના કહ્યા
પરે કરી ફના અમે ધસી રહ્યા કિનારે જવા;
અમારું બસ એ જ લક્ષ્ય; ભરતીતરંગો અમે.

રજનીકાન્ત દેસાઈ

ભરતીનાં મોજાંની ઉપમા નવયુવાનોમાં ઘટાવીને રચેલું સૉનેટ. અગિયારમી લીટીમાં 'પ્રશાંત પણ શક્તિવંત ચન્દ્ર' તે ગાંધીજી સમ આગેવાન; તેરમી લીટીમાંનો કિનારો તે મુક્તિ-કિનારો. આટલા નિર્દેશ પછી, પ્રબળ ચેતનાસભર યુવાન હૃદયોનું ઉલ્લાસગાન ગાતું આ નવકવિનું સૉનેટ સ્પષ્ટ થશે.





જીવનમાં સર્વત્ર વિસંવાદ

● આશાવાદનો હું પ્રખર હિમાયતી છું છતાં પચીસ વર્ષથી મથતા રાષ્ટ્રસેવકો અને નેતાઓના પરિશ્રમે થએલી સંસ્થાઓ અને કારકિર્દીનો ઇતિહાસ તેમ જ અંજામ જોતાં આ કીડીકદમે થતી પ્રગતિ ઉપર કટાક્ષ કર્યા વિના રહેવાતું નથી. સમાજની ખદાખદ, નાતોનાં મિથ્યાભિમાન, શહેરકારભારની અંધાધૂંધી અને રાજ્યો તેમ જ અધિકારીઓનાં સ્વાર્થતંત્રો ઉપર કહેવાથી કશું વળે એમ નથી. 'મારે તેની તલવાર'નો જ સિદ્ધાંત રાજ કરી રહ્યો હોય ત્યાં જનહિત કે સમાજહિતની વાત કોણ સાંભળે? આવી મનોદશા અને વ્યવહાર જેમને આભારી છે એ તરુણો, અધિકારીઓ અને શિક્ષકોએ જગતની પ્રગતિ અને સંસ્કારનો કશો જ લાભ પોતાને કે પોતાના દેશના જીવનમાં આપવા લેશ પણ સાચો પ્રયત્ન કર્યો હોત તો આજે ઇતિહાસનો રંગ જુદો જ હોત. ફુરસદોમાં અને રજાઓમાં કે મવાસમાં બુકર ટી. વૉશિંગ્ટન, લિંકન કે ફ્રાંકલિનનાં ચરિત્રો અનેક વાંચી નાખ્યાં; બૉનાપાર્ટનો નેપોલિયન તો કેટલા યે વાંચ્યો. સસ્તા સાહિત્યે એવું તો કેટલું યે આમજનતામાં રેલાવ્યું. માર્ટિન લ્યુથરની ધર્મસુધારણાની ઝુંબેશના પ્રશંસકો અને મૅટ્રિકના શિક્ષકો પ્રોટેસ્ટંટ ધર્મથી થએલી યુરોપની જાગૃતિ વગેરેની વાતો છલ્લી-છલ્લી કહેતા ત્યારે એમ જ લાગતું કે આ કેળવણીથી થોડા જ વખતમાં હિન્દુસ્તાનમાં પણ ભારે સામાજિક વિપ્લવ અથવા રાજકીય જાગૃતિ વ્યાપી જશે અથવા ઉદ્યોગ ધંધા અને કારખાનાં ગ્રૅજ્યુએટોથી જ ભરેલાં હશે. પણ પચીસ વરસ સુધી સતત બહાર પડેલા લાખો મૅટ્રિકિયા અને હજારો ગ્રૅજ્યુએટોએ તો બેકારીની બજારો જ ખોલી દીધી છે અને જહેમતી કામ મજૂરી અથવા સાચી પ્રમાણિક રળતને બદલે આરામવાળી ગુલામી નોકરીઓ કે લાંચ રૂશ્વત ભરેલા અધિકારો ઉપર જ તરાપ રાખી છે.

નવાઇની વાત તો એ છે કે હજુ પણ આપણા કેળવણીકાર્યના અધિકારો તો જેમણે જીવનનો કર્મકાંડ (ટેકનિક) જાણ્યો નથી, માનવીની પ્રાથમિક જરૂરિયાતો પિછાની નથી એવા ગુલામી બાઝારના વેઠિયાઓના જ હાથમાં છે. નહિ તો પૂજ્ય ગાંધીજીએ વર્ધા યોજનાનું દુંદુભિ વગાડ્યું તે જ વખતે કેળવણીનાં ક્ષેત્રોની લગામો, એકલા પુસ્તકિયા પંડિતોના જ હાથમાં નહિ પણ બાહોશ ખેડુઓ, સ્વાનુભવી વેપારીઓ, નિષ્ણાત ઉદ્યોગપતિઓ અથવા રૂપ અને રંગના જાદુગરો સમા કલાધરો કે કુશળ ઇજનેરી સરંજામના કર્તાઓના હાથમાં જ આવી હોત. કેળવણીના ઈજારદારોએ, નોકરી લેતાં પૂર્વે, જીવનના એકાદ ક્ષેત્રમાં સાહિત્યબળે કે બાવડાંબળે કંઇક સિદ્ધિ મેળવી બતાવવી જોઇએ; તો જ એ નવપ્રજાના માનસમાં આપમળ અને કર્તવ્યના પાઠો પ્રેરી શકે.

લગભગ દરેક કેળવણીની સંસ્થા રાજ્યાશ્રયે કે ફંડફાળા ઉપર જ નભી રહી છે અને હવે તો આવકોનાં ઝરણ પણ સુકાઇ ગયાં છે. કેટલી યે સંસ્થાઓ બંધ પડવા જેવી બની છે. કેળવણીનું સ્વરૂપ ફેરવી સંસ્થાઓ કાં તો પોતાના સંચય ઉપર નભે એવી બને અથવા જેઓ તેનો લાભ ઉઠાવે તેઓ જ તેનો ભાર ઉઠાવે એવી બનવી જોઇએ. એનો અર્થ એ જ કે સંસ્થાનું ઉપાર્જન સંસ્થાના સંચાલકોએ કરી લેવું પડશે. પણ જેઓ બિચારા સંસ્થાના આશ્રયે જ જીવનનિર્વાહ શોધી રહ્યા હોય તેમનાથી સંસ્થાનો જીવનનિર્વાહ શી રીતે બને?

ગુજરાતની યુગવિધાયક સમી દક્ષિણામૂર્તિ ભવન જેવી સંસ્થા બંધ પડી છે એ સમાચાર જાણ્યા પછી બીજી સંસ્થાઓનું શું જ કહેવું? માત્ર ધન્યવાદ છે શ્રી નાનાભાઇને કે ફંડ ખાતર એ સંસ્થા બંધ થવા છતાં પોતાનું કેળવણીનું જીવનકાર્ય વિરક્ત થવાના કાળમાં પણ પકડી રાખીને આંબલા જેવા ગામડાના ખૂણે જમીનનાં ઢેફાંથી કેળવણી શરૂ કરવા ઝુકાવ્યું છે. લોકો મોટાં મંદિરોનો ખર્ચો નિભાવી શક્યા છે ધર્માચાર્યો ને રાજસંપત્તિમાં સહાયતા રાખી શક્યા છે; પણ તે જ પ્રજા આજે નગદ કેળવણી આપનારી એક જ સંસ્થાને ડૂબી જતી જોઇ શકે ત્યારે પચીસ વર્ષના કેળવણીના કાર્યક્રમ ઉપર નજર નાખવાની ઇચ્છા રોકી શકાય ખરી?

જે દેશે ઉદ્યોગ, વેપાર કે રાજકીય અથવા વૈજ્ઞાનિક સરસાઇમાં કશી જ ઉન્નતિ નથી કરી તે દેશના હજારો વિદ્યાર્થીઓને માત્ર ફુલફટાકિયા, કપડે શોખીન, વાતોડિયા, નવરાશપ્રિય બનાવી દેનાર યુનિવર્સીટી અને હાઇસ્કૂલોને કશું જ લાંછન ન દઈ શકાય? કેળવણી એટલે માત્ર પરીક્ષાનાં ફરફરિયાં જ રહ્યાં? અને છતાં વિદ્યાર્થીને ઘરથી, સમાજથી, સંસ્કૃતિથી સાવ અળગો કરી અકુશળ બેકાર લાચાર માનવી બનાવી તેની ઉપર ચૌદ ચૌદ વર્ષની ફી, ચોપડીઓ ને કપડાંનાં દેવાં ચડાવી નાદાર માનવી સરજનાર કેળ-

વણિકારો, પ્રોફેસરો અને હેડમાસ્તરો કંઇ જવાબ આપશો કે નહિ ?

જેમની પાસે રાજ્યાધિકારો હતા અને છે તેમણે પણ એ માર્ગ સિવાય બીજો માર્ગ જાણ્યો પીછાન્યો નહિ. જડ પ્રજાશાસકોને પુસ્તકો સિવાય બીજી પણ કેળવણી હોઇ શકે એનું પણ ભાન રહ્યું જણાતું નથી. એક વખત હિંદમાં ઑસ્ટ્રિયાનો જ ગાસ બધે જણાતો. તે વખતે એને ગામડે ગામડે એક એક આર્ટ સ્કૂલ અને એક એક વર્કશૉપ હતી. સંપૂર્ણ અને સુસજ્જ જાપાનમાં બે માસ, ચાર માસ કે છ માસમાં તૈયાર કરી શકાય એવી હુન્નર ઉદ્યોગની અસંખ્ય શાળાઓ છે. ખેતીવાડી માટે તો ત્યાંની યુનિવર્સીટી અને કેળવણી ખાતું મરી પડતું દેખાય છે.

જે દેશને મંદિરોમાં ઘીની રેલો કરવાનું દ્રવ્ય મળે છે, હવેલીમાં ઘીના ડબા ને ડબા હોમવા મળે છે, યાત્રાના સંઘોમાં લાખોનું ખાતર થાય છે, વેદિયા ગોઢિયા અને બાવા સાધુઓની જમાતોની જમાતો પોષાય છે તે દેશમાંથી અજ્ઞાન અને બેકારી કાઢવાને સહાય ન મળે તો દેશની કેળવણીની જ સંસ્થાના પ્રયત્નો અને કર્તવ્યનું દીવાળું સમજવું. સત્તા ધરાવતા દિવાનો, અમલદારો અને શાસકોને વધારે પ્રકાશની જરૂર છે ખરી ?

ર. મ. રા.

ફૉટોગ્રાફીનું પ્રદર્શન

અમદાવાદ 'નિહારિકા' મંડળના ઉપક્રમથી આવતી દીવાળીના દિવસો–નવેમ્બર ૧૯૩૯–માં ભરાનારૂં અખિલ હિંદ-ફૉટોગ્રાફી પ્રદર્શન

શિખાઉઓ માટે ખાસ તક

હિંદુસ્તાનમાં ફોટોગ્રાફીનાં પ્રદર્શનો તો અવાર નવાર જુદે જુદે સ્થળે થયા કરે છે; પણ અમદાવાદના 'નિહારિકા' મંડળ (ક્લબ ઑફ અમદાવાદ કૅમૅરિસ્ટ્સ) તરફથી આવતા દિવાળીના તહેવારોમાં ભરાનાર પ્રદર્શનની યોજનામાં એક નવીનતા એ છે કે એમાં ફોટોગ્રાફીના નિષ્ણાતો ઉપરાંત જુનિયર–શિખાઉ–ફોટોગ્રાફરોને માટે પણ એક વિભાગ રાખવામાં આવ્યો છે. સામાન્ય રીતે હિંદનાં તેમ જ દરિયાપારનાં પ્રદર્શનોમાં જુનિયર ફોટોગ્રાફરોને પોતાનું કામ બતાવવાની તક નથી મળતી. આ પ્રદર્શનમાં આ વિભાગ શિખાઉઓના પ્રોત્સાહન અર્થે ખાસ રાખવામાં આવ્યો છે. મુંબાઇ સરકારના ગૃહમંત્રી નામદાર કનૈયાલાલ મુનશીએ આ પ્રદર્શનને ખુલ્લું મૂકવાનું સ્વીકારી નિહારિકાને માન આપ્યું છે. વધુ વિગતો જાણવા માટે કુમાર કાર્યાલયના સરનામે 'નિહારિકા'-ના મંત્રીને લખી 'એન્ટ્રી ફૉર્મ'ની એક નકલ મંગાવી લો.

ઊંડો અનુભવ

● બે અંગ્રેજ પ્રવાસી બેનો સાથે વાત કરતાં ડૉ. પટ્ટાભીએ જણાવ્યું: 'લાગલાગટ પચાસ વરસ સુધી અંગ્રેજી પાછળ પૂરેપૂરી મહેનત કર્યા છતાં જ્યારે અંગ્રેજીમાં કાગળ લખવા બેસીએ છીએ ત્યારે એવું લાગે છે કે અમે સાવ મૂર્ખાઓ છીએ. પરાઈ ભાષા પોતીકી થઈ જ નથી શકતી. નિબંધ લખવો હોય, કે જાહેરનામું ઘડવું હોય તો ઢાળેલે બીબે એ સફાઇથી કરી લઇએ છીએ, પણ કાગળ લખવા માંડતાં અંગ્રેજની કચાશ છાની નથી રહેતી. કાગળ લખવો એ જેવીતેવી વાત નથી. એમાં અંતરના ઉદ્‌ગારો ઠાલવવાના હોય છે અને તે પોતાની જન્મભાષા દ્વારા જ સહેલાઇથી રજૂ કરી શકાય છે.'

આગળ ચાલતાં બીજી વાતના અનુસંધાનમાં તેમણે કહ્યું: 'છેલ્લાં ત્રીસ વરસ સુધી મારા ઘરમાં મથામણ ચાલી અને હજુ સુધી તો હું મારાં બાળકોને નિશાળના ઉંબરા ભાંગતાં બચાવી શક્યો છું. વાત એમ છે કે અમ ઉજળી માત અને વળી બ્રાહ્મણોનાં બાળકોને ઉત્તરોત્તર પરીક્ષાઓ પસાર કરવી એ નવાઈની વાત નથી. અમારે ત્યાં એ પેઢી દર પેઢીનો ધંધો જ થઇ પડ્યો છે. પણ પરીક્ષા પસાર કરી કે છોકરાને બીજું કંઇ કામ કરવું ફાવે જ નહિ; તે એલએલબી બની વકીલાત કરવા દોડે. એનો અર્થ એ થયો કે એક તરફ તો મારી જિંદગી લોકોના કજીયા પતાવવામાં જાય અને બીજી તરફ મારો જ દીકરો લોકોમાં વઢવાડ ઊભી કરવાનો ધંધો ચલાવે! વળી હું તો એટલે સુધી કહેતો આવ્યો છું કે આ નિશાળો ને ડિગ્રીઓ ગુલામીની સાંકળ છે, તો આજકાલની અદાલતો ગુલામીની ગુફા છે. જે કોઇ અદાલતમાં પેઠો એ જાણે ગુલામીના દોજખમાં જ પેઠો!

છોકરાઓને નિશાળે ન મોકલ્યા છતાં અને તેમને માટે ઘેર નિશાળ ઊભી ન કરતાં છતાં તેઓ અભણ અને ઠોઠ નથી રહેતા. ખેડુતના છોકરાને ખેડવા ને લણવાનું શીખવા સારૂ નિશાળ નથી હોતી એ પોતાની આસપાસ ચાલતું કામ જોઇને શીખી જાય છે। છોકરીઓને રસોઇ શીખવા કોઇ નિશાળે નથી જવું પડતું. ઘરને ચૂલે જ એ હોશિયાર થઇ જાય છે. એ જ રીતે ઘરમાં ચારે તરફ કાગળિયાં ચોપડા અને ખડીઆ કલમો પડ્યાં હોય, ઘરમાં ને પાડોશમાં સવારથી સાંજ સુધી લેખનવાચન ચાલતું હોય એટલે બાળકો વાતવાતમાં ભણી લે છે. ભણાવવાનો ભારે ઠઠારો નથી રચવો પડતો. અને સાથેસાથે બાળકો દુનિયાનો વ્યવહાર પણ શીખે છે; નિશાળે ભણી ઊતરેલા જેવા સાવ નકામા અને નાલાયક નથી નીવડતા. અમારા દેશની નિશાળો જીવન વેડફી નાખનારાં કારખાનાં સિવાય બીજું કશું નથી.'

ઉકળતા અંતરનો આ એકધારો વાક્પ્રવાહ સાંભળીને પેલી બંને અંગ્રેજ બેનો અવાક્ બની ગઇ. **પ્રભુદાસ ગાંધી**

લાલા હરદયાલ

પરાધીન હિન્દનો પ્રાણવાન હિજરતી—જેની આઝાદીની આગ

"દિલ ફિદા કરતે હૈં, કુરબાન જિગર કરતે હૈં;
પાસ જો કુછ હૈ વહ માતા કી નજર કરતે હૈં.
ખાને વીરાન કહાં દેખીએ ઘર કરતે હૈં;
ખુશ રહો અહલે વતન હમ તો સફર કરતે હૈં." (બિસ્મિલ)

જગતના કોઇ પણ મહાખંડ કરતાં પણ માનવીએ ને પ્રકૃતિએ વધુ વૈવિધ્ય ધરાવતો એશિયાના હૃદય સમો આ દેશ, અને તે ગુલામ? પલાશીના યુદ્ધની કાળસંધ્યાથી આજકાલ કરતાં બસો વરસ એ ગુલામીને વીતવા આવશે. પણ હિંદ! તારે મગરૂબ રહેવાનું છે કે તારાં સંતાનોએ એ ગુલામી કદી સહ્ય નથી ગણી. ઉગલી આહોઝારી પણ તારાં એ સંતાનોની જ છે જેમણે શસ્ત્રબંધી ને ઝબાનબંધી નીચેથી છટકી જઇ સાત સાગરની પારથી તારી મુકમ્મિલ આઝાદીનો સૂર ચાલુ રાખ્યો હતો.

અને લાલા હરદયાલ તો એ સઘળા હિજરતીઓના શિરોમણિ. પરદેશોમાં રહીને એમના જેવું હિંદનું પ્રતિનિધિત્વ કદાચ કોઇએ નહિ ધરાવ્યું હોય. લાલા લજપતરાય તો એમના પર વારી જતા. પોતાના 'તરુણ ભારત'માં તેમણે એમનો સગર્વ ઉલ્લેખ કરેલો છે કે 'એમના જેવો પ્રમાણિક આદર્શવાદી મને બીજો નથી મળ્યો.' લોકમાન્ય ટિળકે એમનામાં ભાવી હિંદની અનેક આશાઓની પૂર્તિ જોએલી. વિનાયક સાવરકરે 'માઝી જન્મઠેપ'માં એકરાર કર્યો છે, 'મને હરદયાળની મૈત્રિથી ગર્વ ઉપજે છે,' અને નજરકેદમાંથી મુક્ત થતાં પહેલા જ શબ્દો તેમના મોંમાંથી એ નીકળ્યા હતા કે, 'અફસોસ! હરદયાલ સરખો પુરુષ હિંદમાં નથી.' અને છેલ્લે હમણાં જવાહરલાલે પણ પોતાની જીવનકથામાં એમનો સાદર ઉલ્લેખ કર્યો છે.

જ્યારે 'સ્વાતંત્ર્ય' જેવો શબ્દ જીભ પર આણવો એ રાજદ્રોહ ગણાતો એવા કાળમાં સંપૂર્ણ સ્વતંત્રતાના એ મંત્રદ્રષ્ટાનો દિલ્હીના એક કાયસ્થ કુટુંબમાં ઇ. ૧૮૮૪માં જન્મ થએલો. પ્રાથમિક સઘળું શિક્ષણ એ દિલ્હીની સેન્ટ સ્ટિફન્સ (મિશન) હાઇસ્કૂલમાં મેળવી ઉચ્ચ શિક્ષણ માટે લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં દાખલ થયા. શરૂઆતથી જ એકેએક પરીક્ષામાં એમનો નંબર સદા પહેલો રહેતો, અને ૧૯૦૫માં એમ. એ માં પણ આખી યુનિવર્સિટીમાં પહેલા આવ્યા. એ પરીક્ષામાં અંગ્રેજી સાહિત્યમાં એમણે જે નિબંધ લખેલો તે વાંચીને તેમના પરીક્ષક પણ બોલી ઊઠેલા, 'હું પોતે આવો સરસ નિબંધ લખવાની શક્તિ નથી ધરાવતો, પછી તપાસું તો શી રીતે?' આવી પ્રગલ્ભ બુદ્ધિમત્તાને પોતાનાં ચક્રોથી બહાર ન જવા દેવાનો સરકારને મોહ જાગ્યો ને ૨૦૦ પૌંડની શિષ્યવૃત્તિ આપી આઇ. સી. એસ.ની ધોંસરીમાં જોડાવા તેમને ઈંગ્લંડ મોકલી આપ્યા.

ઇ. ૧૯૦૬મા ઇંગ્લંડ જઈ ઑક્સફર્ડ યુનિવર્સિટીની સેન્ટ જોન્સ કૉલેજમાં તેઓ જોડાયા. પણ કિતાબોના બોજા કરતાં એક બીજા જબરા પરિબળ નીચે તેઓ આવી ગયા. એ પરિબળ તે વિપ્લવવાદના પહેલા ને પ્રખર જ્યોતિર્ધર શ્યામજી કૃષ્ણ વર્મા. કચ્છ માંડવીની ગાડાખેડુ ભણશાળી કોમના એ જુવાનમાં આઝાદીની જે ચિનગારી ઊઠેલી એણે અનેક દિલોમાં આતશ પૂરેલો. લાલા હરદયાળ પણ એ પરિબળથી અસ્પૃષ્ટ કેમ રહી શકે?

આ જ અરસામાં ભારતમાં અંગ્રેજી રાજ્ય કેમ સ્થપાયું તે વિષયનો તેમનો અભ્યાસ ચાલતો હતો તેને અંગે કેટલાક પાર્લામેન્ટના દસ્તાવેજો એમના જોવામાં આવ્યા. અને એ બધા પરથી એમની ખાતરી થઇ ગઇ કે અંગ્રેજો જાણી જોઇને હિંદની રાષ્ટ્રીયતા નિર્મૂળ કરી રહ્યા હતા અને તેમને અપમાનતા હતા. આ ઉપરથી અંગ્રેજી ડિગ્રીઓ પરથી એમનું દિલ ઊઠી ગયું.

હિંદમાં પણ એ અરસામાં નવજાગૃતિનું અરુણું પ્રભાત ફૂટવા માંડ્યુ હતું. સંયુક્ત હિંદનો અવાજ ઊઠતો હતો ને રાષ્ટ્રીયતાનો પ્રવાહ જોર પકડતો હતો. એ પ્રવાહમાં પલટાતાં હરદયાલનાં અંતઃચક્ષુ ઉઘડયાં,

વિશ્વનાં કિલ્મિશ નિવારવામાં પરિશ્રમી

ને શાહીવાદના એ કટ્ટર શત્રુ બન્યા. પણ એ પ્રમાણિક આદર્શવાદીને સરકારી શિષ્યવૃત્તિથી ભણવું ને છૂપી રીતે એની ઘોર ખોદવી એ લાજિમ ન લાગ્યું. થોડો વખત પરસ્પર વિરોધી એ વૃત્તિઓનું એમના અંતરમાં તુમુલ જામ્યું, પણ આખરે રાષ્ટ્રીયતા વિજયી નીવડી ને ભાવિ જીવનથી બિલકુલ બેતમા બની ૧૯૦૭ની આખરે સરકારી શિષ્યવૃત્તિ એમણે પાછી ઠેલી. પંજાબ યુનિવર્સિટીએ એમને ઘણા સમજાવ્યા પણ એમણે કોઇ પણ સંજોગોમાં સરકારી મદદ ન લેવાનો પોતાનો મનોનિર્ણય એને સંભળાવી દીધો.

અને આમ શ્યામજી કૃષ્ણવર્માની અભિનવ ફિલસૂફીની જલદ માત્રા પચાવી તે હિંદ પાછા ફર્યા. ત્રેવીશ ચોવીશ વર્ષના એ જુવાને સર્વ વિદેશી વસ્તુઓનો ત્યાગ કર્યો. વિદેશી પોશાક તજ્યો. સરકારની ટ્રેનમાં કદી મુસાફરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી. સભાઓ ને છાપાંદ્વારા એમના વક્તવ્યનો પ્રવાહ વહેવા માંડ્યો. હવે તો એ ગુરુથી યે સવાયા થઇ ગયા. હિંસા જેવા અંત્ય માર્ગોનો એ ખુલ્લમખુલ્લા પ્રચાર કરવા લાગ્યા. એ સરફરોશ જુવાનના શબ્દોએ હિંદનું જવાન દિલ સળગી ઊઠ્યું. સરકારના કાનમાં એ શબ્દો સીસાના ધગધગતા રસની ગરજ સારવા લાગ્યા. અને એના ખોફની તલવાર લાલાના મસ્તક પર ઝઝૂમી રહી. અહીં વધુ રહેવું એમના માટે ખતરનાક બન્યું; પરંતુ કઇ અવનવું બને તે પહેલાં તો તેઓ હિંદ છોડી ચાલ્યા ગયા.

લાલા લજપતરાય ને અજીતસિંહ જેવી હિંદની બહતી જવાનીની આંખો સમી વ્યક્તિઓને દેશનિકાલ કરીને જ સરકાર નહોતી જંપી. હિંદના સઘળા જુવાનો ઉપર એની કરડી નજર થઇ ચૂકી હતી, અને તે ઠેઠ ઇંગ્લંડ સુધી પહોંચી હતી. ત્યાં પોતાની જમાત વધાર્યે જતા શ્યામજી કૃષ્ણવર્મા સામે ૧૯૦૭ના જુલાઇમાં કૉમન્સ સભામાં સરકારને પ્રશ્ન થયો કે તેની સામે શા માટે પગલાં નથી લેવાતાં. વર્મા માટે ચેતવણીનો એ સૂર બસ હતો. ઇંગ્લંડ છોડી એ ફ્રાન્સ ચાલ્યા ગયા; ને અહીંથી લાલા હરદયાલ



★ જ્યાં સુધી આપણે સ્વતંત્ર નથી થયા ત્યાં સુધી સ્વતંત્રતાના ઉગ્ર ઉપાસક વિદેહ હરદયાલ કદાચ આપણે હાથે શ્રદ્ધાંજલિના જલનો પણ સ્વીકાર નહિ કરે. કદાચ આપણે આપણા ગરમાગરમ રક્તની જ શ્રદ્ધાંજલિ એમને અર્પણ કરવી પડશે. નિરતિશય સેવાથી ટપકેલો પસીનો અને આત્મબલિદાનમાં વહાવેલું પોતાનું રક્ત–રાષ્ટ્રીય શ્રાદ્ધ માટે એ જ બંને ઉપયુક્ત જલ છે.

—કાલેલકર

પણ નાસી છૂટી પારીસમાં તેમને જઇ મળ્યા. લાલાજીની હિંદમાની એ વખતની પ્રવૃત્તિના સહકારીઓમાં માસ્ટર અમીરચંદ ને લાલા હનુમંતસહાયનાં નામોનો ઉલ્લેખ કરવો ઘટે છે.

પારીસ હવે અભિનવ ભારતનું પ્રેરણાકેન્દ્ર બન્યું. વર્માનું 'ઇંડિયન સોશિયાલિસ્ટ' પત્ર હજુ ઇંગ્લંડમાં છપાતું હતું. પરંતુ ૧૯૦૯માં તેના મુદ્રક પર મુકદમો ચલાવી બ્રિટિશ સરકારે તેને જેલમાં ધકેલી દીધો. વર્માએ બીજો મુદ્રક સાધ્યો, પણ એક વર્ષ બાદ એના યે એ હાલ થયા, એટલે પારીસમાંથી જ એ પત્ર બહાર પાડવાનું નક્કી થયું ને વર્મા સાથે હરદયાલ એ પત્રની નિગેહબાની કરવા લાગ્યા.

હરદયાલે એ વખત સુધીમાં એકેએક દેશના ક્રાંતિકારીઓ જોડે સહવાસ સાધ્યો હતો. પારીસના છૂપા આંતરરાષ્ટ્રીય ક્રાંતિમંડળમાં એમનું સ્થાન વજનદાર હતું, ને અનેકોના તે પ્રેરણાસ્રોત બન્યા હતા. વિદ્યાર્થીઓમાં તેમને બહુ આશા હતી એટલે તેમનામાં એમણે પ્રચારકાર્ય શરૂ કર્યું. પણ તરત જ એમને

જણાયું કે તવંગર કુટુંબોના એ ધ્યેયશૂન્ય પેઢીઓ માટે એમના વિચારો કાચા પારા જેવા હતા. લપસણી જિંદગીની લિજ્જત એમનાથી છૂટે એમ ન હતી.

આને લઇને તથા ફ્રાન્સના ખર્ચાળ જીવનથી કંટાળીને તેઓ દક્ષિણ અમેરિકાના ફ્રેંચ દ્વીપ માર્ટિનીક ચાલ્યા ગયા. મહેનત મજૂરી કરતા હજારો હિંદીઓ ત્યાં પાસિફિકને કાંઠે વસેલા હતા, એમના આમંત્રણે તેઓ સાનફ્રાન્સિસ્કો ગયા. ત્યારબાદ કેટલાક પંજાબી ને બંગાળી વિદ્યાર્થીઓની ચળવળથી કૅલિફૉર્નિયાની લેલાન્ડ યુનિવર્સિટીમાં હિન્દી દર્શનશાસ્ત્રના પ્રોફેસર નીમાયા. દર્શનશાસ્ત્રમાં આખા અમેરિકામાં એમની ખૂબ ખ્યાતિ થઇ ને ત્યાંના દાર્શનિકોથી મૈત્રિ બંધાઇ.

પરંતુ એ સાથે પોતાનું જીવનકાર્ય પણ તેમણે ચાલુ રાખ્યું. પોર્ટલૅન્ડ મુકામે એક સમિતિ એમણે સ્થાપી અને એની કાર્યદિશા નક્કી કરવા ભાઇ પરમાનંદને બોલાવ્યા. ભાઈજીનો મત થયો કે એક ફ્રી બોર્ડીંગ ઊભી કરી ભારતીય છાત્રોને ત્યાં બોલાવવા અને એમને વિપ્લવી દળમાં પલોટાવવા. હરદયાલનો અભિપ્રાય એક છાપખાનું ખોલી અખબાર કાઢવાનો થયો. ઇ. ૧૯૧૩ના મેની ૧૦મીએ એ માટે એક સભા બોલાવવામાં આવી જેમાં આ બંને ઉપરાંત શ્રી કરતારસિંહ, પંડિત જગતરામ, રૂઢસિંહ ગિન્જલ, તારકનાથ દાસ, ગોવિંદ બિહારીલાલ, કરતારસિંહ દુક્કી વગેરે હતા.

સભાએ હિંદુસ્તાનમાં ગદર (વિપ્લવ) કરાવવાના હેતુસર એક 'ગદરપાર્ટી'ની સ્થાપના કરી ને તેના મુખપત્ર તરીકે 'ગદર' પત્ર કાઢવાનું શરૂ કર્યું. પ્રશાંત મહાસાગરના કાંઠે વસતી હિંદી પ્રજાની એક 'હિંદુસ્તાની એસોસીએશન' સ્થાપવામાં આવી ને લાલા હરદયાલ એના પ્રમુખ ચુંટાયા. ઠેકઠેકાણે એની શાખાઓ ખોલવામાં આવી. ગદર પાર્ટીએ પોતાનું યુગાંતર નામનું છાપખાનું ઊભું કર્યું ને તેમાંથી હિન્દી, ઉર્દુ, ગુજરાતી, ગુરુમુખી વગેરે ભાષામાં મુખપત્ર બહાર પડવા લાગ્યું. તેની નીતિ ખૂબ ઉગ્ર હતી ને વિપ્લવની તેમાં ખુલ્લી ઘોષણા હતી. મિસર, તુર્કી, જર્મની આદિ દેશોની પણ હિંદની એ લડતમાં સહાનુભૂતિ હતી. અમેરિકાની સહાનુભૂતિ કેળવવા પણ લાલાજી સાથે શ્રી રામચંદ્ર તથા બરકતુલ્લાહે ઠેર ઠેર ભાષણો આપવાં શરૂ કર્યાં.

પણ હરદયાલની જબાનમાં જે તલ્ખી રહેલી હતી તે અમેરિકાથી યે સહન ન થઇ. એમના એક ભાષણમાં ત્યાંના સત્તાવાળાઓને રાજદ્રોહની ગંધ આવી ને એમને 'ભયંકર મનુષ્ય' ગણી ૧૯૧૪ના માર્ચની ૨૫મીએ એમની ધરપકડનું વૉરંટ કાઢ્યું. પરદેશસ્થ હિંદીઓના એ રાષ્ટ્રપતિને ત્યાંના હિંદીઓએ જામીન પડી એવા કમનસીબથી બચાવી લીધા, ને છૂપી રીતે સ્વિટ્ઝર્લૅંડ મોકલી આપ્યા. બ્રિટિશ સરકાર પણ એમને પકડવા ટાંપી બેઠી હતી, પણ સૌને થાપ આપી એ નીકળી ગયા. પોતાની બધી જવાબદારી અમેરિકામાં રામચંદ્ર ઉપર એમણે નાખી હતી ને જર્મનકૉન્સલ સાથે એમની ઓળખાણ પણ કરાવી હતી.

૭ મહિના સ્વિટ્ઝર્લૅંડમાં વેશપલટો કરી કાઢ્યા બાદ ડૉ. હૅરીસનનું નામ ધારણ કરી એ જર્મની પહોંચ્યા. મહાયુદ્ધ એ વખતે સળગી ચૂક્યું હતું એટલે હરદયાલ જર્મની પહોંચતાં કૈઝરે તેમને બર્લિન બોલાવ્યા ને પોતાની યુદ્ધસમિતિના સદસ્ય તરીકે તેમને નીમી લીધા. જેનેવાથી જતાં રાજા મહેન્દ્રપ્રતાપને પણ તેઓ પોતાની સાથે લઇ ગએલા. તારકનાથ દાસ તથા બરકતુલ્લાહ પણ ત્યાં આવી મળ્યા. ઉપરાંત હેરંબલાલ ગુપ્ત, વીરેન્દ્ર સરકાર, ચન્દ્રકુમાર ચક્રવર્તી તથા સરોજિની નાયડુના ભાઇ વીરેન ચટ્ટોપાધ્યાય પણ ત્યાં હતા. હિંદુસ્તાનમાં વિપ્લવ જગાવવા અર્થે શસ્ત્રાસ્ત્રો મોકલવાના બાબતમાં નરેન ભટ્ટાચાર્ય (સી. માર્ટિન) અથવા આજે મહાસભામાં વામ પક્ષના અધિકૃત નેતા માનવેન્દ્રનાથ રૉયનો પણ ત્યાં પરિચય થયો. સઘળાએ મળી ત્યાં 'ઇંડીઅન નૅશનલ પાર્ટી'ની સ્થાપના કરી ને બ્રિટિશવિરોધી પત્રિકા કાઢવા માંડી.

આ સમય દરમિયાન કૈઝર વારંવાર હરદયાલને મુલાકાતે બોલાવતો. જર્મનીનાં હિંદી મહાસાગરને લગતાં આક્રમણો પાછળ હરદયાલની જ સલાહ રહેલી એમ હજુ મનાય છે. યુદ્ધ દરમિયાન હિંદમાં વિપ્લવ જગાવવા એમણે જ હથિયારોનો બંદોબસ્ત કર્યો હતો. જર્મન સરકારે પણ હિંદ સ્વતંત્ર થતાં એનું સ્વાતંત્ર્ય માન્ય રાખવાની નિયમપુરઃસર સંધિ કરેલી. પરંતુ આખરભાગે હરદયાલને લાગ્યું કે હિંદ બાબતમાં જર્મનીની નિયત સાફ નથી.

(અનુસંધાન આગળ પાન ૨૩૦મે)

व्हालपना हकदार

અમે છ ભાઈ હતા. હું સૌથી નાનો છેલ્લો જન્મેલો એટલે 'અન્ત્યજ'. તેથી નાનપણમાં મારા બધા ભાઈઓ મારી ઉપર વહાલ રાખતા. કાંઈ સરસ ખાવાનું હાથમાં આવે તો પહેલું મને આપે; ચિત્રની ચોપડી ઉપર હક તો મારો જ. હું ગમે તેટલો ગંદો હોઉં તો પણ મારાં માબાપ અને મોટા ભાઈ મને ખોળામાં લેતાં અચકાય નહિ. મને નવડાવવાનું કામ નોકરોને માથે કદી આવે જ નહિ; તે તો પિતાશ્રી જ કરે. આવા પ્રેમના વાતાવરણમાં હું ઉછર્યો છું. નાનપણમાં મારી ગંદકી અને મારૂં અજ્ઞાન ઘરમાં કોઈને હાનિકારક નીવડેલાં મારા ધ્યાનમાં નથી.

જે સ્થિતિ મારી હતી તે જ દરેક બાળકની હોય છે. જે નિયમ કુટુંબને લાગુ પડે છે તે જ નિયમ ઓછા વત્તા પ્રમાણમાં સમાજને લાગુ થવો જોઈએ. ચારે વર્ણની ચિંતા રાખનાર આપણા પૂર્વજોએ ઢેડ, ભંગી, ચમાર વગેરે ન્યાતોને 'અન્ત્યજ' નામ આપ્યું તે તિરસ્કારથી ન જ હોઈ શકે. અન્ત્યજ એ વહાલનો શબ્દ છે,—(જેમ 'અગ્રજ' એટલે બ્રાહ્મણ એ આદરસૂચક શબ્દ છે) આજે આપણે સમાજમાં અન્ત્યજો સાથે કેવી રીતે વર્તીએ છીએ તેનો વિચાર કરવો જોઈએ. કુટુંબમાં જેમ સરસમાં સરસ વસ્તુ આપણે નાના ભાઈને આપીએ છીએ તે પ્રમાણે આપણે અન્ત્યજોને સામાજિક લાભ આપીએ છીએ? રાજા મહારાજાઓના દરબારમાં સુંદર ચિત્રો હોય છે તે ગરીબ લોકોને તો જોવા યે મળતાં નથી; રાજાલોકો હમેશાં મિષ્ટાન્ન ખાય છે. ગરીબોને તે ક્યાં મળે છે? અમીર લોકો હમેશાં ગંધર્વગાન સાંભળીને પોતાનું ચિત્ત પ્રસન્ન કરી શકે છે, ગરીબો તેથી હમેશાં વંચિત રહેવાના. રાજાઓનાં દીવાનખાનાઓમાં ગુલદસ્તાની અન્દર રમણીય પુષ્પરચના કરવામાં આવે છે. ગરીબોને તેની કલ્પના પણ ન થાય. આમ શ્રીમન્તાઈ હમેશાં સ્વાર્થી હોય છે; તેથી જ શ્રીમન્તાઈને ધર્મદ્રોહી ગણી છે. ધર્મ બધાને માટે હોય છે. त्रिवृताश्चवेदाः વેદ બધાને માટે ઉઘાડા છે. વેદનું બારણું કોઈને માટે બંધ નથી. સામાજિક સંસ્કૃતિના, સમાજજીવનના બધા લાભો સમાજના સર્વ અંગોને ન આપી શકે તે ધર્મ શાનો? તેથી જ ધર્મમંદિરોમાં—દેવમંદિરોમાં અમીર અને ગરીબનો ભેદ રાખ્યા વગર બધાને માટે ધર્મનો પ્રસાદ આપવામાં આવે છે. ચિત્રકાર રાજાને માટે લાખ રૂપિઆ લઈને પણ જેવું ચિત્ર ચીતરી ન આપે તેવું ચિત્ર ભક્તિભાવથી દેવમંદિરને અને દેવભક્તોને એમ ને એમ અર્પણ કરે છે. પંડિત વિષ્ણુદિગમ્બર જેવો ગાયક હજાર રૂપીઆ વગર રાજદરબારમાં ગાય નહિ; પણ તે જ જ્યારે હરદ્વાર જાય ત્યારે ગંગાને કાંઠે ઘાટ પર બેસી ઉત્તમમાં ઉત્તમ સંગીત ગંગા મૈયાને સંભળાવે અને દેશાંતરના અસંખ્ય ભક્તો તે મફતનું સાંભળી શકે.

દુનિયાની ઉત્તમમાં ઉત્તમ કારીગરી હિન્દુસ્તાનમાં તો મંદિરોમાં જ જોવામાં આવે છે. ધર્મઉપદેશને માટે હજારો રૂપીઆનો પગાર લેનાર આર્ચબિશપ રાખવાની પ્રથા આપણા દેશમાં નથી. ધર્મનો ઉપદેશ, પુરાણનું શ્રવણ, નામસંકીર્તન બધાંયને માટે છે. નાતજાતના ઝગડાઓ સમાજને માટે છે. ઈશ્વરને ઘેર બધાય સરખા. પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં સર્વ જ્ઞાતિના લોકો જઈ શકે છે. જગન્નાથપુરીમાં જ્ઞાત રાખવી એ મહા પાપ ગણાય છે. બદ્રીનારાયણના પ્રસાદનો ભાત અન્ત્યજ લઈ આવે છતાં બ્રાહ્મણ તેના પર અવાચો પડે. એ જ બતાવે છે કે ધર્મગૃહમાં કોઈનો નિષેધ નથી. કોઈનો બહિષ્કાર નથી. કાશીવિશ્વેશ્વરનું મંદિર પણ હમેશાં મુક્તદ્વાર રહે છે.

ત્યારે આપણાં અસંખ્ય મંદિરોમાં અન્ત્યજોને શા માટે 'મજ્જાવ' હોય? મંદિર બાંધવામાં જેટલું પુણ્ય છે તેટલું જ પાપ અન્ત્યજોને મંદિરથી બહાર રાખવામાં છે. દક્ષિણમાં એક જૂની કથા છે કે એક અન્ત્યજ ભક્તને ત્યાંના એક પ્રસિદ્ધ મંદિરમાં પેસવા ન દીધા. એણે પૂજારી પાસે આજીજી પૂર્વક વિનતિ કરી કે મને ગમે તેટલો દૂર ઊભો રાખો પણ મને દર્શન થાય એમ કરો. મંદિરના પૂજારી એ કંઈ હમેશાં ઈશ્વરના પૂજારી નથી હોતા. તેણે તેને ધિક્કારી ત્યાંથી કાઢી મૂક્યો. એટલે બિચારો મંદિરની પાછળ જઈને રડવા લાગ્યો. તેની આર્તવાણી સાંભળી, કહેવાય છે કે, (અનુસંધાન પૃષ્ઠ ૨૨૮મે)

હરગોવિંદ હિપ્નૉટિસ્ટ

હરગોવિંદ અમારા વર્ગનો એક હોશિયાર વિદ્યાર્થી. શરીરે સૂકલકડી તો ન કહી શકાય, પણ નાજુક એ અવશ્ય હતો. ટાપટીપનો મોહ નહિ, ઠાઠભપકો એને ગમે નહિ. છાત્રાલયના અમે કેટલાક વિદ્યાર્થીઓ કોકવાર નજીકની હૉટેલમાં ઘૂસી ચા કૉફી પી આવીએ, પણ હરગોવિંદ કદી એવું નહિ કરવાનો. ચાની એણે પ્રતિજ્ઞા લીધી હતી એવું કંઇ નહોતું, પણ ગૃહપતિએ હૉટેલમાં જવાની મના કરેલી એ એને મન દૈવી ફરમાન હતું.

એ હરગોવિંદમાં આ થોડા દિવસો થયા કંઇકંઇ ફેરફાર થતો જતો અમને જણાતો હતો. પહેલાં એ આમારી સાથે ખૂબ જ ભળતો, હસતો, વાતો કરતો; પણ હવે જાણે એ અતડો બની ગયો હતો. વર્ગમાં શિક્ષક પાઠ આપતા હોય કે લેતા હોય ત્યારે હરગોવિંદની પહેલાં જેવી એકાગ્રતા હવે દેખાતી નહોતી. એક વેળા શિક્ષકે એને 'कुतः वा अयं'ની સંધિ કરવાનું કહ્યું ત્યારે એ એની આંખો કરી શિક્ષક મહાશયની સામું તાકી રહ્યો કે એની પાસે બેઠેલા મને લાગ્યું કે હમણાં સંધિને બદલે વિગ્રહ થઈ પડશે.

નાથાભાઇ મારો બાળગોઠિયો. અંગ્રેજી બીજા ધોરણમાં અમે હતા ત્યારે હરગોવિંદ વાડાસિનોરથી અમારી નિશાળમાં—અમારા વર્ગમાં જ દાખલ થએલો. શરૂઆતમાં એકબે વાર અમારે એની સાથે જામી પડેલી પણ ખરી, પણ પછી અમે ત્રણે પાકા દોસ્ત બની ગએલા. આજે પાંચમા ધોરણમાં પણ અમારી એ દોસ્તી અખંડ રહી હતી.

નાથાભાઇ ભણવામાં બહુ હોશિયાર નહિ, પણ બુદ્ધિશાળી તો ખરો. એનામાં તર્કશક્તિ અને યોજનાશક્તિ ખૂબ હતી. શાળાના સ્નેહસંમેલનમાં રંગભૂમિની આખી રચના એ જ ઘડી કાઢતો; લાડુભટ્ટ રસોયો થવું હોય, ભીમસેનની ભૂમિકા દીપાવવી હોય, જુલ્મી કંસ, ક્રોધી દુર્વાસા કે વિશ્વામિત્રનો પાઠ ભજવવો હોય તો સૌ પહેલી પસંદગી નાથાભાઇને મળતી. ભીમસેનના વેશમાં એ પડદો ખેંચવા પણ બેસી જાય, અને પાછલી બેઠકોમાં ગરબડ થઇ હોય તો મુક્કો બતાવવા પણ ઊપડી જાય; પણ એથી એના પાત્રનો ભેદ ખુલ્લી જઇ રસક્ષતિ થાય છે એવું એ કદાપિ સ્વીકારવાનો નહિ.

'રમણ!' નાથાભાઇએ એક દિવસ મને કહ્યું. 'અહીં ભૂત રહે છે એ તું જાણે છે?'

ભૂત વિષે મેં બે વર્ષ પહેલાં ઘણું સાંભળ્યું હતું. એ 'બ્રહ્મરાક્ષસે' ઘણાં ઘણાં પરાક્રમો કર્યાનું કહેવાતું હતું. એના શમન અર્થે ગામલોકોએ ધામધૂમપૂર્વક હોમ હવન કરાવી ૧૦૮ બ્રાહ્મણોને ભોજન આપ્યું હતું એ પણ મને ખબર હતી. પણ એ વાતને આજે શું?

મેં કંઇ જવાબ ન દીધો.

નાથાભાઇએ ફરીથી કહ્યું: 'હું ભૂતતૂતથી નથી બીતો; પણ મને લાગે છે કે હરગોવિંદને એવું કંઇ થયું છે. જોતો નથી, એની આંખો કોઇને જોતાં કેવી સ્થિર થઇ જાય છે! પણ હું એનું ભૂત કાઢી નાખવાનો!'

'કેવી રીતે?' મેં હસીને કહ્યું.

'કેવી રીતે તે લૂગડાંમાંથી મેલ કાઢીએ એમ જ તો. હરગોવિંદ આપણો મિત્ર છે, એનું હિત આપણે જોવું જોઇએ. એના હિત માટે એને મારવો પડે તો મારવાનો આપણને હક છે.'

આમ કહી એ જતો રહ્યો.

સાંજે ફરી નાથાભાઇ મને મળ્યો. કહે, 'દોસ્ત, મેં એનું ભૂત ખોળી કાઢ્યું છે. થોડા દિવસ પર ટપાલમાં એના પર કોઇ ચોપડી આવી છે—એણે મંગાવી હશે—ભાઇસાહેબ એ ચોપડીના કીડા બની બેઠા છે. ચોપડી પાસે ને પાસે રાખવા માટે તો એ હમણાંનો લાંબો ગજવાંવાળો કોટ પહેરે છે.'

'પેલી પીળા પૂઠાવાળી ચોપડીને? વર્ગમાં પણ ઘણી વખત હું એને એ વાંચતો જોઉં છું—પણ કોઇને એ જાણવા દેતો નથી.'

બીજે દિવસે અમે સાંભળ્યું કે હરગોવિંદને છાત્રાલયમાં સ્વતંત્ર ઓરડી મળી છે—એના અભ્યાસમાં કોઇ ખલેલ ન કરે એટલા માટે આ વ્યવસ્થા.

પણ અમે હવે છૂપી પોલીસનું કામ શરૂ કરી દીધું હતું. કોઇ રીતે પેલી ચોપડી એની પાસેથી ખૂંચવી

. . . . રેવડી દાણાદાણની એક વાર્તા



હરગોવિંદ આયના સામે એક પગ થોડો આગળ ધરી જમણા હાથનો પંજો બતાવતો ઊભો હતો

લઇ એને ઠેકાણે લાવવાનો અમે નિશ્ચય કર્યો હતો.

ધીમે ધીમે એની રીતભાતમાં પરિવર્તન થતું ચાલ્યું. જે કોઇક જ દિવસ કોટ પહેરતો, તે હવે દરરોજ કોટમાં સજ્જ દેખાતો હતો. જેના મોં પર ચોવીસે કલાક હાસ્ય ફૂટતું રહેતું તે હવે કૃત્રિમ ગંભીરતા ધારણ કરી રહેલો દેખાતો. જેને કશો શોખ નહોતો તે ઉઘાડે માથે હાથમાં નાજુક સુંવાળી લાકડી લઇને એકલો ફરવા નીકળી પડતો દેખાતો. મને ખાતરી છે કે ચાલતાં ચાલતાં પણ એ પેલી ચોપડીના જ વિચાર કરતો હશે.

જાણે અમારી સાથે એને કંઇ ઓળખાણ જ ન હોય એવું બની ગયું પણ અમે અમારો ધર્મ ચૂકીએ તેવા નહોતા. આવી બાબતમાં શિક્ષકને કે છાત્રાલયના સુપ્રિન્ટેન્ડેન્ટને કંઇ કહેવું એ અમને નહોતું ગમતું.

એક દિવસ હરગોવિંદને આંબા હેઠળ લઇ જઇ મેં કહ્યું: 'તને આ શું ઘેલું લાગ્યું છે? આવો કેમ થઇ ગયો?'

હરગોવિંદ બેપરવાઇથી બોલ્યો: 'એ તો હું જરા મજા કરું છું!'

'મજા? છટ, પાગલ બની જઇશ પાગલ!' નાથાભાઇ એકદમ બોલી ઊઠ્યો.

'બનીશ એમ નહિ, બનાવીશ.' કહી એક સખ્ત દૃષ્ટિ કરી તે ચાલ્યો ગયો.

હું ને નાથાભાઇ એકબીજાનાં મોં સામે જોઇ રહ્યા.

હું ન્હાવાની તૈયારી કરતો હતો ત્યાં નાથાભાઇ દોડતો આવ્યો: 'ચાલ, ચાલ, પેલું ભૂત જોવું હોય તો!'

'કયું ભૂત?' કહી હું ઊભો થઇ ગયો.

'પેલું—હરગોવિંદને વળગ્યું છે એ!' મને સાથે લઇ નાથાભાઇએ ચાલતાં ચાલતાં જણાવ્યું.

સાવધાનીથી અમે છાત્રાલયના મેડા પરની છેલ્લી ઓરડી આગળ આવ્યા. બારણાં બંધ હતાં, પણ બારણાં પર ચડી હવા માટેની જાળીમાંથી ડોકિયું કરી મેં જોયું તો આશ્ચર્ય! હરગોવિંદ કોટ પાટલૂન પહેરી ઊભો હતો, કાળું નેકટાઇ પણ સાપના બચ્ચાની પેઠે છાતી પર ઝૂલતું હતું. સામે પૂરા કદનો આયનો હતો

—વ્યાયામમંદિરમાંથી મેળવ્યો હશે—અને એ આયનાની સામે એક પગ થોડો આગળ કરી તે ઊભો હતો. ડાબા હાથની મૂઠી વાળેલી હતી, જમણો હાથ પૂરેપૂરો લાંબો કરી પંજો બતાવતો હોય તેમ ધરી રાખ્યો હતો; એકાગ્ર ચિત્તે અનિમેષ નયને આયનામાંના પોતાના પ્રતિબિંબ સામું તાકી રહેલો હતો; એના હોઠ સહેજ ફફડતા હતા. શું બબડતો હતો તે મને તો કંઈ જ સમજાયું નહિ. પડખે ટેબલ ઉપર એક ચોપડી ઉઘાડી પડી હતી. એ જ પેલી પીળી ચોપડી!

'નક્કી કાંઈ વાગ્યું છે!' મેં બારણા પરથી નીચે ઊતરી કહ્યું. પણ નાથાભાઈએ વિશેષ જ્ઞાનીની જેમ માત્ર માથું હલાવ્યું, કંઈ જવાબ દીધો નહિ.

બે ત્રણ દિવસ પછી, બપોરના વિરામ—સમયમાં મેં હરગોવિંદને શાળાના કંપાઉન્ડની પાછળ જતો જોયો. તરત મેં તેની પૂંઠ પકડી. છુપાતો છુપાતો હું તેની પછવાડે પછવાડે ચાલ્યો. એકબે ખેતરવા દૂર વણઝારા લોકોનો મુકામ પડ્યો હતો. એ લોકો લુહારકામ કરતા હતા, તેથી લોકોની અવરજવર એ તરફ નહોતી એમ નહિ. મેં જોયું તો હરગોવિંદ ધમણો ચાલતી હતી ત્યાં ન ગયો, પણ બાજુને છેડે વળ્યો. ત્યાં એક લીમડાની શીતળ છાયામાં પડ્યો પડ્યો વણઝારાનો એક કૂતરો ઊંઘતો હતો. હરગોવિંદ ધીરેથી ત્યાં ગયો, ઝાડના જમીન બહાર આવેલા એક જાડા મૂળિયા પર એ થડને અઢેલીને બેઠો—નજીકમાં જ કૂતરો હતો. એની પાછળ થોડે દૂર એક ઝાડ પાછળ સંતાઈને હું બધું જોઈ રહ્યો.

હરગોવિંદે ઊંઘતા કૂતરાની સામે નજર માંડી; તેની સામે એ જરા ઝૂક્યો. આમ થોડી પળ વીતી પછી તેના હોઠ ફફડતા મેં જોયા—શાથી કોણ જાણે, પણ કૂતરાએ આંખો ઉઘાડી. હરગોવિંદ એની સામે અનિમેષ તાકી રહ્યો હતો.

કૂતરો ઊભો થઈ ગયો, પણ હરગોવિંદે નજર ખસેડી નહિ. તેણે ય બેઠક બદલી. પછી તે અરધો ઊભો થઈ ગયો અને ઝૂકીને કૂતરાની સામે હાથ લાંબો કરી પંજો ધર્યો; કૂતરો શી ખબર શું ધારીને એક ડગલું પાછું હઠ્યો, હરગોવિંદે બીજા હાથની એક આંગળી દેખાડી; છેવટે હરગોવિંદે તાળી પાડી. કૂતરો નાસી ગયો.

હું કંઈ જ સમજ્યો નહિ. ગાંડપણના આ નવા દૃશ્ય વિષે નાથાભાઈને વાત કરવા હું વેગથી દોડી ગયો. નાથાભાઈ મારી જ તપાસમાં ફરતો હતો. હું કંઈ બોલું તે પહેલાં તો તેણે ખૂબ ઉલ્લાસમાં મને એક તરફ આવવા ઇશારો કર્યો. પછી એકદમ તે શાંત થઈ ગયો, અને વડીલની પેઠે બોલ્યો: 'બોલ, ક્યાં ગયો હતો?'

મેં એને, મેં જોએલા દૃશ્યની બધી વાત કહી. એ શાંતિથી સાંભળી રહ્યો. વ્યાયામવીરોમાં વાત સાંભળવાની આવી ધીરજ અને ઊંડાણ ભાગ્યે જ જણાય છે. જણાય તો સમજવું કે એ વખતે શરીર સાથે બુદ્ધિ સંયોગ સાધી રહી હોય છે.

વાત પતી ગયા પછી ઠંડકથી નાથાભાઈએ કહ્યું: 'મેં એનું ભૂત પકડી પાડ્યું છે!'

હું કંઈ સમજ્યો નહિ. તરત તેણે ગજવામાંથી રૂમાલ વીંટેલું કંઈક કાઢ્યું. ખોલતાં જ જણાયું કે એ તો હરગોવિંદની પેલી પીળી ચોપડી હતી! હું ચમકીને જોઈ રહ્યો.

'મને બધો ભેદ સમજાઈ ગયો છે. વાંચ આ.' મેં વાંચ્યું; હિપ્નૉટિઝમ વિષે પ્રખ્યાત હિપ્નૉટિસ્ટ પ્રોફેસર હીરાલાલે લખેલી એ ચોપડી હતી. આખી ચોપડીને પાને પાને લખાણ નીચે લાલ વાદળી પેનસિલથી લીટીઓ ખેંચેલી હતી. કેટલીક જગાએ મીંડું, વાંકી ચોકડી, સીધી ચોકડી, કાટખૂણો વગેરે નિશાનીઓ કરેલી હતી.

ઓહ, ત્યારે તો હરગોવિંદ હિપ્નૉટિસ્ટ થવા મથતો હતો!

પછી નાથાભાઈએ, હરગોવિંદ વર્ગના એના દફ્તરમાં ચોપડી કેવી રીતે ભૂલી ગયો, અને વિરામનો ઘંટ થતાં હોંશમાં ને હોંશમાં બહાર નીકળી પડ્યો તેનો લાભ લઈ પોતે ચોપડી ઉપાડી લીધી તે ટૂંકમાં કહ્યું અને હરગોવિંદ પાછો વર્ગમાં આવે તે પહેલાં ચોપડી હતી ત્યાં મૂકી દેવા તે દોડી ગયો.

હિપ્નૉટિઝમ ખરાબ છે કે સારૂં છે એની અમને કંઈ પડી નહોતી. અમને તો અમારી દોસ્તીની અવગણના કરી, અમારી જાણ બહાર એ આવું વિચિત્ર વર્તન કરે એ નહોતું ગમતું. અમે એને પહેલાં જેવા દોસ્ત તરીકે પાછો મેળવવા આતુર હતા;

અમારી ત્રિપૂટી વર્ગમાં જે આનંદવિનોદ કરતી તે હવે મોળો પડી ગયો હતો, કારણ કે હરગોવિંદ ગંભીર બની ગયો હતો. કોઇ વાર એ બોલતો તો જાણે સત્તા-દર્શક અવાજથી બોલવાનો પ્રયત્ન કરતો હોય એમ લાગતું, અને એના બોલવાની અસર શ્રોતાઓ પર કેવી થાય છે તે ધારીને જોઇ રહેતો.

એક દિવસ એણે મને ઇશારો કરી બોલાવ્યો. એ મારી આગળ ચાલ્યો; એની ઓરડીએ જઇ ઊભો. હું પણ મનમાં નવાઇ પામતો, શું કરે છે તે જોવા જાણવાની એક માત્ર ઇચ્છાથી તેની પાછળ પાછળ તેની ઓરડીમાં દાખલ થયો. તેણે બારણાં બંધ કર્યાં.

'દોસ્ત, છે તો મઝામાંને!' કહી તેણે મને પાસેની ખાટ પર બેસવા કહ્યું.

હું બેઠો. તે મારી સામે ખુરસી ખેંચી લઇ બેઠો. પછી તેણે મારી આંખ સાથે આંખ મેળવી. હું વિચારમાં પડી ગયો કે મને તેણે કૂતરો તો નથી ધાર્યો ને! ઠીક, જે થાય તે થવા દેવું ધારી હું ચૂપ બેસી રહ્યો. થોડી વાર પછી એણે જમણો હાથ લાંબો કર્યો, ડાબો હાથ ઊંચો કર્યો ને ન સમજાય તેવો કોઇ 'મંત્ર' બબડવા માંડ્યો.

'હું કહું છું, તને ઊંઘ આવે છે; સૂઇ જા.' તેણે મને હુકમ કર્યો. અનિચ્છા છતાં, એ શું કરે છે એ જોવા હું પથારીમાં સૂઇ ગયો. તેણે ઊંચા થઇ સામે જોયા કર્યું. પછી હુકમ કર્યો: 'આંખો મીંચી દે.'

મેં આંખો મીંચી. મને લાગ્યું, નક્કી હરગોવિંદનું મગજ ચસકી ગયું છે, એના માથામાં ગરમી ચડી ગઇ છે એટલે આમ ઢંગધડા વગરનું બકયા કરે છે. ઊઠીને એને બે લાફા લગાવી દેવાનું મન થયું, પણ એનું પૂરૂં ગાંડપણ નિહાળવાની ઇચ્છાથી એણે કહ્યું તેમ પડી રહ્યો.

'આંખો ઉઘાડ.' હુકમ આવ્યો.

'મારી સામું જો.' બીજો હુકમ.

'બેઠો થા.' સાંભળતાં હું બેઠો થયો.

તે મારી ડાબી બાજુએ આવ્યો ને મારા કાન આગળ તાળી પાડી. મને થયું, કંઇ માખી બાખી ઉડાડતો હશે. ફરી તાળી પડી.

એકદમ હું ખીજાઇ ગયો.

'તારા મગજમાં ગરમી ચડી ગઇ છે' કહી ખોચીમાંથી ઝાલી હું એને ટેબલ પાસે ખેંચી લઇ ગયો, અને ભરેલો પાણીનો પ્યાલો એના ઉઘાડા માથા પર રેડી દીધો.

હવે જરૂર કુસ્તીજંગ મચશે એવી આશાએ હું તૈયાર ઊભો હતો ત્યાં તો મારી અજાયબી વચ્ચે હરગોવિંદ હસતો હસતો વળગણીથી ટુવાલ ઉતારી લઇ મોઢું–માથું લૂછતો પાસે આવી ઊભો અને મારી પીઠ થાબડી બોલ્યો: 'જા.'

જતાં જતાં મેં પાછું વાળીને જોયું તો પેલી પીળી ચોપડીનાં પાનાં ઉથલાવવા એ બેસી ગયો હતો— દાખલો ગણવા પછી છોકરો ચોપડીનો જવાબ મેળવવા બેસી જાય તેમ.

મારી વાત સાંભળી નાથાભાઇ બોલ્યો: 'તેં પાણી રેડયું તો યે એ હસ્યો?'

'હા.'

'આપણે એના વળગાડ સમજી ગયા છીએ એની તેં ખબર પડવા તો નથી દીધી ને?'

'બિલકુલ નહિ.'

શા માટે આ ઉલટ તપાસ? થોડી વાર મૌન રહી તે બોલ્યો: 'ગદ્ધો! હવે તો એને ખરેખરી ગદ્ધા-ટોપી પહેરાવશું ત્યારે જ એને સાન આવશે. ફરી જો તને બોલાવે તો એના ઇલમની અસર થઇ છે એવું જ તું દેખાવા દેજે. મને બોલાવશે તો હું પણ એવું જ કરીશ. ઊંઘવાનું કહે તો ઊંઘી જવું, નાચવાનું કહે તો નાચવું; એટલે એને થશે કે પોતે મોટો હિપ્નૉટિસ્ટ બની ગયો છે—ત્યાર પછી, હાંડલું ફૂટે એ દહાડે જોઇ લેજો મજા!'

'સરસ!' મેં પણ મજા જોવા સંમતિ આપી.

પછી એકબે દિવસ અમે હરગોવિંદને ખૂબ ચિંતનમાં ડૂબેલો જોયો. આખો દિવસ ચોપડીના ઊંડા અભ્યાસમાં લાગેલો રહેતો હતો. એની દૃષ્ટિમાં શ્રદ્ધા દેખાતી હતી, એની ચાલમાં 'કુછ પરવા નહિ' જેવું વરતાતું હતું. એના ડ્રેસમાં પૂરેપૂરી સફાઇ અને ટાપટીપ દેખાતી હતી.

થોડા દિવસ પછી હરગોવિંદે નાથાભાઇને પોતાની પાછળ આવવા કહ્યું. બંને ઓરડામાં પેઠા, બારણું બંધ કર્યું; પણ સાંકળ નહોતી દીધી. હું પાછળ પહોંચ્યો, ને સહેજ બારણું ઉઘાડી તડમાંથી અંદર શું થાય છે તે જોઇ રહ્યો.

હરગોવિંદે નાથાભાઇને ખાટલા પર બેસવા કહ્યું. પછી પેલી ક્રિયાઓ ચાલી મંત્રોચ્ચાર શરૂ થયો અને નાથાભાઇ પરવશ બની ગયો! એનું શરીર જડ, એની આંખો જુએ છે છતાં જોતી નથી. પોતાની ફતેહ જોઇ હરગોવિંદ તો ફુલ્યુંફૂલ્યું થઇ રહ્યો. તેણે ધીરેથી નાથાભાઇને ખાટલા પરથી ઊભો કર્યો; ને સત્તાદર્શક સ્વરે હુકમ કર્યો: '૭ ડગલાં ચાલ—'

૭ ડગલાં ચાલતા નાથાભાઇની આંખોમાં મેં હાસ્ય નિહાળ્યું.

'પાછો ફર—' નાથાભાઇ લાકડાની પૂતળીની પેઠે પાછો ફર્યો. હરગોવિંદ હસુંહસું થઈ રહ્યો.

'હાથેપગે ચાલ' બીજો હુકમ છૂટ્યો. નાથાભાઇ જરા ખચકાયો, પણ તરત હરગોવિંદની આંખના વશીકરણે એને વશ કરી નાખ્યો. હરગોવિંદને સંતોષ થાય ત્યાં સુધી એને ઢોરની પેઠે ચાલવું પડ્યું.

'ચાલ, હવે કંઇ ગા.'

નાથાભાઇએ એના નમૂનેદાર અવાજે ગાયું: 'મૂરખો રળી રળી કમાયો, કંઠે બાંધશે મોટો પાણો.'

'સાથે સીટી બજાવ.' તરત સીટી વાગી.

પણ આ વખતે હરગોવિંદ સામે નજર પડતાં હસવાનો આવેશ થઇ આવ્યો. જોરથી હસવું ખાળવાનો પ્રયત્ન કરતાં તેણે ઉધરસ ખાધી. ઉધરસ ઠીક ઠીક લાંબી ચાલી—સાથે ગાયન અને સીટી ચાલતી હતી; ભલભલો ઉસ્તાદ સંગીતજ્ઞ પણ તેનું અનુકરણ કરવામાં 'ફેઇલ' જાય.

આ સંગીત કદાચ પોતાની મંત્રશક્તિને છેદી નાખશે એવી બીક લાગી હોય કે પછી હરગોવિંદને સંગીતનું જ્ઞાન કે સાન નથી તેથી હોય, તેણે નાથાભાઇને ગાન, વાદન અને ઉધરસ ત્રણે સાથે બંધ કરવાનો હુકમ કર્યો.

પછી હરગોવિંદે નાથાભાઇના ડાબા કાન પાસે જઇ તાળી પાડી. નાથાભાઇ શી ખબર શું સમજીને આ મૂગી સંજ્ઞા થતાં એક ફૂટ ઊંચા કૂદ્યા. એવો એ કૂદકો હતો કે હરગોવિંદ પગ નીચે આવી ગયો હોત તો કાયમને માટે હિપ્નૉટાઇઝ્ડ થઇ ઊંઘમાં પડી જાત. હું બીન્યો, વખતે નાથાભાઇ બાજી બગાડી ન બેસે.

'કેમ દોસ્ત, કેમ છે?' ના જવાબમાં નાથાભાઇ માત્ર જોઇ જ રહ્યો.

ફરી તાળી પડી, અને નાથાભાઇ ફરી જોરથી કૂદ્યો—જાણે તાળી એ કૂદવાનો હુકમ હતો. ફરી પાછી નાથાભાઇને ઉધરસ શરૂ થઇ ગઇ—બિચારા એનો શો વાંક?

આ તરફ હરગોવિંદે સતત મંત્રોચ્ચાર શરૂ કરી દીધો. 'તારે શું કરવું છે ભસી મરને!' એવું કહેતી નજરે નાથાભાઇ એની સામે જોઇ રહ્યો.

હરગોવિંદે પાણીનો પ્યાલો ભરી ટેબલ પર લાવી મૂક્યો. તાળી પડતાં જ નાથાભાઇએ ઊઠી પ્યાલો લીધો, અને હરગોવિંદના માથા પર રેડવા જતો હતો ત્યાં હુકમ છૂટ્યો: 'તારી ચોટલી એમાં બોળ.'

નાથાભાઇને ચોટલી નહોતી, તે સ્થિર બની ઊભો રહ્યો. પણ હરગોવિંદની દૃષ્ટિ એને ક્યાં છોડે એમ હતી? ચોટલીને બદલે માથાના બે વાળ એ પાણીમાં પલાળવા પડ્યા! શા સારૂ ચોટલી બોળવાનું, તે હજી સુધી હું સમજ્યો નથી.

'જા.'

આંધળા માણસની માફક નાથાભાઇએ બે હાથ લાંબા કરી ફાંફાં મારવા માંડ્યાં—હમણાં પડી જશે એમ લાગે. પછી એક ચીસ નાખી તે બોલી ઊઠ્યો: 'હું ક્યાં છું?'

હરખથી છલકતા હરગોવિંદે તેનો ખભો થાબડી ભાનમાં આણ્યો.

બહાર આવ્યા પછી નાથાભાઇ જે હસ્યો છે, જે હસ્યો છે!

બીજે જ દિવસે મારો વારો આવ્યો. યથાવિધિ મને મૂર્છામાં નાખી હરગોવિંદે હુકમ કર્યો: 'બે હાથ ઊંચા.' પછી 'હતા . . . તેમ'

પછી 'કૂચકદમનો' હુકમ થયો. વ્યાયામશિક્ષકે પણ કદી આવા એક સામટા હુકમો કર્યા નહિ હોય. બારણાની તડમાંથી નાથાભાઇ વ્યાયામની આ મશ્કરી જોઇ દાંતિયાં કરી રહ્યો હતો!—પણ એનું અહીં શું ચાલવાનું હતું?

મને એકદમ ઉધરસ ચડી આવી. એક બે ખોંખારા ખાઇ મેં વખતસર દાબી દીધા.

'પાછે પાઉં, આધે પાઉં'ના હુકમો પછી એકાએક 'ઊંધે માથે ખડે પાઉં'નો હુકમ છૂટ્યો. વ્યા-

યામવિશારદને માટે પણ આ નવી જ જાતનો હુકમ હતો—અને હરગોવિંદ વ્યાયામમાં કેટલે સુધી વિશારદ હતો એ હું જાણતો હતો. દૂરથી કાને પડેલા બે ચાર હુકમના શબ્દોનો એણે અહીં ઉપયોગ કર્યો હતો. પણ મને થયું, એ ઉપયોગ એણે નાથાભાઇ પર કર્યો હોત તો કદાચ ખુદ હરગોવિંદના જ શરીર પર નાથાભાઇએ ક્વિક માર્ચ કરી હોત!'

હુકમ પૂરો ન સમજાયો, પણ 'ઊંધે માથે' એટલું બરાબર સમજાયું. ભોંય માથું અડકાડી બે હાથના ટેકા પર હું ઊંધે માથે થઇ ગયો.

બીજી પણ અનેક કસરતો અને આસનો કરવાં પડ્યાં. પણ હવે હસવું દાબી શકાતું નહોતું, તેથી વારે વારે ઉધરસ આવી જતી હતી.

'આટલી બધી ઉધરસ કેમ ખાય છે?'

વખતે હું પકડાઇ જાઉં એ બીકે મેં જવાબ દીધો: 'શરદી થઇ છે.'

હરગોવિંદ સજાગ બન્યો, તેની દૃષ્ટિ વધારે તીવ્ર બની; મન્ત્રોચ્ચાર કરી, એક પ્રબળ પ્રયત્ન કરી તેણે મને કહ્યું: 'હું કહું તે બોલ મારીથી–બોલ, મને શરદી નથી થઇ.'

આ વળી નવું નીકળ્યું! તેણે કહ્યું તેમ હું બોલ્યો.

'સરસ.' પછી બે હાથ ઘસી તેણે પૂછ્યું: 'કહે, હવે શરદી છે તને?'

મજાક જોવાનું મન થતાં મેં બોલી નાખ્યું: 'નથી.'

હરગોવિંદ ખુશ ખુશ. મંત્રોચ્ચાર કરી તેણે મારા કાન પાસે આવી તાળી પાડી. એકદમ હું ભાનમાં આવ્યો, અને આશ્ચર્યચકિત થઇ ચોતરફ જોઇ રહ્યો.

'કેમ દોસ્ત, કેમ આવેલો તું?' હરગોવિંદે પૂછ્યું.

'કંઇક કામે આવેલો, પણ શું કામે તે યાદ નથી.'

મારો જવાબ સાંભળી હરગોવિંદે મને વિદાય આપી.

બહાર આવતાં નાથાભાઇએ પહેલા શબ્દો સંભળાવ્યા: 'ગદ્ધો! હવે તો ખરેખરો ગધેડો જ બનવાનો છે. દોસ્ત, તેં ય ઠીક રંગ રાખ્યો આજે'.

'મને શરદી નથી થઇ એ કહેવડાવ્યું એ શું?' મેં કહ્યું.

'એની ચોપડીમાં હિપ્નૉટિઝમથી રોગ મટાડવાનું લખ્યું હશે. એ લોકો માને છે કે દરદીને રોગ છે જ નહિ એવું મનાવી શકવાથી રોગ નાબૂદ થઇ જાય છે. હવે એ તને ફરી શરદી વિષે કદાચ પૂછવા પણ આવશે. જોજે, જવાબ બરાબર દેજે.'

ખરેખર, એ રાતે હરગોવિંદ મારી ઓરડીએ આવ્યો, અને શરદી ઓછી થઇ છે કે નહિ તે વિષે ખબર કાઢી. સાથે તેણે ખુલાસો કર્યો કે સવારે તેણે મને શરદીથી હેરાન થતો જોએલો.

મેં હસતાં હસતાં કહ્યું: 'રે! એ તો ક્યારની યે મટી ગઇ! ખબર પણ ન પડે તેવી રીતે મટી ગઇ!'

મારા શબ્દોથી હરગોવિંદની આંખો ચમકી ઊઠી, ગર્વથી તેની છાતી ફૂલતી લાગી. આ ફતેહ કંઇ જેવી તેવી હતી?

'પૂરેપૂરી મટી ગઇ?'

'પૂરેપૂરી.'

વધારે બોલ્યા વગર હરગોવિંદ ચાલ્યો ગયો.

નાથાભાઇ આ સાંભળી બોલ્યો: 'હવે એની આત્મશ્રદ્ધા અનેકગણી વધી જશે. હવે ભાઇસાહેબ બીજાઓ પર આ અખતરો કર્યા વગર નહિ રહે.'

આવી ભયંકર રીતે હરગોવિંદનો ભ્રમ ભાંગશે એવું અમે નહોતું ધાર્યું. સેંકડો માણસ વચ્ચે એ ગધેડો બની નાચશે એવું અમે ઇચ્છ્યું પણ નહોતું.

થોડા દિવસ પછી જન્માષ્ટમીની રજાઓ પડવાની હતી; હરગોવિંદ ઘેર નહોતો જવાનો, હું પણ જઇ શકું તેમ નહોતું, એટલે રજાઓ અહીં જ કાઢવી પડશે એ ખ્યાલે હું જરા ઉદાસ થઇ ગયો હતો. એવામાં નાથાભાઇના પિતાનો કાગળ આવ્યો. નાથાભાઇના પિતા ગામના આગેવાન હતા, તેમના પ્રયાસથી ગામની કન્યાશાળા માટે સ્વતંત્ર મકાન બંધાવાયું હતું. તે મકાન ખુલ્લું મૂકવાની ક્રિયા પાંચમને દિવસે થવાની હતી એટલે નાથાભાઇને તેડાવ્યા હતા. નાથાભાઇએ મને ને હરગોવિંદને નિમંત્રણ આપ્યું. બંનેએ ખૂબ આનંદથી એ સ્વીકાર્યું.

નાથાભાઇને ગામ મોહનપુર અમે આવી પહોંચ્યા. મોહનપુર સ્ટેશનથી થોડેક દૂર છે. નાનકું ગામ, ખૂબ શાંત. ગામમાં પેસતાં જ દિવાલો પર અમે મોટાં પોસ્ટરો ચોડેલાં જોયાં–એ વાંચી હરગોવિંદની આંખો ચમકી પ્રખ્યાત હિપ્નૉટિસ્ટ હીરાલાલના અદ્ભુત હિપ્નૉટિઝમના પ્રયોગોનો જાહેર કાર્યક્રમ

પાંચમની રાતે થવાનો હતો. હું પણ એ જોવા થનથની ઊઠ્યો.

નાથાભાઈના પિતાએ પ્રો. હીરાલાલના પ્રયોગો વિષે ઘણું સાંભળેલું તેથી તેમને તેનું આકર્ષણ થએલું. તે ઉપરથી તેમણે જ જાતે જઈને તેમનો આ કાર્યક્રમ પાંચમની રાતે ગોઠવ્યો હતો એમ તેમણે અમને કહ્યું ત્યારે મને નવાઇ લાગી.

પાંચમ આવી. આખું ગામ ધજાતોરણોથી શણગારવામાં આવ્યું હતું. યોગ્ય સમયે શાળાને સારી રકમનું દાન કરનાર 'દાતા'ને હાથે મકાન ખુલ્લું મૂકાયું. પછી ગરીબગુરબાંઓને પતાસાં વહેંચવામાં આવ્યાં, ગામનાં બાળબાળિકાઓને મિષ્ટાન્નનું ભોજન આપવામાં આવ્યું.

રાતે આઠ વાગે પ્રો. હીરાલાલના પ્રયોગો થવાના હતા. બપોર પછી હું અને નાથાભાઇ ધૂનમાં વાતો કરતા ફરવા નીકળી પડ્યા—જાણી જોઇને અમે હરગોવિંદને સાથે નહોતો લીધો, કારણ કે રાતના પ્રયોગો વિષે જ ઘણુંખરૂં અમારી વાત જામવાનો સંભવ હતો, અને એ સાંભળવા હરગોવિંદ હાજર ન હોય એ જ ઠીક હતું.

અમે સ્ટેશનની વાટે ચાલ્યા. એક ગરનાળા આગળ જઇને બેઠા. અનેક વાતો પછી ગરનાળા આગળ પડેલા ઢગલામાંથી કાંકરા ઉપાડી સામેના તારના દોરડાપર તાકીને ફેંકવાની શરૂઆત થઇ ગઇ. કેમે નિશાન લાગે જ નહિ. અમે હઠે ચડ્યા. એક એક જણે સો સો પથરા ફેંક્યા હશે. છેવટે નાથાભાઇના પથરાએ તારનું દોરડું ઝણઝણાવ્યું. પછી હું કેમ રહું? મોડું થતું જતું હતું, અંધાઇ થવાને વાર નહોતી, પણ આવી હાર કેમ ખમાય? છેવટે, મારો કાંકરો દોરડાને અડ્યો ત્યારે નિશાળની ઘડીઆળમાં આઠના ટકોરા થયા હશે.

ઝડપથી અમે ગામ ભણી ચાલ્યા. ઘેર જઇ કપડાં બદલી સીધા શાળાના મકાનમાં જ્યાં પ્રયોગો થવાના હતા ત્યાં ગયા. અમે નાથાભાઈના પિતાની બાજુમાં આગલી હારમાં બેસી ગયા. આમતેમ નજર કરી પણ હરગોવિંદ દેખાયો નહિ.

પ્રયોગો પહેલાં ગામની બાળાઓના ગરબા થવાના હતા; તે પૂરા થવાની તૈયારીમાં હતા. તાળીઓના ગડગડાટ વચ્ચે નાથાભાઇના પિતાએ અમને કહ્યું: 'કોઇને એ વિષે કહેશો નહિ.'

'શું?' અમે બંને નવાઇ પામ્યા.

'તમારી આગળ હવે છુપાવવાની જરૂર નથી. પણ કોઇ બીજાને કાને વાત ન જાય. હરગોવિંદે આજે ખરેખરી મારી લાજ રાખી છે કહું તો ચાલે.'

મેં ફાટી આંખે નાથાભાઇ સામે જોયું—નાથાભાઇએ તેવી રીતે મારી સામે જોયું.

તેના પિતાએ કહ્યું: 'ખૂબ હોશિયાર ને સમજુ છોકરો છે. પ્રો. હીરાલાલનો છેલ્લી ઘડીએ સંદેશો આવ્યો કે અચાનક રોકાણ થવાથી રોકાઈ ગયો છું; વખતસર નહિ અવાય, એટલે પ્રોગ્રામ બીજે દિવસે રાખશો. પણ નક્કી કરેલો કાર્યક્રમ ફેરવવાનું મુશ્કેલ અને મશ્કરી જેવું હતું. પ્રોફેસર મોડા આવશે તો બીજે દિવસે ફરી પ્રોગ્રામ થશે પણ આજે શું કરવું? તેવે વખતે મારી મૂંઝવણ તમારા મિત્રે રાખી. તેણે કહ્યું, મને હિપ્નોટિઝમની થોડી બક્ષિસ છે, આજનો ભાર મારે માથે. હજી લોકો નથી જાણતા કે પ્રોફેસર નથી આવ્યા, એટલે હરગોવિંદ પ્રોફેસરને નામે ખેલ કરી જશે.'

હું આભો બની ગયો. નાથાભાઇ ગભરાતા અવાજે બોલ્યા, 'પણ બાપા—'

'શ......!' તેના પિતાએ ઇશારો કરી તેનું સામે રંગમંચ તરફ ધ્યાન ખેંચ્યું.

પડદા પાછળથી કાળા કોટપાટલૂનમાં સજ્જ, એક અતિસ્થૂલ આકાર પ્રવેશ્યો. માથે લાંબા કાળા વાળનાં ઓળિયાં, પ્રતાપ કે પૃથ્વીરાજની સરસાઇ કરે તેવી વાંકડી મૂછો, હાથમાં પાતળી નેતરની સોટી, ધીમી ગર્વિષ્ઠ ચાલ. રૂઆબદાર મૂર્તિ જોઇ સૌને સમજતાં વાર ન લાગી કે આ જ પ્રોફેસર હીરાલાલ છે.

નાથાભાઇના પિતાએ ધીરેથી અમને કહ્યું: 'આ કાળો કોટ છે તે મોટો છે. ને પાટલૂન નરોત્તમના છોકરાનું છે. પાટલૂનની અંદર છ સાત ગાલમશૂરિયાં ઘાલ્યાં છે, ને કોટ! ચાર તો ઓશીકાં અંદર બાંધ્યાં છે. ગરમીથી બફાઇ જતો હશે, હું હોડ બકી કહું છું!'

ખરૂં હતું. મોઢે પરસેવો વળ્યો હતો તે તેણે હાથમાંના રૂમાલ વડે લૂછ્યો; પણ રૂમાલ પાછો મૂકવા ગજવાં શોધ્યાં તે જડ્યાં નહિ તેથી રૂમાલ હાથમાં ને હાથમાં રાખ્યો.



હરગોવિંદે અપૂર્વ તગાશો કર્યો. ખુરશી ઉથલી પડી ને ઝુલ્ફાં આઘાં જઇ પડ્યાં.

તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રોફેસર મંચ વચમાં આવી ઊભા.

'ગધ્ધો! બેવકૂફ!' નાથાભાઇ બબડ્યા.

મંચ પર આવી ઊભતાં હરગોવિંદને ઉધરસ આવવી શરૂ થઇ. તે કંઇ બોલવા જતો હતો, પણ શબ્દો નહિ જડવાથી ઉધરસ આવી હશે.

હજી મને થતું હતું કે આ હરગોવિંદ ન હોય તો સારૂં. પણ, એણે બોલવા માંડ્યું: 'બાનુઓ ને સદ્ગૃહસ્થો. . .' હાય! એ જ, હરગોવિંદ!

આગળ શબ્દો ગુમ! ઉધરસનું એક નાનકડું ગોળું આવી સગી ગયું. ફરી સંબોધન: 'બાનુઓ ને સદ્ગૃહસ્થો!'

'એ તો અમે છીએ જ! આગળ શું?' કોઇક બોલ્યું.

ઉખડી ન જાય એવી રીતે હળવેથી મૂછોને વળ દઇ હરગોવિંદ બોલ્યો: 'બાનુઓ ને સદ્ગૃહસ્થો!' એક ઉધરસના આંચકા સાથે એણે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. 'છે કોઇ હિંમતવાળો જવાન—હિપ્નોટાઇઝ્ડ થવાને તૈયાર? હોય તે આવે આગળ!' દમામથી સોટી ઉગામી તેણે બોલી નાખ્યું.

શાંતિ! કોઇ ઊઠયું નહિ. નાથાભાઇ સાથે નજરથી વાત કરી હું ઊભો થયો, ને મંચ પર જઇ ઊભો.

'વાહ!' હરગોવિંદ બોલ્યો: 'એક બહાદર જવાન નીકળ્યો ખરો!' તેણે એક ખુરશી ખસેડી મને તેમાં બેસાડ્યો.

'મૂર્ખ!' બડબડી હું બેઠો.

'બાનુઓ ને સદ્ગૃહસ્થો! હવે હું આ જવાનને પરવશ બનાવી દઉં છું.'

'તું શું બનાવવાનો હતો, ચક્કર!' હું મનમાં ગણગણ્યો.

લાકડી બગલમાં મારી તેણે મારી સામે તાકવાનું શરૂ કર્યું. હાથના એ ચાળા, એ મંત્રોચ્ચાર. હું ઊંચોનીચો થયો, એક બે લગાવી દઉં એમ થયું, થયું કે હમણાં એની મૂછો ખેંચી કાઢું.

'સ્થિર બેસો' તેણે હુકમ કર્યો. હું બેઠો.

'હવે જવાન મૂર્છામાં છે,' હરગોવિંદે જાહેર કર્યું.

'સભા જે ફરમાવે તે કામ હવે હું એની પાસે કરાવી શકાશ. બોલો.'

'ઊઠબેસ કરાવો.' એક અવાજ આવ્યો.

હરગોવિંદે મારી પાસે ચારપાંચ ઊઠબેસ કરાવી.

'કાનબુટ્ટી પકડાવો.' મેં કાનબુટ્ટી પકડી.

'કૂદાવો.'

મારે કૂદવું પડ્યું. નાચવું પડ્યું, કવિતા યે ગાવી પડી. મેં કવાયત કરી અને ઊંધે માથે ઊભો રહ્યો, ત્યારે જે તાળીઓ પડી છે એટલી કદાચ હું સો રનની બાઉન્ડરી મારું તો યે ન પડે. થાકથી હું લોથપોથ થઇ ગયો. શરીરે પરસેવો વળી ગયો.

'એને—'

નવી સૂચના છૂટતી હતી, ત્યાં હરગોવિંદે દયા કરી કહ્યું, 'હવે એને હું ભાનમાં લાવું છું.'

ડાબા કાન આગળ તાળી પડી અને 'ગધ્ધા! મૂઓ સમજજે!' ના મંદ ઉચ્ચાર સાથે હું ભાનમાં આવ્યો.

'બીજો કોઇ?' હરગોવિંદે ઘોષણા કરી.

મેં નાથાભાઇને કહ્યું: 'એની આબરૂ રાખવા જતાં, હું તો અરધો થઇ ગયો. હવે તું જા, ને ચોરી નાખ પડદો!'

એવામાં એક અજાણ્યા પુરુષે અંદર પ્રવેશ કર્યો. શ્વેત ખાદીનો ઝભ્ભો ને ધોતિયું, માથે ખાદીની ટોપી. થોડીવાર આમતેમ જોઇ પોતાની બેઠક શોધી લે તે પહેલાં અવાજ આવ્યો: 'છે હવે કોઇ હિપ્નૉટાઇઝ્ડ થવા તૈયાર?'

'કોઇ નથી ઊઠતું?' આવનારે પૂછ્યું.

'હિંમત હોય તો આવો'. હરગોવિંદે નિમંત્રણ આપ્યું.

આગંતુકની તૈયારીને શ્રોતાવર્ગે તાળીઓથી વધાવી લીધી. હરગોવિંદે એને ખુરશીમાં બેસાડ્યો ને એની સામે આંખ માંડી હાથ હલાવવા માંડ્યા, મંત્રોચ્ચાર કરવા માંડ્યો. અમને થયું, હવે એનો ભરમ ભાંગી જશે, એ ગધેડો ઠરશે.

પણ થોડી પળમાં એના હોઠ ફફડતા રહી ગયા, બગલમાંથી લાકડી સરી પડી, અને હાથ ધીમેધીમે પાછા ખેંચાઇ શરીર સાથે જડાઇ ગયા. બેઠેલો પુરુષ હવે ઊભો થયો અને તાકીને હરગોવિંદની સામે જોઈ રહ્યો. હરગોવિંદ કંપી ઊઠી બે ડગલાં પાછા હઠ્યો.

ગમત શરૂ થઈ. મારા કરતાં હરગોવિંદની દશા ભૂંડી થઇ.

લોકો નવાઇ પામ્યા. થોડી પળોમાં જણાયું, કે 'પ્રોફેસર' પોતે મૂર્છામાં પડી ગયા હતા!

સદ્ભાગ્યે હરગોવિંદને કશું યાદ નથી, પણ એણે એ દિવસે જે તમાશો કર્યો તે અપૂર્વ હતો. એકદમ ચાર ડગલાં પાછળ હઠી જઇ તેણે ઠેકડો માર્યો. એક ખુરશી ઊથલી પડી, ને સાથે એના માથા પરનાં ઝુલફાં ઊડી આઘાં જઇ પડ્યાં, મૂછો ઊંચી ચડી ગઇ.

લોકો ઘડી પહેલાંની ટેવ પર ચડી ગયા. બૂમો પાડવા માંડી: 'રીંછનો નાચ નચાવો. વાંદરા પેઠે કૂદાવો'.

નાથાભાઇ પણ ઉશ્કેરાટમાં બોલી ઊઠ્યો: 'ગધેડાની પેઠે ભુંકાવો!'.

મંચ ઉપર કુદાકુદ થઇ રહી. દારૂ પીધેલ ઊંદરડો દોડાદોડ કરે તેમ હરગોવિંદે દોડ્યા કર્યું, નીચા નમીને માથું ધુણાવ્યું, ટાંટિયા ઊંચાનીચા કર્યા. કોટનાં બે બટન તૂટી ગયાં. એક ગાલમશૂરિયું તો છેક પાટલૂ.માં પગની પાની સુધી ઊતરી આવ્યું હતું.

'બસ!'

તાળીઓના ગડગડાટ વચ્ચે આ માજી 'પ્રોફેસર' ઊભો રહ્યો.

'બસ જા'.

ધબ દઇ હરગોવિંદ નીચે બેસી ગયો. આગંતુકે લોકો સામે ફરી પછી બોલવા માંડ્યું. અમને થયું, હમણાં હરગોવિંદને ઊધડો લઇ નાખશે, પણ એણે એવું ન કર્યું. એ બોલ્યો: 'હું પ્રોફેસર હીરાલાલ છું'.

'હાશ!' કરી મેં નાથાભાઇનો હાથ દાબ્યો.

કલાકેક પછી હરગોવિંદ ભાનમાં આવ્યો ત્યારે અમે સૌ નાથાભાઇને ઘેર હતા.

પ્રોફેસરે પૂછ્યું: 'ખરેખર તું કોઇને હિપ્નૉટાઇઝ્ડ કરી શકે છે?'

'હા, હા. પૂછી જુઓ આમને' હરગોવિંદે બેધડક જવાબ દીધો.

'નહિ રે નહિ!' હસીને નાથાભાઇએ કહ્યું, 'અમે તો પૂરા ભાનમાં હતા. માત્ર તને મૂરખ બનાવવા વાસ્તે તું કહે તેમ કર્યા કરતા હતા—તને ગધેડો બનાવવા.'

'હેં! તો શું તમે બધું જાણતા હતા?' નિરાશ સ્વરે હરગોવિંદે કહ્યું.

'જી હા!' સૌ ખડખડાટ હસી પડ્યા.

'બધું' એટલે હરગોવિંદ શું સમજ્યો હશે?

રમણલાલ સોની



વિશ્વામિત્ર અને દશરથ

રાક્ષસોના વિક્ષેપ સામે પોતાના યજ્ઞના રક્ષણ અર્થે વિશ્વામિત્રે દશરથ પાસે તેના યુવાન કુમારો રામ અને લક્ષ્મણની માગણી કરી

सुनी राजा अति अप्रिय बानी
हृदय दुःख मुखद्युति कुमलानी


ચિત્રકાર • કનુ દેસાઈ



ફોટો · શ્રી ભારદ્વાજ

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

વનવગડાનાં વાસી



ગુજરાતમાં થતો ચિલોત્રો

પત્નીપરાયણ ચિલોત્રો

આ એક એવા વિચિત્ર વનવાસીની વાત છે કે જેની પત્નીપરાયણતાનો જોટો જગમાં જડવો મુશ્કેલ છે.

પંખીમાત્રના ગૃહસ્થાશ્રમ નિહાળો. અવસર આવે નરપંખી સંવનન કરતો દેખાય છે. એથી ગર્ભાધાન પણ થવાનું જ. પણ એટલેથી ખલાસ. નરની જવાબદારી ત્યાં પૂરી થઈ ગઈ દેખાય છે. કોઈ વ્હાલસોયાની મમતા, માળો બાંધવાની, ઈંડાં સેવવાની કે ઊછરતાં બચ્ચાંને ચણ લાવી આપવાની હદે પણ પહોંચે છે; પરંતુ ઘણુંખરું તો અશેષ નરપંખી, સંતાનોત્પત્તિ પછીનો તમામ વ્યવસાય-ભાર માદાને માથે ઓઢાડીને જાતે સ્વચ્છંદ બની મહાલતા દેખાય છે. એવી બીનજવાબદારીનો કોઈ અપવાદ હોય તો કેવળ એક જ પંખીજન, જેની આ મનોરમ જીવનકથા છે. માદાની હારોહાર, પરિવારના પોષણનો બોજો જતનપૂર્વક ઉપાડનાર; અરે ખુદ માદાની પણ સેવામાં પ્રત્યેક ક્ષણ ઊભે પગે રહી જાત ગાળી નાખનાર કો વિરલ પંખી હોય તો આ એકલો જ.

ગ્રીષ્મનો આરંભ એ એનો ગર્ભાધાન-કાળ. એવે વખતે સંવનનની તાલાવેલી અનુભવતાં જ, પક્ષિસમાજની કુલરીતિને અનુસરી એ સુમધુર ગાનકૂજન તથા લોકોત્તર હાવભાવથી માદાને રીઝવી વશ કરી ઘરસંસાર આરંભે છે. યોગ્ય કાળે માદા ઈંડાં મૂકવા તૈયાર થાય એટલે કોઈ સઘન વૃક્ષરાજીની વચ્ચે એકાદ ઉત્તુંગ શીમળાની વિશાળ કાંધમાં મોટા દર જેવું ઊંડું કોતર એ શોધી કાઢે છે. એને તળિયે, પહેલું એક, પછી બીજું, એમ ક્રમે ક્રમે પૂરાં ચાર ઈંડાં મૂકી રહે, એટલે માદાને હળવે હાથે એ દરમાં ધક્કેલી દે છે. માદા પણ રજ આનાકાની સિવાય ઈંડાં સેવવામાં જેવી પ્રવૃત્ત બને છે કે તરત નર એ દરનું મોં પૂરવા માંડે છે. ઢોરનું છાણું ઘોડાંગધેડાંની લાદ કે કાદવકીચડ આણી આણી કોતરની ધાર પર લાદે છે. જેમ ચોમેરથી દર પૂરાતું જાય છે એમ માદા પણ અંદર ઢંકાતી જાય છે. છેવટે ચાંચ જાય એટલું છિદ્ર બાકી રહે એટલે એ પૂરવાનું કામ બંધ કરે છે અને માદાના ભરણપોષણનો વ્યવસાય આરંભે છે. એ રહ્યો ફલાહારી, એટલે બીજાં પંખીને પડખે એને આહારોપાદાનની બારે મુશ્કેલી નડે છે; છતાં આસપાસ ન મળે તો દૂરદૂરથી પણ શોધી લાવીને એને પેલા અંધાર કૂવામાં દટાએલી ગૃહિણીને ખવડાવવું પડવાનું જ. ખાનાર પણ કેટલાં? એક તો એ પંડે. બીજી માદા. વધારામાં જેમ જેમ બચ્ચાં ઈંડાંમાંથી નીકળતાં જાય તેમ તેમ એમનાં મોં પણ વધે જ. તો પણ આ અભિજાત પંખી નથી ગભરાતો કે નથી થાકતો. ગળાની બખોલમાં[1] સમાય એટલો ફલાહાર ભરી લાવીને એ માદાને ખવડાવે છે. એ પણ કેટલા જતનથી! દરની અડોઅડ, થડની છાલમાં પગ ભરાવીને માળા સામું મોં કરી એ બેસે છે અને માળાના છિદ્રમાં ચાંચ પરોવે છે. અંદર માદા પણ મોં પહોળું કરીને તૈયાર બેઠી જ હોય છે. એટલે એના ગુફા જેવા મોંમાં ચાંચ ઘાલી, ગળામાં સંઘરેલો ખોરાક જેમ જેમ નર ઓકી કાઢતો જાય છે તેમ તેમ માદા એ આરોગતી જાય છે અને બચ્ચાં થયાં હોય તો વચ્ચે વચ્ચે એમને પણ આપતી જાય

---

1 પંખીના ગળામાં, ખોરાકનો સંગ્રહ કરી શકાય એવો એક ખાડો કે કોથળી હોય છે. એનું નામ crop. એને આપણે ગલકૂપ એવું નામ આપી શકીએ.



ગુજરાતણ ચિલોત્રી—વતન : આબુ

ફોટો · વનેચર

છે. નર એકે તે પણ એકાદ બે વાર નહિ પરંતુ પાંચ સાત વાર, ક્વચિત્ તો પચીસ પચાસ વાર પણ: એટલો ખોરાક એ એકીવખતે ગલકૂપમાં ભરીને લાવે છે. આવો એનો ક્રમ આખો દિવસ ચાલ્યા જ કરે છે. નથી એ ફળ વીણતાં કંટાળતો કે નથી એ ફેરા ખાતાં થાકતો. માદા અને બચ્ચાંના પોષણના પરિશ્રમથી એની કાયા અરધી થઇ જાય છે. બહુ દિવસને અંતે ઇંડાંમાંથી બધાં ય બચ્ચાં બહાર નીકળીને ઊડવા લાયક થાય એટલે દરનો દરવાજો ચાંચથી તોડી પાડી, બે મહિનાનું કેદખાનું ભોગવી દૂબળી નમાલી બની ગએલી માદા એ જનાનખાનાનો ત્યાગ કરે છે અને સાથેસાથે નરની તપશ્ચર્યાનો પણ અંત આવે છે. *

આ પક્ષી તે ચિલોત્રો. જેવું એનું વ્રત અદ્ભુત છે, એટલો જ વિલક્ષણ એનો દેખાવ છે. એનાં રૂપરંગ અને બાંધણી તો અન્યાન્ય પંખીઓની હોય છે તેવી, માત્ર સાધારણ ફેરવાળી અને જરા કુરૂપ હોય છે; પરંતુ એની ખરી વિચિત્રતા તો છે એની ચાંચમાં. પંખીમાત્રની ચાંચના અનેકવિધ ઉપયોગ થતા જોવામાં આવે છે. ચાંચથી પ્રધાનપણે તો આહાર પકડાય, કે કપાય, તોડાય ભંગાય. બનાજું. એનાથી ઝાડ કે જમીનમાં દર પણ ખોદી કઢાય. વળી, માળો બાંધવાની સાધન સામગ્રી એકઠી પણ એનાથી કરાય, તેમ માળો ચે એની મદદથી જ ગૂંથી શકાય. છેવટે આતતાયી સાથે લડવા ઝગડવામાં અને આત્મરક્ષાના સબળ શસ્ત્ર તરીકે પણ એનો ઉપયોગ થઇ શકે. અર્થાત્ જેવો પંખીનો જીવનસંગ્રામ, એવા જ અનુકૂળ ફેરફારવાળી વિશિષ્ટ ચાંચ એને મળી હોય છે. આમાં પ્રકૃતિના સ્વૈરાચાર જનિત અપવાદ હોય તો કતિપય જ. આપણે ત્યાં આવી જાતના, આંખમાં ખૂંચે એવા અપવાદ તો માત્ર બે જાતનાં જ પંખીઓમાં જોવામાં આવે છે. એક નકટો અને બીજો ચિલોત્રો. નકટાની ચાંચ ઉપર, ચાંચના મૂળમાં, ઊભી ગોળ ચપટી જેવી એક ચપટી માંસગ્રન્થિ[૨] ઊગે છે, જે માત્ર નર પંખીમાં જ જોવામાં આવે છે. ચિલોત્રાની ચાંચ લાંબી, કઠોર અને પહોળી તથા જાડી છે; એ ઉપરાંત ચાંચના ઉપલા પાંખિયાની ઉપરની ધાર ઉપર આડો પડેલો, અને કેટલાક ચિલોત્રામાં તો લગભગ ચાંચ જેટલો જ લાંબો, એક મોટો અસ્થિબંધ[૩] નર માદા ઉભયમાં નજરે પડે છે. જાણે ચાંચ ઉપર ઊગેલી બીજી ચાંચ[૪] જ! ચિલોત્રા જાતે છે વ્યાત્તાતન (પહોળી મોંફાડવાળું) પંખી. એમાં ય આવી મોટી ચાંચ; એટલે મોંમાં ક્રિકેટ કે ટેનીસનો દડો સમાવી દેવાનું એને મન રમત વાત છે! આવી ચાંચ ન જોવામાં આવતી હોય તો મલબાર અને સીલોનમાં વસતા બે વિશિષ્ટ જાતના ચિલોત્રામાં જ. વળી અપક્વ વયના બાલચિલોત્રામાં પણ આવા અસ્થિબંધનો અભાવ હોય છે. અન્ય કોઈ પણ ઉપયોગ માટે નિરર્થક જણાતાં, કેવળ શોભાના ગાંઠિયા જેવાં આ ચિહ્ન, પ્રકૃતિએ શા હેતુભાવથી ઘડ્યાં

* કુમાર અંક ૧૮૪ના છેલ્લે પાને છાપેલું ચિત્ર આવા ચિલોત્રાનું જ છે. એને 'લુહાર'(?) કહેવો એ સાચું નથી.

૨ Comb: ગોળ કાંસકી જેવી માંસગ્રન્થિ.

૩ Casque. આવી ઉપચંચુ કે ખોટી ચાંચને લીધે જ એનું શાસ્ત્રીય નામ Birostris (બેવડી ચાંચવાળો) પડ્યું છે.

હશે, એ તો કોણ કહી શકે? પૂર્વયુગોની ઘસાઇ ભૂંસાઇ ગએલી કોઈક ઉપયુક્તતાનું સ્મૃતિચિહ્ન તો વખતે આ નહિ હોય?

આ બે ચિહ્નને અનુલક્ષીને જ નકટાનું નકટો[5] અને ચિલોત્રાનું Hornbill એવાં સૂચક નામ પડ્યાં છે.



વિલિયમ, એની ગૃહિણી, બાળગોપાળ અને ઘર

લાકડાનું થડ કોચીને અંદર બીજા માળામાંથી તફડાવેલાં માદા બચ્ચાં દાખલ કરી, બહાર વિલિયમને બેસાડી દીધો છે! આમ બધું ય બનાવટી છે, છતા આ ચિત્ર ચિલોત્રાના વિચિત્ર જીવનનો આબેહુબ ખ્યાલ આપવા પૂરતું છે

ભારતવર્ષમાં ચિલોત્રાની પંદરેક જાતો થાય છે. એ બધાંય પંખી ગીચ ઝાડીમાં કેવળ ઘટાનાં વસનારાં છે: માત્ર એક જ જાત એવી છે કે જે બાગબગીચા અને વાડીઓમાં રહેતી ભમતી દેખાય છે.

તમામ ચિલોત્રામાં સૌથી મોટો વિશાળકાય ચિલોત્રો તે Great Hornbill[6]. એની કાયા પૂરા સાડાચાર ફૂટની! (માદા નરથી સહેજ નાની હોય છે). એની ચાંચ દસઅગીઆર આંગળ લાંબી, પૂછડી હાથભરની અને પાંખોનો વિસ્તાર સાડા પાંચ ફૂટ જેટલો હોય છે! આ પંખીનું સ્થાયી નિવાસસ્થાન તો છે માત્ર હિમાલયની તળેટીઓ, તથા આસામનાં અને સહ્યાદ્રિની વિશાળ ગિરિમાલાનાં ગાઢ જંગલો.

આવો એક ચિલોત્રો ઘણાં વર્ષ સુધી મુંબાઇની નૅચરલ હીસ્ટરી સોસાયેટીની કચેરીમાં રહેતો હતો. એનું નામ વિલિયમ. એ સને ૧૮૯૪માં આવ્યો અને ૧૯૨૦માં અકસ્માતથી ન મરી ગયો હોત તો આજે પણ એ સોસાયેટીમાં આવનારનું મનરંજન કરતો હોત. એની ચિરકાળની માયાની સ્મૃતિમાં, એના ચામડાને મઢીને સુવ્યવસ્થિત રૂપે પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં રાખેલું આજે નજરે પડે છે.

પણ આપણે ત્યાં થાય છે એ ચિલોત્રો તો ભાગ્યે જ બે ફૂટનો હશે. એનું નામ Common Grey Hornbill.[7] આરાવળ પ્રદેશમાં આબુ અને ઈડરની તળેટીઓ તથા ગીર,[8] રાજપીપળા અને દોહદની વિસ્તીર્ણ વનસ્થલીઓ એનાં પ્રિય સ્થાન છે, છતાં વડોદરા અને ચરોતરની અમરાઇઓમાં પણ એ અજાણ્યો નથી. અમદાવાદની આસપાસ પણ એને ઘણાએ જોયો છે; જો કે અહીં મને એનો પરિચય થયો નથી. મારી પાસે એક ચિલોત્રો હતો તે આબુનો વતની હતો.

આ ચિલોત્રાનું સમગ્ર શરીર મેલા ભૂખરા રંગનું હોય છે. હેઠળનો ભાગ જરા ધોળાશપડતો લાગે છે. એની પાંખો નાની. પૂછડી પંખા જેવા આકારની; વચલાં પીંછાં લાંબાં; એની બે બાજુનાં ઊતરતા ક્રમે ટૂંકાં. પૂછડીની લંબાઈ પૂરી એક ફૂટ. ચાંચ ૪"; રંગે શીંગડા જેવી; એની ઉપરનો અસ્થિખંડ કે ખોટી ચાંચ ૧॥"; એનો રંગ પણ ચાંચ જેવો, મેલો-કાળો. એ ખોટી ચાંચ ચપટી, બેઠા ઘાટની અને આગળન

---

૫ Nukta; હંસની કે બતકની જાતના આ પંખીનું નામ Black-backed hoose છે. ચંડોળામાં અવાર નવાર જોવામાં આવે છે.

૬ Dichoceros cavatus.

૭ Ocyceros Birostris

૮ લાઠી સાહિત્ય પરિષદ વખતે ત્યાંના પ્રદર્શનમાં, શ્રી રઘુનાથ કદમે જે ચિલોત્રાનું મઢેલું ચામડું મૂક્યુ હતું તે પંખી આ પ્રદેશનું જ હતું.

છેડે ખૂણા પડતી. એનો પાછળનો છેડો કપાળ પરના વાળમાં ઢંકાએલો. માદાની ખોટી ચાંચ વધારે બેઠા ઘાટની, ખૂબ ચપટી અને આગલા છેડે સાવ બૂઠી હોય છે. બંનેની આંખો નારંગી રંગની અને પગ સીસા જેવા મેલા કાળા રંગના હોય છે.

આ ચિલોત્રો આપણે ત્યાં બારે માસ રહે છે. એને અતિશય ગાઢ જંગલમાં રહેવું ફાવતું નથી. ઉપર વર્ણવ્યું તેમ એ પત્નીપરાયણ છે, છતાં ક્વચિત્ એ નાનાં મોટાં ટોળે વળીને ફરતો પણ દેખાય છે. એનાં આવાં ટોળાં મારા મિત્ર ભાઇ રામપ્રસાદ શુક્લે અનેક વખત ઇડર સ્ટેશન પાસે રેલવેના તાર ઉપર બેઠેલાં નવેમ્બર લગભગમાં જોયાં છે.

સ્વભાવે જ ગાઢ ઘટાનો વસનારો ચિલોત્રો પવનવેગી તો ન જ ગણાય. એ ઊડે ત્યારે ખૂબ પ્રયત્ન પૂર્વક, છતાં એટલી નિઃશબ્દતાથી કે આપણી પાસે થઇને નીકળે તો ય એની પાંખેનો ફફડાટ આપણા કાને ન પડે. એની આવી નીરવતા તથા રંગવિહોણી કાયાને લીધે ગાઢ જંગલનાં આછાં અજવાળાંમાં એને ઊડતો જોવો, ઓળખવો કે શોધવો અતિ દુષ્કર બને છે. એ જ કારણને લીધે એના માળા શોધી કાઢતાં પણ નવ નેજા પાણી ઊતરે છે.

અન્ય ચિલોત્રાની પેઠે આ ગૂજરાતી ચિલોત્રો પણ ફલાહારી છે. જાંબુ, વડ પીપળાનાં ભૂનાં, કાચી ખારેક વગેરે તાજાં ફળનું એ ભોજન કરે છે, છતાં ક્વચિત્ શોખની ખાતર મધમાખ વગેરે જંતુઓ પણ આરોગી જાય છે.

સ્વભાવે અત્યંત શાંત અને નિરુપદ્રવી આ પંખી મનુષ્યની ક્રૂર સ્વાર્થદષ્ટિથી વિમુક્ત રહી શકયું નથી, એ અત્યંત ખેદની વાત છે. કારણ ચિલોત્રાનાં તાજાં સૂકાં માંસ લોહીમાં સ્ત્રીઓના ભયંકર સુવારોગને મટાડવાનો ચમત્કારી ગુણ હોવાની દઢ માન્યતા આપણે ત્યાં પ્રવર્તતી હોવાને લીધે, એ નિર્દોષ સુકુમાર પંખીનો અબાધિત વધ થઇ રહ્યો છે. એના સજીવ શરીર કરતાં, એનાં સૂકાં ચામમાંસની કિંમત ભારોભાર સોના જેટલી મનાય છે. એના આવા ગુણની વાત મેં અભણ બૈરાં, કોળી વાઘરી તેમ કેટલાક અંગ્રેજોના મોંએ પણ સાંભળી છે.

દુનિયા દૂરની અને નજીકની



આલબેનિયા હજમ

યુરોપના નકશા પર જલદી નજરે પણ ન પડતું આલબેનિયા છતી લઇને એ નાનકડા દેશને ઇટલીએ જગતના રાજકારણમાં તરતો બનાવ્યો છે. કલકત્તા જેટલી જ કુલ વસતિ ધરાવતા હોવા છતાં એ દેશમાં કદી શાંતિ સ્થાયી બની નહોતી. બાલ્કન યુદ્ધો ખતી આસ્ટ્રિયાના હેપ્સબર્ગ વંશનું પ્રભુત્વ તેણે સ્વીકારેલું પણ ૧૯૨૧માં પોતાને સ્વતંત્ર જાહેર કરી અહમદ ઝોગુને પોતાનો પ્રમુખ અને પછી રાજા નીમ્યો. ઇટલીએ આલબેનિયાની ભૂમિ પર પગ મૂકતાં જ એ રાજા પોતાના કુટુંબકબીલા સાથે નાસી છૂટ્યો છે ને ત્યાંના લોકોએ સ્વહસ્તે ત્યાંનો તાજ ઇટલીના વિક્ટર ઇમાનુએલને માથે ધરાવ્યો છે. પેટ્રોલ અને તાંબાથી સમૃદ્ધ એ દેશ ઇટલીની આંખમાં વરસોથી વસી ગયો હતો ને ગયા મહાયુદ્ધમાં તો ઇટાલિયન સેનાપતિ ફેરેરોએ એને કબજે પણ કરી લીધેલો, પરંતુ પ્રેસિડન્ટ વિલ્સનના દબાણથી એ કબજો એને જતો કરવો પડેલો. છતાં સાનસેનો ટાપુ તો એણે પચાવ્યું.

આડ્રિયાટિક સમુદ્રને ઇટલીનું સરોવર બનાવી દેવાની ઇટાલિયન પત્રોની ઝુંબેશ નવી નથી. પરંતુ ઇંગ્લંડ અને યુગોસ્લાવિયાનો વિરોધ એ મુરાદ બર લાવવા દેતો નહોતો. મુસૉલિનીએ હિટલરથી ભાઇબંધી બાંધતાં જ એ સઘળો વિરોધ શમી ગયો. મ્યુનિકના કરારોએ ઇંગ્લંડની કેવી હાંસી કરાવી એ જગજાહેર છે. ને હિટલરની પેશકદમીએ મધ્ય યુરોપનાં નાનાં રાજ્યોમાં ભયનું એવું તો વાતાવરણ ફેલાવી દીધું છે કે ઇટલીના એ દાવ સામે બે શબ્દ સરખા બોલવાની પણ કોઇ રાષ્ટ્રે હિંમત નથી કરી. ઇંગ્લંડના વડા પ્રધાન ચેમ્બરલેને યે જાહેર કરી દીધું કે આલબેનિયા સાથે ઇંગ્લંડના કોઇ હકો સીધી રીતે સંકળાએલા નથી. ગયે વખતે સર્બિયામાં પોતાના કશા હકો ન સંકળાયા હોવા છતાં યુદ્ધમાં ઝુકાવી દેનાર બ્રિટનની આ જાહેરાત તેનો ન્યાયનો દંભ ખુલ્લો પાડે છે.

અને આલબેનિયા પરત્વે વિમુખ રહી બ્રિટને બાલ્કનમાંની ઓટ્રાન્ટો નહેર અને ડોડીકેનીસનું મથક ઇટલીના હાથમાં આપી તેનો ને ફ્રાન્સનો પૂર્વનો વ્યવહારમાર્ગ જોખમાવ્યો છે.

નવી નજરે

સમાજહિતની કોઇ અદષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે ગમ્મત મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ,—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

માણસની ખેલદિલી જેમજેમ વિકાસ પામતી જાય તેમતેમ જીવનનાં બધાં ક્ષેત્રોમાં ખુલ્લી બાજીની રમત તેને વધુ આકર્ષક લાગવા માંડે છે. ગાંધીજીએ પણ એક વાર એવો મત આપેલો કે વ્યક્તિનું ખાનગી કે જાહેર જીવનને લગતું એવું કોઇ પણ કામ ન હોવું જોઇએ કે જે તે બીજાઓ સમક્ષ ખુલ્લું ન કરી શકે. અને જોકે વ્યક્તિગત બાબતોમાં તેઓ આ મતને વળગી રહી શકે છે, પણ રાજકારણમાં ખાનગી મંત્રણાઓથી તેઓ પણ સાવ અળગા રહી શકતા નથી. કેમકે આલમભરના ખટપટી લોકો જે ક્ષેત્રમાં પડ્યા હોય તેમાં ખુલ્લી રમત રમવા ઇચ્છનારા રડ્યાખડ્યા પુરુષોને વસમું પડી જાય તેમ છે.

અને છતાં યે જાહેર બાબતોમાંથી ભેદનું તત્ત્વ જેટલું બને તેટલું નાબૂદ કરવાના અખતરા કોઇ કોઇ વીર પુરુષોને હાથે હરહમેશ થતા જ રહે છે. આવા એક અખતરાની જાહેરાત અપ્ટન સિંકલેરે પાંચેક વર્ષ પહેલાં કરેલી. કૅલીફોર્નીઆના ગવર્નરની જગ્યા માટે ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ઊભા રહેતી વખતે તેણે પોતાનો ભાવી કાર્યક્રમ એક આગાહીસૂચક ઇતિહાસ રૂપે રજૂ કરેલો, એમાં સૌથી આકર્ષક તત્ત્વ એ હતું કે 'ગવર્નર બધી મુલાકાતો એક નિશ્ચિત ઓરડામાં જ લેશે, અને એ મુલાકાતો વખતે નજીકના રેડીઓ સ્ટેશન સાથે જોડાએલો માઇક્રોફોન કાયમ ચાલુ હશે. આથી કોઇ પણ માણસ આખી પ્રજા આગળ મૂકી શકાય તેવી ન હોય એવી કોઇ વાત ઉચ્ચારી નહિ શકે!'

અને આવો જ એક અખતરો જરા જુદી રીતે અમલમાં મૂકનાર મિ. કુકિન્ગહામ પણ એક અમેરિકન જ છે. એક ગામની મ્યુનિસિપાલિટીના વડા તરીકે તેની ચૂંટણી થઇ, એટલે એણે પહેલું કામ ઑફિસનું મકાન નવેસરથી બંધાવવાનું હાથ પર લીધું. એ મકાનમાં બધા ઓરડાઓ વચ્ચેના પડદા કાચના જ રાખવામાં આવ્યા છે, એટલે બધા કામદારો પ્રજા સાથે કેવી અદાથી વર્તે છે તે પ્રમુખ પોતાની ખુરશીમાં બેઠાંબેઠાં જ જોઇ શકે છે. જાહેર જનતાને આ યોજનાથી કેટલી બધી રાહત મળી હશે એનો સાચો ખ્યાલ તો આપણને આપણા જ ગામની વ્યવસ્થા આ ઢબે થતી હોય તો આમ જનતાને અને બધા પછાત વર્ગોને કેટલી સરળતા થાય એની કલ્પનાથી જ આવી શકે. પછી કારકુન ગમે તેટલો કામમાં હોય તો પણ ગુસ્સે ન થઇ શકે, કે ન કોઇ કાગળ દબાવી શકે, અથવા તો લાંચ લેવા માટે હાથ ન લંબાવી શકે!

ચલચિત્રોનો ઉપયોગ જીવનનાં કયાં કયાં ક્ષેત્રોમાં થઈ શકે એની મર્યાદા દોરવી એ અતિ મુશ્કેલ કામ બની ગયું છે. નૃત્ય શીખવા ઇચ્છનારા ઉસ્તાદ નૃત્યકારોનાં ચલચિત્રોને ધીમી ગતિએ ઉકલતાં જોઇ બીજી કોઇ રીતે ન મેળવી શકાય એવી શરીરના ઉપાંગોની અતિસૂક્ષ્મ ગતિઓનું અવલોકન કરી શકે છે, ત્યારે બીજી બાજુ સાબુના ફીણના પરપોટામાંથી પસાર થતી બંદુકની ગોળી તેને કેવી રીતે ફોડે છે એ પણ એથી જોઇ શકાય છે. આમ અનેક શક્યતાઓથી ભરેલી આ શોધનો એક ડૉક્ટરે પોતાના ધંધામાં નવીન રીતે પ્રયોગ કર્યો છે. પ્રથમ તો તેણે એપેન્ડીસાઇટિસના એક ઑપરેશન વખતે તેની ફિલ્મ ઉતરાવી. અને પછી તેને અતિશય ધીમી ગતિએ પ્રૉજેક્ટ કરતાં તેણે જોયું કે ઑપરેશન દરમિયાન ડૉક્ટર અને એના મદદનીશોએ ચિત્તની અસ્થિરતાને અંગે કે સાધનોની અસ્તવ્યસ્ત સ્થિતિને અંગે ઘણીયે બીનજરૂરી હીલચાલો કરેલી: એક ઓજાર હાથમાં લે, વળી તે નકામું ધારી પડતું મૂકે, અને વળી થોડી વારે બીજા જ કોઇ ઓજારની શોધ કરતાં તે પાછું હાથમાં આવી ચડે; હાથને એક

વખત અમુક સ્થિતિમાં રાખી જુએ, અને વળી એ સ્થિતિ અગવડભરેલી માલૂમ પડતાં આખા શરીરને જુદી જ દિશામાં ફેરવે, વગેરે.

આ વસ્તુ જાણ્યા પછી ડૉક્ટરે માંસના એક જબરા લોચાને રેશમમાં વીંટી તેને એક દરદીના નમૂના તરીકે ટેબલ પર સુવાડી તેના ઉપર ઑપરેશનના અખતરા કરવા માંડ્યા. એ અખતરાઓમાં મદદનીશોનાં તથા બધાં ઓજારોનાં સ્થાન એવી ચોકસાઈથી નક્કી કર્યાં કે કોઇપણ હીલચાલમાં ઓછામાં ઓછો સમય લાગે. જરૂર પડી ત્યાં ટેબલનો આકાર પણ બદલાવ્યો. કેટલાક મહિનાઓના આવા અભ્યાસને પરિણામે ઑપરેશનના સમયમાં તે અર્ધો-અર્ધ જેટલો કાપ મૂકી શક્યો. અને તે પણ ઉતાવળી ગતિ કરીને નહિ, પણ નકામી હીલચાલો રદ કરીને જ! આજ અમેરિકાની આગળપડતી હૉસ્પીટલોએ ડૉ. લૉરેન્સની યોજનાને સત્કારવા માંડી છે.

ઈ.સ. ૧૪૪૨ના સમયની આ યુરોપની વાત છે. હિંદમાં જ્યારે ખીલજી વંશ તપતો હતો અને એના અમલ નીચે અંધાધૂંધી પ્રવર્તી રહી હતી, ત્યારે યુરોપ પણ હરીફાઇમાં પાછું પડે એમ ન હતું. ઝૂરિચ ગામમાં દમામથી બેઠેલા ન્યાયાધીશે ઉત્કંઠાથી જોઇ રહેલાં લોકોનાં ટોળાં વચ્ચે હુકમ છોડ્યો, 'આરોપીને હાજર કરો.' તુરત આરોપીને પાંજરામાં ઘાલી લાવવામાં આવ્યો. બે છોકરાઓના ખૂનનો એના ઉપર આરોપ હતો. વાદી તરીકે રાજ્ય હતું; પ્રતિવાદી વકીલ રોકી શકે તેમ ન હોવાથી તેને રાજ્ય તરફથી વકીલ આપવામાં આવ્યો હતો. બંને પક્ષના વકીલોએ પોતપોતાથી બનતું કર્યું, પણ છેવટે આરોપી દોષિત સાબિત થવાથી તેને જાહેરમાં ફાંસી આપવાનો હુકમ છૂટ્યો. પ્રજાએ હુરેરેના પોકારથી હુકમ વધાવી લીધો. જેને માટે આ બધી ધમાલ થઇ તે આરોપી કોઇ ભયંકર ખૂની ન હતો, પણ જંગલમાંથી રસ્તો ભૂલી શહેરમાં આવી ચડેલું એક વરૂ હતું!

પણ યુરોપ દહાડે દહાડે બુદ્ધિમાં વિકાસ કરી રહ્યું હતું એટલે એ પછી લગભગ એક સૈકા પછી ઇ.સ. ૧૫૪૭ની સાલમાં ફ્રાન્સની એક કૉર્ટમાં આવો જ કેસ ન્યાયાધીશ સમક્ષ આવ્યો ત્યારે તેણે તેમાં વધુ શાણપણ બતાવેલું. એક ભૂંડણ અને એનાં છ બચ્ચાં ઉપર એક માનવબાળકને મારી ખાઇ જવાનો આરોપ હતો. પ્રતિવાદીના વકીલે એવી સજ્જડ દલીલો કરી કે બચ્ચાં એ ગુનામાં સામેલ હોવાના આરોપમાંથી બચી ગયાં, કેમકે કોર્ટે એ વાત માન્ય રાખી કે તે કાચી વયનાં હતાં. તેમની માતાને મોતની શિક્ષા આપવી એવો નિર્ણય કોર્ટે આપ્યો. પણ એ ડુક્કરોનાં માલિકે જામીનખત ભરવા ના પાડી, કેમકે તેને ભય હતો કે વંશપરંપરાગત ગુણ કદાચ તેઓમાં આગળ જતાં વિકાસ પામે. આથી તેઓને ફરીથી ત્રણ અઠવાડિયે કોર્ટમાં આવી પોતાની માતાને પંથે જવું પડ્યું!

આ જ પ્રમાણે ઇ.સ. ૧૬૩૯ અને ૧૬૯૪ની સાલોમાં પણ મનુષ્યવધને માટે અનુક્રમે એક ઘોડા અને ઘોડીને દેહાંતદંડની શિક્ષા થએલી ફ્રાન્સનાં દફતરોમાં છે! આ બન્ને પ્રકરણોમાં આરોપીઓના ગુના કોર્ટને વધુ ભયંકર તો એટલા માટે લાગેલા કે તે માત્ર ક્ષણિક આવેશમાં કરાયા ન હતા, પણ તે ઇરાદાપૂર્વક થયા હોવાનું સાક્ષીઓની જુબાનીઓ ઉપરથી પુરવાર થતું હતું!

અને કૂતરા કે ઊંદર પણ આ 'ધારાસર'ની ચુંગાલમાંથી છટકી શક્યા નથી. હડકાયો કૂતરો કોઇ માણસને કરડે તો કોર્ટમાં તે અસાવધ અવસ્થામાં હતો એવો બચાવ તેના વકીલને કરવા દેવામાં ન આવતો. પણ તે જેટલાં માણસોને કરડ્યો હોય એટલાં તેનાં અંગ એક પછી એક કાપ્યા પછી જ તેને દેહાંતદંડ થતો. અને એકવખત ખેતરોના ઊંદરો ઉપર કોર્ટનું સમન્સ બજેલું ત્યારે બચાવપક્ષના વકીલે દલીલ કરેલી કે 'વાદીઓની બિલાડીઓનો મારા અસીલોને ભય રહે છે માટે ના. કોર્ટે મારા અસીલો કોર્ટમાં આવે અને પાછા સ્વસ્થાને જાય ત્યાં સુધી તેમને કાંઇ ઇજા ન થાય તેની બાંહેધરી વાદીઓ પાસેથી અપાવવી જોઇએ.' વાદીઓએ આવી બાંહેધરી ન આપવાથી કેસ નીકળી ગએલો, અને બચાવપક્ષના વકીલને અજબ યશ મળેલો!

નેપોલીઅને ઇ. સ. ૧૮૧૫માં એલ્બાથી ફરી ફ્રાન્સમાં આવી સત્તા સંભાળી એ વખતે એની કૂચના ખબર

એક દૈનિકમાં દિવસે દિવસે નીચે મુજબ આવેલાઃ

૯મી માર્ચઃ એ શયતાન એનાં કેદખાનામાંથી નાસી છૂટ્યો છે.

૧૦મી માર્ચઃ કૉર્સીકાનો એ બદમાશ કેપ જુઆનમાં ઊતર્યો છે.

૧૧મી માર્ચઃ એ વાઘે ગ્રૅપની પાસે દેખા દીધી છે. એને આગળ વધતો અટકાવવા ચોતરફથી ટુકડીઓ ધસી રહી છે. સંભવ છે કે પર્વતોમાં ભટકીને એ રખડેલને પોતાનું દુઃખી જીવન ગુજારવું પડે.

૧૨મી માર્ચઃ એ નરરાક્ષસ છેક ગ્રૅનોબ્લ સુધી આવી પહોંચ્યો છે.

૧૩મી માર્ચઃ એ જુલમગાર અત્યારે લાયનમાં છે. એને જોઇને બધા કંપી ઊઠ્યા.

૧૮મી માર્ચઃ પાટનગરથી ૬૦ કલાકની મજલ સુધીમાં આવવાની એ દંભીએ હિંમત કરી છે.

૧૯મી માર્ચઃ બોનાપાર્ટ જોસભેર આગળ વધી રહ્યો છે, પણ તે પારીસ પહોંચે એવો સંભવ નથી.

૨૦મી માર્ચઃ નેપોલીઅન આવતી કાલે પારીસની દિવાલોમાં આવશે.

૨૧મી માર્ચઃ સમ્રાટ નેપોલીઅન અત્યારે ફૉટૅન્બ્લોમાં છે.

૨૨મી માર્ચઃ ગઇ કાલ સાંજે નામદાર સમ્રાટે શહેરમાં જાહેર રીતે પ્રવેશ કર્યો અને તુલેરીઓમાં પધાર્યા. સર્વત્ર આનંદનો અવધિ આવી રહ્યો હતો!

મગજની ગુંચવણીભરી ગડીઓની કોઇ ઊંડી ચિરાડમાંથી ટપકતા મથતી કલાભાવનાને માણસ કેવી કેવી વિચિત્ર રીતે વેગ આપી શકે છે તે આ સાથેના બે નમૂના જોવાથી આપણને જણાય છે.

એમાંનો એક નમૂનો રજૂ કરનાર શિકાગોનો એક શિલ્પી છે. એની એવી માન્યતા છે કે દૃશ્ય કલાઓમાં આકારના જેવું જ પ્રબળ તત્ત્વ ગતિ પણ છે. અને તેથી ચિત્ર શિલ્પ વગેરેમાં ગતિનું સૂચન કરતા આકારો જેમ કલાના અદ્‌ભુત નમૂના બની શકે છે, તેમજ એ આકારોમાં ગતિના માત્ર સૂચનને બદલે ગતિનું સંયોજન કર્યું હોય તો એથી એક વિશેષ પ્રકારની કલા જન્મે. આમ માનવશરીરના સંબંધમાં નૃત્યકલાનો જેવી રીતે વિકાસ થયો છે એવી જ કાંઇક ઢબે સાદા આકારને યંત્રોની મદદથી ગતિમય બનાવી એ રીતે ગતિનું કલામય સ્વરૂપ રજૂ કરવાનો એનો પ્રયાસ છે. આવો ચાંદા, દડા, સળીઆ અને તારનો આ નમૂનો કાંઇક રૌદ્રરૂપ સૂચવવા તેણે બનાવેલો છે, અને શિકાગો યુનિવર્સીટીમાં તેનું પ્રદર્શન પણ તેણે કરેલું.

અને આ બીજો કલાનો નમૂનો રજૂ કરનાર બિરાદર મોટરો રંગવાનો ધંધો કરે છે, અને એ ધંધાનાં સાધનોમાંથી જ કલા જન્માવે છે. એમના હાથમાં જે યંત્ર છે તે કોઇ જાણીતા ચિત્રકારની પીંછી નથી કે એરબ્રશ પણ નથી. પણ એ તો દબાવેલી હવાના જોરે પ્રવાહીની એકધારી છાંટ મોટર ઉપર નાખવાનું યંત્ર જ માત્ર છે. પણ એ જનાબ મોટરો સાફ કરીને થાકે ત્યારે એ યંત્રના પીંછા બોર્ડ પર મારી તેમાંથી કુદરતનાં દૃશ્યો ઉપજાવે છે. જોકે આ ચિત્રામણ કરવાનો બધો વિધિ તો ચિત્રકારોના એરબ્રશ જેવો જ, પણ આ કામમાં ચીતરનારના સ્નાયુ જરા વધુ મજબૂત જોઇએ!

એક પૂલ પાસે જનાવરો લઇ જતી આગગી માલગાડી રોકાઇ પડી, કેમકે તે ગાડીમાં એક પ્રાણી જીરાફ હતું. અને તેની ડોકની ટટ્ટાર ઊંચાઇ કરતાં આડો આવતો પૂલ ચાર પાંચ ઇંચ નીચો હતો. તાર ઉપર તાર છૂટ્યા, કેમકે જીરાફને ઇજા પહોંચાડાય કે ભડકાવાય તો પણ જોખમ હતું અને ગાડી મોડી કરવી પાલવે તેમ ન હતી. રેલવે મેનેજરનો સાદી સમજ ભરેલો તાર આવ્યો, 'જીરાફના ડબામાં એકાદું ગાજર ફેંકો અને ગાડી ચલાવો!'

(ચાલુ) **હરિકૃષ્ણ વ્યાસ**

Our Friends Abroad

અમેરિકામાં પત્રવ્યવહાર કરવા જેવા મિત્રો (ગયા અંકથી ચાલુ)

Mack Shomate--૧૬ વર્ષ Whitman W. Va.

પાા ફૂટનો કુમાર. પીંગળા વાળ, ભૂરી આંખો. વેસ્ટ વર્જીનિયાના કોલસાના થાણામાં વસે છે.

Bob Arvidson

Webb Prep. School Bell Buckle,

TENNESSEE.

૧૭ વર્ષનો છોકરો. જૂનમાં ગ્રેજ્યુએટ થઇ જશે અને ડાક્ટરી લાઇનમાં દાખલ થવાનો. સરસ રીતે ટાઇપ કરેલો કાગળ લખ્યો છે. હિંદની વિવિધતા જોવા જાણવા બહુ ઉત્સુક છે અને એક વાર પ્રવાસે આવવાનો નિશ્ચય કરી ચૂક્યો છે. મારા પત્રમાં મેં લખ્યું હતું કે અમદાવાદની ચાર લાખની વસતિમાં વીસેક હાઇસ્કૂલ છે. તેના પર તો તેણે લખ્યું કે 'કમાલ કરી. સોમવારે હું લાયબ્રેરીમાં જઇ તમારા દેશ વિષે વધુ માહિતી મેળવીશ.' અને મને લખે છે:

You too are to be congratulated because any man that edits a magazine for boys is doing a fine thing and if you will pardon my typical American straightforwardness I'd like say that what this world needs is more men of your ideals. I should enjoy knowing you because I have a hobby more or less of meeting people and it is always your type of person that is so gratifying.

આ ફૂલતોરા આપી મને પત્ર લખવા લલચાવે છે છતાં તેમાં દંભ નથી.

Eileen L. Halbert ૧૬ વર્ષ

St. John's San SPRING FIELD Ill. (U.S.A.)

આ છોકરીનો મુખ્ય શોખ તો ટિકીટો ભેગી કરવાનો, પણ સાથે પત્રવ્યવહાર ખીલવી રહી છે. તેની હિંદમાંથી dependable પત્રમિત્રની માગણી છે. તેની મહત્ત્વાકાંક્ષા પ્રવાસપત્રકાર બનવાની છે. તેની એક બીજી સખી છે તેનું પણ સરનામું મોકલ્યું છે.

Milton Bierschwale ૧૪ વર્ષ

SEGOVIA Texas (U.S.A.)

ટેકસાસ પ્રાન્ત અમેરિકાનો સાવ દક્ષિણ પ્રદેશ. આ ભાઇ મેક્સીકોથી ૩૦૦ માઇલ દૂર છે. બેઝબૉલ ફૂટબૉલ એ તો ત્યાંની લોકપ્રિય રમતો છે. જે તેના પર પત્રો લખશે તેને તે ચિત્રપોસ્ટકાર્ડો મોકલશે.

George Downing

1118 Short Street GALENA Kansas (U.S.A.)

ફોટોગ્રાફ મોકલ્યા છે તેમાં આનંદી અને હસમુખો કુમાર દેખાય છે.

Carmen J. Prijnani ૧૭ વર્ષ

267 Uarren St. EWARK New Jersey (U.S.A.)

Robert Lesch

1536 N. 17th St. LOUIS Mo. (U.S.A.)

૧૯ વર્ષનો, ૫ ફૂટ ૭ ઇંચ ઊંચાઇનો, ભૂરી આંખોવાળો ભૂરા વાળનો એ પોતે પત્ર લખવા જેવો આનંદ બીજો કોઇ માનતો નથી. ઘણે દૂરના મુલકો જોડે પત્રવ્યવહાર ચલાવે છે અને દેશદેશની રમતો વિષે માહિતી એકઠી કરે છે. ગામની એક ફ્લોર મિલમાં (book keeper) મુનીમ છે, સાથે સાથે લેખક બનવા યત્ન કરે છે: પોતે પ્રાચીન અવશેષોનો અભ્યાસ કરે છે. અમેરિકાનાં કાર્ડ, ફોટોગ્રાફો, સિક્કા, હકીકત જે કંઇ મારે જોઇએ તે મોકલવા તત્પર છે. કાગળ ભોજન સમય દરમ્યાન લખી શક્યો. મને પણ આનાની જોડે પત્ર લખવાનું ઘણું મન રહે છે.

Henry Glass ૧૨ વર્ષ

2827 W. 4th St. CHESTAR Pa (U.S.A.)

તેને નાનો ધારી બીજા પત્રવ્યવહાર માટે નાલાયક ગણે છે. એટલે કોઈ મિત્ર તેના પર પત્ર લખશે તો કહે છે: I, will try in all my power to make my letter most interesting as possible' વ્યાકરણદોષની જરા ય ચિંતા રાખ્યા વગર કેવી હિંમતથી લખે છે? સામાને સમજાવી દો એટલે પત્રવ્યવહારમાં પાસ.

Margueute H Ransey

P.O. Box 1522 SOHEVILLE U. C. (U.S.A.)

એ પુખ્ત વયનાં બાનુ સંગીતના ઉપાસક છે, પોતાના ભાઇ ઉપર આવેલ Open roadમાંથી મારૂં સરનામું મેળવી પત્ર લખ્યો છે. હિંદના લોકો જોડે પત્રવ્યવહાર કેમ વધે તે જાણવા ચાહે છે. પૂર્વના દેશના સંગીત વિષે બહુ જાણવા ચાહે છે. હમણાં એક ચાઇનીઝ ઓપેરા બનાવે છે તેમાં મંચુકાળનું વાતાવરણ લાવવા મથે છે. બે વર્ષે તે તૈયાર થશે. એની સાથે પત્રવ્યવહાર કરનારા સાહિત્ય અને સંગીતની ચર્ચા કરશે તો તેને ગમશે પૂર્વની તેને લગની લાગી છે. 'અહા ગંગા નદી કેવી હશે, હજારો યાત્રીઓ તેમાં સ્નાન કરતા કેવા લાગતા હશે!' ભગવાન એની કલ્પના ટકાવી રાખે. એણે અમેરિકામાં ખૂબ પ્રવાસ કર્યો છે. કોઇ તેની જિજ્ઞાસા સંતોષે એવા પત્ર લખે અને હિંદની પ્રતિષ્ઠા પ્રસારે તો સારૂં. તેણે પોતાની છબી અને કેટલાંક રંગીન કાર્ડો મોકલ્યાં છે.

Ralph V. Laramie ૧૭ વર્ષ

So. Main St. FRANKLIN New Hampshire

૫ ફૂટ સાત ઇંચ ઉંચાઇનો ફ્રાંકલીન હાઈ સ્કૂલનો સીનિયર તરૂણ; તેના પર લખેલા કોઈ પણ પત્રનો ઉત્તર આપવા ખાત્રીથી વચન આપે છે. (ચાલુ)



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ વીસમું · વિદ્યાર્થીઓનો અમલ

મિ. વેસ્ટ જે ઘરમાં રહેતા હતા એ એમને નાનું પડતું. એને ઉખેડી સુધારાવધારા સાથે ફરી બાંધવાનું કામ સવારના બેતીના વખતમાં ઘણા દિવસથી ચાલતું, પણ એ પૂરું થતું ન હતું. મિ. વેસ્ટ અકળાતા હતા એટલે બાપુજીએ એ કામ અઠવાડિયાની અંદર પતાવી નાખવાનું ઠરાવ્યું. યોજના ઘડાઇ કે નિશાળ બંધ રહે. છાપખાનું તો બંધ રહી ન શકે, પણ છાપખાનામાંથી બધા યે મોટા કામ કરનારાઓને મુક્તિ મળે અને કેવળ છોકરાઓ જ પોતાના સંગઠનથી એ અઠવાડિયાનો 'ઇન્ડિયન ઓપીનિયન'નો આખો અંક બહાર પાડે. અમે છોકરાઓએ ઉત્સાહપૂર્વક એ બીડું ઝડપ્યું અને વેસ્ટ સાહેબનું ઘર બાંધવાની મજૂરી કરવા સારૂ એકેએક મૂછાળા મરદને અમે રવાના કર્યા. પાકટ વયના કાબાભાઇને પણ. કાબાભાઇનું શરીર તડકો વેઠી વેસ્ટ સાહેબનું ઘર બાંધવાની સખત મજૂરી કરી શકે એવું ન હતું. તેઓ વિના ઘર બાંધવામાં ઢીલ પણ ન પડત; પણ છોકરાઓની મહેનતનો યશ બુઢ્ઢા ખેંચી ન જાય એ સારૂ આશરે ત્રીજા ભાગનું બીબાંગોઠવણીનું કામ એકલે હાથે કરનાર એ વૃદ્ધને પણ અમે છાપખાનામાંથી મુક્ત કર્યા, અને બાપુજી પાસેથી ખાતરી મેળવી કે અમારા કામમાં ગમે એવી ગૂંચવણ ઊભી થાય અને મુશ્કેલીઓ દેખાય તો યે શુક્રવાર પહેલાં કોઇપણ મોટા જણે અમારી આડે ન આવવું. આમ એક અઠવાડિયા માટે છાપખાનાનું પૂરૂં રાજ્ય છોકરાઓને સોંપી બાપુજીએ મિસ્ત્રીનો ધંધો આદર્યો.

શરૂઆતના પ્રકરણમાં ઉલ્લેખ કર્યા મુજબ ફીનિક્સનાં મકાનો માટે કડિયાઓની જરૂર ન પડતી. મશીન વડે ચોરસ વેરાઇ આવેલી વળીઓ, એક સરખાં જાડાં પહોળાં ને લાંબાં પાટિયાં તથા વિલાયતી નળીયાં પતરાં જડી દઇને ઘર ઊભું કરી દેવાનું અને એ માળખું તૈયાર થયે એને રંગી લેવાનું. આવું ઘર બાંધવામાં કેળવાએલા સુથાર-મજૂરોની ખાસ જરૂર ન રહેતી. ગમે એવો માણસ એ કામમાં ઝંપલાવી શકતો. બાપુજી, મગનકાકા, મિ. વેસ્ટ વગેરેને સુથારી કામનો થોડો મહાવરો યે હતો, અને બીજાઓને પણ મજૂરી કરવાનો કંટાળો ન હતો, એટલે જાદુઇ ફાનસના ઘરની ઝડપે વેસ્ટ સાહેબનું ઘર ઊભું થવા લાગ્યું. એ બાંધકામ કરતી વખતે બીજાઓની જેમ બાપુજી આસમાની રંગનો પાટલૂન પહેરતા. એ પાટલૂનને દસબાર ખીસાં રહેતાં. બે'ક ખીસાં સાથળ ઉપર, બે'ક વાંસે કમર પર, બે સાથળની બાજુમાં સામાન્ય ઢબે ને બીજાં નાનાં ખીસાં કમરપટ્ટા પાસે. ચામડાના કમરપટ્ટાને યે કડી નાખી આંકડા ટીંગાડેલા રહેતા. અને એ બધાં ખીસાં તથા કડાંઓમાં નાના મોટા ખીલા, સ્ક્રૂ, સ્ક્રૂ માટેની ચકરડી, હથોડી, પકડ, પેચકસ વગેરે રાખવાની રીતસર સગવડ હતી. જાણે સુથારનું એક બખ્તર! એ બખ્તર પહેરીને બાપુજી છાપરાની ઊંચામાં ઊંચી ટોચે પહોંચી જતા અને બધાની સાથે પૂરા એકધ્યાનથી કોઇ કાબેલ સુથારની પેઠે કલાકો સુધી ધૂમ તડકે કામ કરતા. બાપુજી કરે એથી બમણા જોરે મગનકાકા કરે અને છાપખાનાના બીજા કાર્યકર્તાઓ પણ મગનકાકાથી ઢીલા ન રહે. મોટાં મોટાં ચોકઠાં બનાવવાં, એને ઉપાડીને ગોઠવવાં તથા પતરામાં ખીલા ઠોકવા વગેરેના અવાજોથી ફીનિક્સની ચોમેરની ટેકરીઓ ગરજી ઊઠતી. એ અવાજ ને તેના પડઘા સવારથી સાંજ સુધી ચાલ્યા જ કરતા. નવા આવનારને જાણે એવું લાગે કે કોઇ મોટી મીલ કે સ્ટીમર ઊભી થઇ રહી છે. એ તરવરતો નાદ અમને છાપખાનાના કામમાં પણ શૂર ચડાવતો.

પોતાના કામની વડાઇ મનમાં ન હોય તો કામમાં જોર પૂરું નથી આવતું. અમારામાં જેઓ હોશિયાર છોકરાઓ હતા તેમણે બાપુજીની આ નવી યોજનાનું રહસ્ય ચર્ચવા માંડ્યું. અને એકથી બીજે કાને

ઘુસપુસ વાતો પહોંચી કે 'હવે પંદરવીસ દિવસમાં જ કદાચ ફરી લડત જાગશે. આપણું દેશ જવાનું અટકી રહેશે અને બધા મોટેરાઓને જેલ જવું પડશે. એવું થાય અને કોઇ મોટું બહાર ન રહે ત્યારે 'ઇંડિયન ઓપિનિયન' બંધ રહેવાનો વારો આવે; એ ન થવા પામે માટે આપણે છોકરાઓએ તૈયાર થઇ જવું જોઇએ. આપણે પાછળથી કામ ચલાવી શકીએ છીએ કે નહિ એ તાણી જોવાને જ બાપુજીએ આપણુ એકલાને હાથે છાપું કઢાવવાની યુક્તિ અજમાવી છે. આગળ ઉપર તો આપણુને મોટું કામ મળવાનું છે; આ તો ફક્ત પરીક્ષા જ છે અને પરીક્ષામાં આપણે ઓછા ન ઊતરવું જોઇએ.' આમ અમને ખૂબ શૂર ચડયું ને દરેક જણુ પોતાનાથી થાય તેવું વધારેમાં વધારે કામ પૂરી ઝડપે કરવા મંડી પડયો. છાપામાંના સંપાદકીય લેખો અને લખાણો મુખ્ય ચીજ છે એનું મને એ વખતે ભાન ન હતું. બીબાં ગોઠવવાં, છાપવું અને રવાના કરવું એ જ મારે મન છાપાનું મુખ્ય કામ હતું એટલે મને એ જાણવાની પરવા ન હતી કે છોકરાઓએ કાઢેલા એ અંકનાં લખાણ કોણે લખેલાં હતાં. રૅપરનાં સરનામાં લખવાં, બીબાં ગોઠવવાં, પ્રૂફ સુધારવાં, અને એવાં બીજાં અનેક કામોમાંનું કંઇ ને કંઈ કામ દરેકને તેની આવડત પ્રમાણે મળ્યું, પણ મારી દશા વિચિત્ર હતી. તદ્દન નાના બચ્ચામાં લેખી કાઢી મને કંઇ કામ સોંપવામાં ન આવે એ મને અપમાનજનક હતું. હું કંઇ અણસમજુ કે સાવ બેજવાબદાર ન હતો. બીજી બાજુ શરીરની નબળાઇને લીધે છાપખાનાની ગેલીઓ ઉપાડવાનું મજૂરીનું કામ મારાથી થાય તેમ ન હતું; અને બીબાં ગોઠવવાનું મને સોંપાય તો એ સુધારવા સારૂ મારી પાછળ બીજા બે જણુને રોકવા પડે એટલો હું ગરબડિયો! રૅપરનાં સરનામાં લખવા બેસું ત્યાં યે બિલાડાં ચીતરૂં: અંગ્રેજી જોડણીમાં ભૂલો કરૂં અને રૅપરમાં ડાઘા પાડી મૂકું. આખરે મારા જોગું અને પૂરી જવાબદારીનું એક કામ મળી આવ્યું. અને તે છાપખાનાની ટપાલ સંભાળવાનું. દફતરમાંથી કાગળો અને પૈસા લઇ એ ગુમાવ્યા વિના સ્ટેશને પહોંચાડવા અને સ્ટેશનેથી સંભાળીને આખી ટપાલ લઇ આવવી. મોટા છોકરાઓમાંથી કોઇ સવારસાંજ ટપાલ લેવા જાય તો એક કામ કરનાર ઓછો થાય. મારાથી નાના છોકરાથી એ કામ થાય નહિ. આમ હું યે ગણત્રીમાં આવું એવો કામદાર બન્યો.

મારે ભાગે જે કામ આવ્યું તે ચાર્લી કરતો. ચાર્લી ફિનિક્સમાં આરંભકાળથી વસેલો વફાદાર હબસી હતો. એને ભાંગ્યુંતૂટયું અંગ્રેજી આવડતું, એથી કામ ચાલતું. વધુ કહેવા–સાંભળવાની તેને જરૂર જ ન પડતી. એ કર્મવીર હતો. એ દેશ એનો પોતાનો છતાં એ સાવ એકાકી રહેતો. કદી સગાંસાંઇમાં મળવા જતો યે તેને જોયાનું મને યાદ નથી આવતું. છાપખાનાના બધા સંચાઓની અરીસા જેવી ચોખાઇ એની એકધારી મહેનતને આભારી હતી. કાગળની ગાંસડીઓ છોડવી, રીમોની થપ્પીઓ કરવી અને ગુરુવારે સાંજે અચૂકપણે ડબ્બો ભરીને લાહી પકાવવી તથા સ્ટેશને આંટાફેરા કરવા એ એનું મુખ્ય કામ હતું. 'ઇંડિયન ઓપિનિયન'ના લેખકો બદલાય, અધિપતિ બદલાય, કદાચ બીબાંકારીગરો પણ બદલાય પરંતુ ચાર્લી ન બદલાય. ભલેને જન્મે એ વનસમાજનો રહ્યો, પણ એનામાં સંસ્કારિતા ઓછી ન હતી. મોટા ઘરનાં છોકરાંઓને બરોબરિયા સાથે વિનયી વર્તણૂક રાખવાની તાલીમ મળે છે, પણ સૌના આધારરૂપ નોકર પ્રત્યે તેઓ તોછડા થયા વિના નથી રહેતા. અમે ચાર્લી પ્રત્યે તોછડાઇ વાપરવા જતા, પણ એનામાં એવું ગાંભીર્ય હતું કે ન છુટકે અમારે તેની સાથે વિનયી થવું પડતું. તેની રજા વગર અમે તાજી સુંદર લાહી મેળવી ન શકતા. તેનો અનુનય કરીએ તો જરાક મળે ખરી. છાપખાનાના કોરા કાગળનો ટુકડો પણ તે અમને ઉડાવવા ન દેતો. કદાચ અમે હાથ મારીએ તો તે કોણ જાણે કયાંથી તરત મૂછોમાં હસતો હસતો સામે આવીને ઊભો જ હોય, અને કહે: 'માલિકની રજા મેળવી? જેટલા કાગળની રજા હોય એટલા જ ઉપાડજો હો!' તેની સામે ધુરકવાને બદલે અમારે પાછી પાની કરવી પડતી. અમને માઠું લાગેલું જોઈ તે અમને પોતાની કાંધ પર ચડાવી દેતો. ઝાઝું એ પણ ન બોલી શકતો અને અમે યે વાતોમાં ઊતરી ન શકતા. મનમાં તેનો આદર કરતા અમે ત્યાંથી પલાયન થઇ જતા. મારા ધારવા પ્રમાણે ચાર્લી અવિવાહિત હોઇ લેખાવવા

જેટલો બ્રહ્મચારી હતો. અને છતાં જરઠ ન હતો; આર્દ્ર, માયાળુ ને સંસ્કારી હતો.

એ હબસી સજ્જનનું બધું કામ તો મારાથી ઉપાડાય એમ ન હતું. ફક્ત સ્ટેશનેથી ટપાલ લાવવામાં પણ મારે તો અનેક વીસે સો થઇ જતી! એ ગીચ જંગલને રસ્તે અઢી માઇલ એકલા જવું અને એકલા પાછા આવવું સહેલું ન હતું. કેડી એવી વાંકીચુંકી જતી કે પચાસેક ડગલાંથી દૂર નજર ન પહોંચતી. અધૂરામાં પૂરૂં સાપનો ખાસ ડર રહેતો. કેટલીક જાતના સાપ તો બપોરે હવા ખાવા ઝાડ પર ચડી જઇ ડાળીઓ પર ઝૂલતા! એ માથા ઉપર જ પડતું મૂકશે કે શું એવો ધ્રાસકો રહેતો. કલાકો સુધી ચાલ્યા જઇએ તો ભાગ્યે જ એકાદ બે જણ રસ્તે સામા મળે એટલો એ રસ્તો નિર્જન હતો. સામા મળવાવાળા યે ઘણે ભાગે કારમા દેખાતા હબસીઓ જ હોય. એમના લાલ જાડા હોઠ, કાળી મુખાકૃતિમાં ચળકતા ધોળા દાંત, દોઢે ડગલે ઉછળતી જતી તેમની ચાલ અને હાથમાં નાચતી ત્રણચાર લાકડીઓ જોનારને ડારી દેતી. એ લોકોનો જ એક ભાઇ ચાર્લી અમારો ગોઠિયો બનેલો હોવા છતાં આ વનવાસીઓ જુદી જ જાતના માણસો લાગતા. અથવા એમ કહો કે અમે સૌ 'માણસ' અને એ 'નહિ માણસ' એવી જાતની ભાવના અમારા મનમાં પ્રવર્તતી.

પરંતુ મેં હિંમત કરી અને એવાઓનો જ આશરો મેળવ્યો. ટપાલથેલી લઇને વસતિથી થોડે દૂર પહોચું અને છાતી થડકવા લાગે કે ઘાસમાં બેસી જાઉં અને કોઇ સ્ટેશન જતા સાથીની રાહ જોઉં. દૂરથી કોઇનો પગરવ સંભળાય કે હું ઝપાટાબંધ આગળ ચાલવા માંડું, કારણ એમની ઝડપે હું ચાલી નથી શકવાનો એનું મને ભાન હોય. તેઓ પાછળ આવે છે એટલેથી જ મને સાપ વગેરેનો લાગતો ડર દબાઇ જતો; કારણ મને ખબર હતી કે તેઓ સાપને પહોંચી વળશે, એટલું જ નહિ પણ તેના દાંતમાંનું ઝેર કાઢી સંઘરી પણ લેશે; પાછળ આવનારાઓ મને વટાવીને દૂર આગળ નીકળી જાય ત્યાં સુધી હું એમની ઓથે પોણોએક માઇલ કાપી નાખતો અને ફરી કોઈ ઓછી ગીચ અને ડર ન લાગે એવી જગ્યાએ બેસી રાહ જોતો. પાએક કલાક સુધી કોઇ ન આવે તો પછી ધીમેધીમે ચાલવા લાગતો. આમ દરેક ખેપમાં મનમાં ઘુસી બેઠેલા ડરને સંતાકુકડી રમાડતો હું સ્ટેશને પહોંચતો અને પાછો ફરતો તેટલા પાંચ માઇલમાં ચાર પાંચ કલાક પૂરા કરી નાખતો! અને આવું ત્યારે કોઇ મોટો વણજારો દેશદેશાવર ખેડી પાછો ફર્યો હોય એમ હું ફીનિક્સ આશ્રમની સીમમાં ટપાલ સાથે વિજયગર્વભર્યાં પગલું માંડતો.

આ અનુભવે મને નીડર બનાવ્યો એમ તો ન કહેવાય, પણ હું એટલું સમજ્યો કે ડર બહારની ચીજ નથી, મનની છે. કોઇ ખાસ વખતે અને કોઇ ખાસ કારણે ડર લાગે છે એવું નથી, પણ મનને જેટલું વધારે ઢીલું પડવા દઇએ તેટલો વધારે ડર. અને એને ઢીલું થવા દેવાની જોગવાઇ ન આપીએ એટલો ઓછો ડર રહે છે. મારી બીકનો સક્ષી તો હું જ હતો, પણ ફીનિક્સમાં હું વખણાઇ ગયો કે 'પ્રભુદાસ તો બીક વિનાનો. એ અંધારી રાતે યે એકલો સ્ટેશને જઇ આવે.' વગર માગ્યે આવી કીર્તિ મળતી હોય તો કોણ પાછી વાળે? પરિણામે સવારે તો સવારે અને સાંજે પણ બીજી ખેપ કરવા જવાની જરૂર પડ્યે હું ના ન પાડી શકતો, અને એક વાર અંધારૂં પથરાઇ ગયા બાદ વગર દીવાએ કે વગર લાકડીએ અઢી માઇલનું જંગલ વટાવી હું મુકામે પહોંચ્યો ત્યારે મોટા છોકરાઓએ એકે અવાજે મને વધાવી લીધો. પાંચ દસ મિનિટ સુધી મને ઘેરી વળી હરખભર્યા કેટલા યે સવાલો પૂછી નાખ્યા. 'તને ક્યાંયે ડર ન લાગ્યો?' મેં કહ્યું: 'ગીની ફાઉલ (પંખી) દોડી જતાં ત્યારે ડર લાગતો અને હું ઝપાટાથી દોડવા મંડતો; બાકી ડર ન લાગ્યો.' સાબાશી આપતાં એક જણે કહ્યું 'લ્યો; નહિતર રાતે સાપનો ડર કાંઇ ઓછો?'

ગમે એમ પણ હું મોટા છોકરાઓમાં નકામો ન ગણાયો એનો મને સૌથી વધુ આનંદ હતો. લાહી પકાવવાને દિવસે ચૂલા પર થોડી મદદ મેં કરી, પણ એ લાહી ચાર્લીના જેવી સુંદર ન બની. ગાંઠાગાંઠા થઇ ગઇ અને તળિયે દાઝી પણ ગઇ. એ દિવસે અમે બે'ક જણા ફજેતીનો ભોગ બન્યા ખરા, પરંતુ એકંદરે એ અઠવાડિયે અમારો આખો પ્રયોગ ધાર્યા કરતાં વધુ સફળ નીવડ્યો. અઠવાડિયાના શરૂના દિવસોમાં તો કોઇકોઇ મોટા કારીગરો અમને ચીડ-

વતા: 'જોયું જોયું, કંઇ છોકરે છાશ પીવાની હશે? અમારા ભોગ ફરી વળવાના. દિવસ આખો ધર બાંધવામાં જૂતાશું ને રાત્રે ઉજાગરા થશે. અમારી ખાત્રી છે કે શુક્રવારની રાતે અમારે બધાને આખી રાત ઊભે પગે રહેવું પડવાનું.' અમે એમની સાથે વાદમાં ન ઊતરતાં એટલું જ કહેતા કે 'શુક્રવારની સાંજ તો આવવા દો. પછી કહેજો કહેવું હોય તે.'

અને સાચે જ શુક્રવારની સાંજ પડ્યા પહેલાં અમે છાપાનાં પાર્સલો બાંધી, રૅપરો વાળી, ખડકલા કરી તથા કોથળા ભરીને તૈયાર થઇ ગયા હતા. સાંજે પાંચ વાગ્યે મજૂરીના કામથી છૂટા થઇ છાપખાનાના મોટા માણસો જોવા આવ્યા ત્યારે અમારામાંના ઘણા જણ તો બહાર નીકળી રમતે ચડ્યા હતા અને દરવાજે તાળું દેવાની તૈયારી હતી. પહેલાં તો કોઈના માનવામાં ન આવ્યું કે બધું કામ ઉકલી ગયું છે. બેએક મોટા માણસો છાપખાનાની અંદર ધુસ્યા અને ચોમેર બધું તપાસ્યું; થેલાઓ પણ તપાસ્યા અને ખાતરી કરી કે કંઇ કામ અધૂરૂં નથી રહ્યું. છેવટે એ મોટાઓએ જ બાપુજીને વધામણી આપી કે 'છોકરાઓ તો અમારાથી સવાયા નીકળ્યા!' બાપુજીએ છોકરાઓને કહ્યું, 'મને તો ખાતરી જ હતી કે તમે અમને હરાવશો.' બસ એ બે શબ્દોએ અમને સૌને ખુશખુશ કરી દીધા.

સાધારણ રીતે શનિવારે બપોરે માંડ કરી છાપાં રવાના કરી શકાતાં. એ પહેલાં બંડલો તૈયાર ન થઇ શકતાં. પણ આગે તો શનિવારે સવારે હાથગાડી ભરીને છાપાં સ્ટેશને પહોંચાડી દીધાં અને સ્ટેશન માસ્તરે પણ અમને સત્કાર્યા. બપોરે બાપુજીએ અમારી રમતોમાં હાજર રહેવાનું કબૂલ્યું.

અમારામાં ભાઇ શિવપૂજન સૌથી મોટો વિદ્યાર્થી હતો. તે દોડવામાં હરણ સમો હતો. વાતમાં ને વાતમાં તેણે કહેલું કે 'કોઇને હિંમત હોય તો મારાથી દસ મિનિટ વહેલો દોડવા નીકળે અને તે સ્ટેશને જઇ અહીં પાછો આવે તેના પહેલાં હું દસ મિનિટ મોડો નીકળીને પણ વહેલો પહોંચી આવવાનો.' ભાઇ કુપ્પૂ વગેરે દોડવે કંઇ ઓછા ન હતા. એટલે તેણે કહ્યું 'નકામી શેખી માર મા. ખબર છે, દસ મિનિટમાં માણસ સવા માઇલ તો સહેજે દોડી જાય? પાંચ માઇલની શરતમાં સવા માઇલ આગળ જવા દઇને યે અમને હરાવે કે?' શિવપૂજને છાતી ફુલાવીને શરત વદી. છાપાનું કામ ઉકલ્યું ને થોડો વખત અમને બચ્યો એટલે બાપુજીની સાક્ષીએ આ શરત દોડવાનું નક્કી થયું.

છાપખાના સામે સૌ ભેગા થયા. બાપુજીએ હાથમાં ઘડીઆળ લીધી. મગનભાઇ માસ્તરને પોણો કલાક વહેલા ઘડીઆળ સાથે સ્ટેશને મોકલી દીધા હતા. કુપ્પુ અને ફકીરી બે જણા હરીફાઇમાં ઊતર્યા. બાપુજીએ શિવપૂજનને રોકી રાખી એ બંનેને દોડાવ્યા. અમે બીજા છોકરાઓ પણ તમાશો જોવા એમની સાથે દોડ્યા, પણ જેમજેમ થાકતા ગયા તેમતેમ ઊભા રહ્યા. હું લગભગ દોઢ માઇલ જેટલે પહોંચેલો. કુપ્પુ–ફકીરી સ્ટેશને પહોંચવા આવ્યાની અમારી અટકળ હતી ત્યાં ઘોડા વેગે દોડતો શિવપૂજન અમારી પાસેથી પસાર થયો. એક એક ડાંફમાં તે ત્રણત્રણ ચાર ચાર ફૂટનું અંતર ઠેકતો જતો હતો. એની એડી જમીનને અડતી જ ન હતી. અને નસ્કોરાં પંખાની પેઠે ચાલતાં હતાં. ચપટી વગાડતાં તો તે અદૃશ્ય થઇ ગયો. થોડી વારે કુપ્પુ–ફકીરી પાછા ફરતા દેખાયા અને અમે પણ તેમની સાથે પાછા ફર્યા. ફીનિક્સ આશ્રમની સીમ દેખાવા લાગી ત્યાંસુધી કુપ્પુ-ફકીરીથી શિવપૂજન સારી પેઠે પાછળ હતો, પણ છેવટે એ પવનવેગે આવી પહોંચ્યો. અમને ડર લાગ્યો કે આ વાંકાચૂંકા રસ્તામાં એ ઠોકર ખાઇ પગ ભાંગી ન બેસે; પણ એ તો પૂરપાટ દોડ્યે આવતો હતો. દોઢેક મિનિટ વહેલો જયાં બાપુજી ઊભા હતા ત્યાં તે પહોંચી ગયો. બધાએ તેનો જયજયકાર કર્યો. હારનારા કુપ્પુ–ફકીરી પણ એની જીતથી પ્રસન્ન થઇ ગયા. હું ભૂલતો ન હોઉં તો શિવપૂજને પાંચ માઇલનું અંતર ઓગણત્રીસ મિનિટમાં કાપ્યું હતું. અને કુપ્પુ–ફકીરીને પોણા કલાકથી ઓછો વખત લાગેલો.

આનંદનું, કામનું અને શૌર્યનું આ અઠવાડિયું વીત્યા પછી ફરીથી અમારી નિશાળ શરૂ થઇ; પણ અમારૂં કોઇનું મન ભણવા ભણાવવામાં ચોંટયું નહિ. હવે દેશ જવાનું થાય છે કે જેલ જવાનું એની ચર્ચા ને અટકળોમાં ઘણોખરો વખત જતો અને બેચાર દાખલા ગણવા ઉપરાંત ભાગ્યે જ કંઇ વધુ ભણવાનું બનતું.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

વેરાનના દીવા સમા

બાવાજી

જેમણે મારા જીવનમાં કર્મની ફિલસૂફીનો અભિનવ પ્રકાશ પાથર્યો

સૂરજદેવનાં શીળાં કિરણો વૃક્ષઘટામાંથી ફૂટી નીકળી મારા શરીર પર પડ્યાં. થકાવટ પછીની મીઠી ઊંઘે શરીરમાં તાજગી ભરી દીધી હતી. વીજળીક બળ મળતાં જ ગોળાના તાર પ્રકાશ બની જાય છે તેમ શરીરને કિરણોએ સ્પર્શ કર્યો કે અંદરની તાજગી ચેતનના રૂપમાં બદલી ગઇ. પછી ઊંઘ આળસ કે પ્રમાદને ત્યાં સ્થાન જ નહોતું. હું એકદમ બેઠો થઈ ગયો. સૂર્યાસ્ત પછી અંધકાર વળતો જતો હતો તેમતેમ બધું વધારે ને વધારે ભયંકર બનતું જતું હતું. રાત્રિનું પૂર્ણ સ્વરૂપ ખીલ્યા પછી તો એક પાંદડાનો ખખડાટ પણ ભયંકરતા ફેલાવી દે છે. જાણે કે રાત્રિની બીજણતાથી એ પાંદડું જ ચિત્કાર કરી ઊઠતું હશે. સૂર્યદેવનાં દર્શનથી બધાં ડર ભૂલી જઇ પ્રસન્ન થઇ ગયાં હોય તેમ ઝાડપાન નાચું નાચું થઇ રહ્યાં હતાં. પ્રકૃતિ મૂરુમૂરુ હસતી હતી.

ઝરણું પાસે જ હતું. શૌચાદિથી પરવારીને નહાવા પડ્યો. પાણી જાણે કે બરફમાંથી નીતરી આવ્યું હોય એવું ઠંડું હતું. પ્રથમ પ્રવેશે તો હાડકાં પણ સંકોચાઇ ગયાં. એક બે ને ત્રણ ડૂબકી મારી એટલે મીઠી ગરમીનો પ્રવાહ શરીરમાં વહેતો જણાયો. ખૂબ નાહ્યો, ખૂબ મઝા પડી. કપડું બદલીને કિનારે બેસી ગયો. દેવી દેવતાની મૂર્તિમાં કે ભગવાનના સ્વરૂપમાં મને શ્રદ્ધા નહોતી. તે સ્વરૂપની કલ્પના પાછળ રહેલા રહસ્યને અત્યારે સ્વીકારું છું છતાં મૂર્તિપૂજક તો હું નથી જ બની શક્યો. એ વખતે તો નિરીશ્વરવાદને ધર્મ માનતો હતો. છતાં આ વિશ્વની સુંદર વ્યવસ્થા પાછળ કોઇ અગમ્ય શક્તિ જરૂર છે એવો અંતરમાં ઊંડો વિશ્વાસ સુષુપ્ત પડ્યો હતો. પ્રફુલ્લિત દેહ, શાંત મન અને આ હિમરાજનો પુણ્ય પ્રદેશ પછી એ સુષુપ્ત વિશ્વાસ જાગૃત કેમ ન થાય? મેં આંખો મીંચી. મનની બધી દિશાઓ બંધ થઇ ગઇ. ચિત્ત એકાગ્ર બન્યું. એક મહા અંધકારમાંથી પ્રકાશમાં જતો હોઉં એમ લાગ્યું. લગભગ એક કલાક એ સ્થિતિમાં બેસી રહ્યો. છેલ્લે આનંદના કુંડમાં ડૂબકી મારીને બહાર નીકળતો હોઉં એવો ભાસ થયો કે ધ્યાન તૂટી ગયું. બસ, ધ્યાનની આ હદ છે. એના વિકાસની હદ નથી. હું એટલા વિકાસનો જ અધિકારી હતો. આજે હું માનું છું, કે મારા માટે જીવનવિકાસનો એ અમૂલ્ય સુયોગ હતો. પણ હું તે સમજવા જેટલો વિવેકી નહોતો. એ સ્થાન છોડ્યું અને મેં પ્રાપ્ત થએલો સુયોગ ખોયો.

સૂકાઇ ગએલા પાંઉને પાણીમાં પલાળીને ખાધો. પોટલું બગલમાં મારીને ચાલતો થયો. બપોર સુધી ચાલતો રહ્યો. માણસ તો કોઇ ન દેખાયું પણ આગળ ભેટો થશે કે કેમ તેની પણ શંકા રહે એવો પ્રદેશ આવ્યો. ઊંચાણવાળી જગા આવતી તો તે પર ઊભો રહીને દૂર દૂર નજર કરતો; પણ ગામ કે વાસનું ક્યાં ય નામનિશાન જણાતું નહિ. બે ચાર દિવસ આવા નિર્જન પ્રદેશમાં ભટકવું પડશે તો શી દશા થશે? પાસે ખોરાક પણ નથી. અજાણ્યો માર્ગ. પાણી પણ ન મળે તો? વિચારતાં મન જરા પોચું થઇ જતું. છતાં જે બનવાનું હશે તે બનશે એ વારસામાં સાંપડેલા કર્મસંસ્કારો મનની વ્યગ્રતા શમાવી દેતા. તેમાં તથ્ય તો ગમે તે હો પણ આવે વખતે એની હૂંફ હિંમતને જાગ્રત રાખે છે. એનું રહસ્ય સમજનાર તો જગતનો જવાંમર્દ બને છે. કોઇ કામ એને માટે અસાધ્ય નથી રહેતું. કોઇ પ્રકારનો ડર એને વિચલિત નથી કરી શકતો. એનામાં જ કર્મ કરતાં મરી ફીટવાની નિષ્કર્મ ભાવનાની તમન્ના હોય છે. હું તો આવા કપરા અનુભવો પછી જ પ્રત્યક્ષ પદાર્થપાઠ વાંચીને કંઇક રહસ્ય સમજતો જતો હતો.

સૂરજ ઢળી ગયો. સહેજ લાંબું ચઢાણ આવ્યું. માથે પહોચતાં પહોચતાં થાકી ગયો. હવે તો ક્યાંય

ગામનું નામનિશાન પણ જોવાની ઇચ્છા નહોતી થતી છતાં આશા માણસને એમ અકર્મણ્ય કેમ રહેવા દે? ચારેકોર દૃષ્ટિ ફેરવી. કંઇ દેખાયું નહિ. પવન એટલો વધી ગયો કે મારે એક પત્થરની આડ લેવી પડી. આકાશ સ્વચ્છ હતું, પણ કોણ જાણે ક્યાંથી વાદળાંના ઢૂચા ઊભરાઇ આવ્યા! ટપ ટપ ટપ બોર બોર જેવડા છાંટા પડવા માંડ્યાં. લ્યો, આ ઉપાધિ ને માથે આફત! છાંટામાંથી પાણીની ધારાઓ બંધાઇ ગઇ. દસેક મિનિટમાં તો બધે પાણી પાણી થઇ ગયું. બિચારો પત્થર મારી રક્ષા ન કરી શક્યો. કપડાં પલળી ગયાં. હવે શું થશે એ વિચારું છું ત્યાં તો પવન બંધ થયો અને સાથે વાદળાં પણ દૂર જતાં રહ્યાં. આકાશ હતું એવું સ્વચ્છ બની ગયું. થાક ઊતરી ગયો. વરસાદના પાણીથી સ્નાયુઓ ખૂબ ઠંડા થયા હતા. રસ્તો પણ ઢોળાણવાળો હતો. બમણે વેગે હું ચાલવા માંડ્યો.

એક કલાક પછી રસ્તો એક ટેકરીના ઊંચા પેટાળમાંથી નીકળ્યો. નાની મોટી ટેકરીઓ બંને તરફ હતી. કોઇ બાજુમાં બોલતું હોય એવો અવાજ આવ્યો. કાન દઇને સાંભળ્યું. ઘડીક તો ભ્રમ જેવું લાગ્યું. ટેકરીને કિનારે ચડીને જોયું તો નીચે કોઇ ત્રણ માણસો દેખાયા. કાઢી શકાય એટલા મોટા અવાજથી મેં બૂમ મારી. બંને જણ ઊભા રહ્યા. હું તેમની પાસે ગયો.

'ભાઇ, આટલામાં કોઇ ગામ હશે કે?' મેં પૂછ્યું.

'તમારે ક્યાં જવું છે?' એકે કહ્યું.

'કેદારનાથ જવું છે.' મેં કહી દીધું.

બંને જાણે કે વિસ્મય પામ્યા હોય તેમ ઘડીક ચૂપ રહી બોલ્યા, 'આ તરફ ક્યાં કેદારનાથ? તમે ઊલટી દિશામાં જાઓ છો.'

'ત્યારે?'

'અહીંથી થોડે દૂર નદી આવે છે. ત્યાં એક સાધુ રહે છે. તેમણે કેદારનાથની ઘણી યાત્રાઓ કરી છે. તેમની પાસે જાઓ. રસ્તો બતાવશે.'

મુશ્કેલીને વખતે એકાએક સહારો મળી જાય ત્યારે આપોઆપ ઉત્સાહ ફૂટી નીકળે છે. હું પ્રસન્નચિત્ત બની ગયો. સાધુના નિવાસનું બરાબર ઠેકાણું પૂછીને ચાલવા માંડ્યો. સૂરજ ભગવાન ટેકરીઓની આડે આવી ગયા હતા. ગેર બેસવાને કેટલી વાર હશે એ કળી શકાય તેમ નહોતું. પણ બહુ વાર નથી એમ લાગતું હતું.

નદી તો આવી ગઇ. સામે પાર જઇને આમ તેમ જોયું. બાવાજીની કુટિર દેખાઇ નહિ. ફરીને જોયું. બે ચાર બૂમો પાડી. કદાચ બાવાજી બહાર ગયા હશે એમ ધારી કિનારેકિનારે બંને દિશામાં શોધ કરી. પેલાઓએ કહેલા નિશાની પ્રમાણે તો હું ભૂલો નહોતો પડ્યો. વળી બૂમો મારી. કંઇ જવાબ મળ્યો નહિ. જરા આગળ કિનારાથી દૂર એએક ખેતરવા ગયો. છેવટે બાવાજીની ઝૂંપડી મળી ગઇ.

ઝૂંપડી ઘટાદાર વૃક્ષોની વચ્ચે હતી. સહેજ ઊંચાણ પણ હતું. ચારે બાજુની દિશાઓ ખુલ્લી હતી. ઝૂંપડીના દ્વાર સામે જઇને ઊભો રહ્યો. મૃગચર્મ પર બાવાજી પડ્યા હતા. મને જોતાં જ તેમણે એક નજરે મારી સામે જોયું. મેં પ્રણામ કર્યા.

'આવો, બેસો.' તેમણે શાંત સ્વરથી કહ્યું.

હું અંદર જઇને નજીક બેઠો. ઉધરસના ડસકા સાથે બાવાજીએ પૂછ્યું: 'બેટા! ક્યાંથી આવે છે?' તેમણે જાણવા ખાતર નહિ પણ સહાનુભૂતિ ખાતર પૂછ્યું હોય એવો ભાસ થયો.

'કાશીથી નીકળ્યો છું.'

'ક્યાં જવાનો નિર્ણય છે?'

'નિર્ણય તો ખાસ નથી કર્યો. હવે વિચાર છે કે કેદારનાથ જવું.'

'શા માટે?'

'કેદારનાથની યાત્રા થશે.'

બાવાજીએ આંખો બંધ કરી કદાચ મારી યાત્રાનું પૃથક્કરણ કરતા હશે; હું તો તેમના મોં સામે જ જોઇ રહ્યો. કોઇ વડીલની ઓથમાં બેઠો હોઉં એવું લાગ્યું. મારા સ્વ. કાકા યાદ આવ્યા. ઘરનું કોઇ મને જરા યે મારી બેસતું તો તેઓ હેતથી મને તેડી લેતા અને મારનારને લડતાં મને મમતાથી વહાલ કરતા. એવું મમત્વ આ સાધુના ચહેરામાં મને દેખાયું.

'બેટા!' બાવાજીએ આંખ ખોલતાં જ કહ્યું, 'સૂરજ આથમી ગયો છે. તું ભૂખ્યો તો હોઇશ જ. થોડા ભાત રાંધી લે. ખાઇપીને વાતો કરીશું.'

આમ કહેતાં શાંત પડી રહેલા બાવાજી એકદમ ઊઠ્યા અને ગરીબને ઘેર કોઇ વણે દિવસે વહાલું

સગું આવ્યું હોય અને સત્કાર કરવા મથે તેમ ઉત્સાહથી હાંડલીમાંથી ચોખા કાઢવા માંડ્યા.

રાંધી, ખાઇપીને પરવાર્યો ત્યારે અંધારૂં પ્રસરી ગયું હતું. ઝૂંપડી બહાર બાવાજી બેઠા હતા. પવન વધ્યો એટલે તેઓ અંદર આવી બેઠા. પાસે હું ચૂપ થઇને બેસી રહ્યો.

'તારી ઉમર કાચી છે. કેળવશે તો સુંદર જિંદગી બનાવી શકાશ.' બાવાજીને ઉધરસ આવી. થોડી વારે શાંત થઇને એ બોલ્યાઃ 'મારી આ બિમારી મૃત્યુની છે. તેના હું દર્શન કરૂં છું. મને આનંદ છે. જગત તરફ દૃષ્ટિ કરૂં છું તો અપાર દુઃખ થાય છે. પોતાની જાતને જેમ કરોળિયો બાંધી દે છે તેમ માણસોએ પોતાના જીવનને અનેક ઉપાધિઓથી બાંધી દીધું છે. હું તેથી એમ નથી કહેતો કે બધા વૈરાગી થઇને વનમાં જઇ બેસે. પણ જીવનનો સાચો આનંદ તેઓ મેળવે એવી મારી કામના છે. પણ હું શું કરી શકું? કેટલા યે જન્મો મારે પોતાની જાતને ઘડવાની છે. સંસારના ઘડતરનું કામ પ્રકૃતિએ ઘણાના હાથમાં સોંપ્યું છે: પણ તેઓ શું કરી શકે! અંધકાર એટલો ઘન બન્યો છે કે તેમના હાથમાંના દીવાઓ સર્વત્ર ઉજાશ ફેલાવી શકતા નથી.'

હું સાંભળી રહ્યો અને બાવાજી અસ્ખલિત વાણીમાં બોલતા રહ્યા. યાદ છે. તેઓએ તો ઘણું કહ્યું હતું પણ એ બધું યાદ રહી શકે એવી મારી દશા જ નહોતી. યાદ રહ્યું તેટલું પણ મારા જીવનને ઘણું ઉપયોગી નીવડ્યું છે. મારો તેમની સાથે જિંદગીની છેલ્લી પળો પૂરતો જ સંપર્ક હતો એની મને ખબર નહોતી.

બાવાજીની સ્થિતિ ગંભીર બનતી ગઇ. ખાલી ઉધરસ સિવાય કોઇ જાતની રોગજન્ય અશક્તિ મેં તેમનામાં જોઇ નહોતી. તેમને ગભરામણ થતી લાગી.

'જીવ અકળાય છે?' મેં પૂછ્યું.

'હા, મૃત્યુ નજીક છે. તને પ્રભુએ જ અહીં મોકલ્યો છે. તારે હાથે મારો સંસ્કાર થાય એ ઉત્તમ છે. બ્રાહ્મણ છે, વળી પ્રવાસી છે.'

'આપ એ શું કહો છો! એવી કશી બિમારી તો નથી!' મેં કહ્યું.

'બિમારીનું જોર ચાલ્યું નથી. બિમારી એ મૃત્યુનું કારણ નથી. માત્ર નિમિત્ત છે. કોઇ બિમારી મૃત્યુને લાવી શકતી નથી. મારૂં આયુષ્ય પૂરૂં થયું છે. આ નદીને કિનારે જ મારો દેહ ભસ્મિભૂત કરજે.'

બાવાજીની તેજસ્વી આંખોમાં મેં નૂર ચમકતું જોયું. શાંત અવાજથી તેમણે પોતાનું જીવન કહી સંભળાવ્યું. સુખી કુટુંબ છોડીને તેમણે વૈરાગ્ય સાધ્યો હતો. એકજ ટકોરથી તેમનું જીવનનાવ દિશા બદલી ગયું હતું. જેમ જેમ મૃત્યુપળ નજીક આવતી ગઇ તેમ તેમ તેમનામાં ઉત્સાહ વધતો ગયો. તેમણે છેલ્લે મને જે ઉપદેશ આપ્યો તે ઘણો જ પ્રભાવશાળી હતો.

શાંતિથી, પ્રભુચિંતન કરતાં બાવાજીએ આંખો મીંચી દીધી. મૃત્યુનો તેમણે સુંદર રીતે સત્કાર કર્યો.

બાવાજીના દેહને અગ્નિસંસ્કાર કરીને હું પાછો વળ્યો. મારે હવે દિલ્હી જવું હતું. બાવાજીનું ત્યાં ઘર હતું. તેમનાં કુટુંબીઓને ખબર આપવા હતા. પાસે જ ગામ હતું ત્યાંથી નૈનિતાલ જવાનો માર્ગ જાણી લીધો.

ત્રીજે દિવસે નૈનિતાલ પહોંચ્યો. મિત્રોએ મને પાછો આવેલો જોઇ વ્યંગ કર્યો: 'અમે નહોતું કહ્યું કે ભટકવામાં મઝા નથી? આવ્યાને ઠેકાણે!'

'મઝા તો એવી છે કે જાણે જિંદગીભર ભટક્યા કરૂં. પણ લાચારીઓ ક્યાં ઓછી છે?'

'ત્યારે હવે?' મિત્રે પૂછ્યું.

'હવે દિલ્હી જવું છે.'

'વળી મગજ ભમ્યું લાગે છે.'

'ભમ્યું નથી, ફર્યું છે.'

દિલ્હી પહોંચ્યો. સીધો પોસ્ટ ઑફિસમાં ગયો. બાવાજીના પુત્ર ત્યાં નોકરી કરતા હતા. તેમને સમાચાર આપ્યા. સાંભળતાં જ તેમની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં અને મને બાથમાં પકડીને ડુસકાં ખાવા લાગ્યા. બીજા કર્મચારીઓ આ જોઇને નવાઇ પામ્યા.

'આજ દસ વરસે પિતાજીના ખબર મળ્યા. છેલ્લે છેલ્લે દર્શન આપ્યા હોત તો એક પ્રકારની શાંતિ મળત.' બાવાજીના પુત્રે આંખો લૂછતાં કહ્યું.

તેઓ મને ઘેર લઇ ગયા. બહોળું કુટુંબ હતું. સંસ્કારી અને ધર્મપ્રિય. ચાર દિવસ રોકાયો. લાગ્યું કે પોતાના કોઈ સ્વજનને ત્યાં આવ્યો છું. હું જવા તૈયાર થયો એટલે તેમણે રોકાવા ખૂબ આગ્રહ કર્યો, પણ મારા મનને શાંતિ ન હોતાં મેં દિલ્હી છોડ્યું.

ચાલુ)

જીવરામ જોષી

પંચતંત્રની વાર્તાઓ

કાગડો કહે, 'ભાઇ, તો કહે કે તે દુષ્ટસર્પનો વધ કેમ થાય.'

શિઆળ બોલ્યો, 'અહિં પડખે સરોવર છે ત્યાં રાજપુત્ર નિત્ય ન્હાવા આવે છે, ને સ્નાનસમયે એનું સુવર્ણસૂત્ર તીર્થશિલા ઉપર મૂકે છે, એ ચાંચથી ઊપાડી આવો ને નાગની બખોલમાં મૂકો. એટલે કુંવરના માણસો એને મારી નાખશે.'

આ યોજના પ્રમાણે કાગડીએ હેમસૂત્ર ઊપાડ્યું, ને આકાશમાં પોતાને દેખાડતી ધારે ધારે પોતાને ઘેર આવી. રાજપુરુષો એની વાંસે વાંસે આવ્યા. કાગડી સર્પના ભોણમાં કનકસૂત્ર નાખી દૂર જઈને ઊભી. રાજપુરુષો ઝાડે ચડ્યા ત્યાં સર્પને દીઠો, ને એને મારીને કનકસૂત્ર લઈ ગયા. આ પછી વાયસ-દંપતીએ ખાધુંપીધું ને રાજ કર્યું.

એટલે હું કહું છું: 'ઉપાયેથી બને જે તે' ઇત્યાદિ. વળી કહ્યું છે:

ઉપાયે સાધ્ય જે છે તે બલસાધ્ય બને નહિ ।
શિઆળે હણિયો હાથી ચાલતાં પંકમારગે ॥
॥ હિ૦ મિ૦ ૧૯૮ ॥

કરટકે કહ્યું 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૯ [હિતોપદેશની]

બ્રહ્મારણ્યમાં કર્પૂરતિલક નામે હાથી હતો. એને જોઈને સર્વે શિઆળ વિચાર કરવા મંડ્યા કે, 'જો આ કોઈ પણ ઉપાયથી મરે તો આપણને એના શરીરથી ચાર માસનું ભોજન મળી જાય.' ત્યાં એક બુઢ્ઢા શિઆળે પ્રતિજ્ઞા કરી કે 'બુદ્ધિપ્રભાવથી હું આનું મરણ સાધીશ.'

પછી તે ધૂતારો કર્પૂરતિલક આગળ જઈ સાષ્ટાંગ



કાગડીએ હેમસૂત્ર ઉપાડી લાવીને સાપની બખોલમાં નાંખ્યું. રાજપુરુષો તેની પાછળ પાછળ આવ્યા.

દંડવત્ પ્રણામ કરીને બોલ્યો, 'દેવ, પ્રસન્ન થઈને મારા ઉપર દૃષ્ટિ કરો.' હાથી કહે; 'તું કોણ છે? ક્યાંથી આવ્યો છે?' તે બોલ્યો, 'હું શિઆળ છું. સર્વ વનવાસી પશુઓએ મળીને આપ સમીપે મને પાઠવ્યો છે. રાજા વિના રહેવું અજુક્તું છે, અને આ વન-રાજ્યમાં અભિષેક કરવા સારુ આપ સર્વસ્વામિ-ગુણવાન્ જોવામાં આવ્યા છો. કેમ કે

પહેલો મેળવો રાજા, પછી ભાર્યા પછી ધન ।
રાજા હોય ન આ લોકે કેવી ભાર્યા કેવું ધન ॥૨૦૦॥

એટલે લગ્નની વેળા વીતે નહિ ત્યાં દેવ સત્વર પધારો.' એમ કહીને એ ચાલતો થયો. રાજ્યલોભમાં તણાયેલો કર્પૂરતિલક એની પાછળ પાછળ દોડતાં મોટા કાદવમાં ખૂતી ગયો, એટલે તે બોલ્યો, 'સખે શિઆળ, હવે શું કરવું?' શિઆળ હસીને બોલ્યો, 'દેવ મારી પૂછડીનું અવલંબન કરીને ઊઠો. મારા જેવાના વચન-માં તમે વિશ્વાસ રાખ્યો તો અશરણ દુઃખ અનુભવો.' આમ ખૂતેલા હાથીને શિઆળો ખાઈ ગયા. એટલે હું કહું છું: 'ઉપાયે સાધ્ય જે છે તે' ઇત્યાદિ.

આખ્યાન સમાપ્ત થયું એટલે દમનકે ફરી કહ્યું: 'આમ બુદ્ધિશાળીને કાંઇ અસાધ્ય નથી. કહ્યું છે, કે

બળ છે બુદ્ધિશાળીનું, બળ શું બુદ્ધિહીનનું।
વને સિંહ મદોન્મત્ત મરાણો સસલા થકી ॥૨૩૭॥

કરટક કહે, 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૯

એક વનમાં ભાસુરક નામે સિંહ હતો, તે નિરન્તર પશુઓને માર્યા કરતો હતો, એટલે સર્વ પશુ ઓએ મળીને મૃગરાજને વિજ્ઞપ્તિ કરી, કે 'દેવ, આમ મૃગમાત્રનો પરલોકવિરુદ્ધ ઘાણ કાઢવો એમાં શું સાર? તેમાં અમારો તો જાણે નાશ જ છે, પણ બે દિવસ પછી તારો આહાર પણ ખૂટી જાય, એટલે બેય પક્ષને ઉપદ્રવ છે. તે કરતાં અમે જ સ્વામીના આહાર સારુ જાતિક્રમ પ્રમાણે એકેક વનચર પ્રતિદિન મોકલતા રહેશું, જેથી તારી પ્રાણયાત્રા ક્લેશ વિના થાય, અને અમારો સર્વનાશ ન થાય.' સિંહ કહે, 'ભલે.'

એમ કરતાં એક દિવસ એક વૃદ્ધ સસલાનો વારો આવ્યો. સિંહને મારવાનો ઉપાય વિચારતો વિચારતો તે મોડો મોડો સિંહ આગળ જાય છે ત્યાં મારગમાં એણે કૂવો દીઠો. કૂવા ઉપર થઈને એ ચાલ્યો એવું એણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. તે જોઈને એણે વિચાર્યું: 'ઉપાય તો ભવ્ય છે. હું ભાસુરકને ચીડવી કરીને મારા બુદ્ધિબળથી આ કૂવામાં પાડીશ.'

સિંહ આગળ ગયો તો તેણે પૂછ્યું: 'ભોજનવેળા વીતી ગઇ એટલું બધું અસુર કેમ કર્યું? તારી ને બીજા પશુઓની હવે વાત છે.'

સસલાએ સવિનય કહ્યું, "સ્વામિન્, એમાં મારો કે પશુઓનો અપરાધ નથી. હું ને બીજા ચાર સસલા તારી આગળ આવતા હતા, ત્યાં વચ્ચે કોઇ બીજો સિંહ મળ્યો, તેણે કહ્યું, 'રે, તમે ક્યાં ઉપડ્યા? ઇષ્ટ દેવતાનું સ્મરણ કરો.' મેં કહ્યું, 'અમે સ્વામી ભાસુરક સિંહ આગળ ઠરાવ પ્રમાણે એના આહાર અર્થે જઈએ છિએ.' પછી તેણે કહ્યું, 'એમ હોય તો આ મારું વન છે. એટલે પશુઓએ ઠરાવ તો મારી હારે કરવો જોઇએ. ભાસુરક તો ચોર છે. એ રાજા હોય તો ચાર સસલા અહીં વિશ્વાસસ્થાને રહે, અને તું એને ઝટ અહિં તેડી આવ. પછી અમારા બેમાંથી જે પરાક્રમ કરીને રાજા બને તે આ સર્વને ખાય.' આમ વાર લાગી. હવે જેવી સ્વામીની આજ્ઞા."

ભાસુરક કહે, 'તો ભદ્ર, મને એ ચોરસિંહ સત્વર દેખાડ, એટલે પશુ ઉપર ચડેલી રીસ એના ઉપર ઉતારીને હું સ્વસ્થ થાઉં.'

સસલો કહે, 'સાચી વાત છે, સ્વામિન્, પણ એ સિંહ ગઢમાં વસે છે. અને ગઢવાસી શત્રુ સાધવો કઠણ છે.'

સિંહ કહે, 'એની કાંઇ ચિંતા નહિ. તું તારે મને એની આગળ તેડી જા.'

સસલો કહે, 'તો પધારો.' એમ કરીને એ સિંહને કૂવા આગળ લઈ ગયો, ને કહ્યું, 'સ્વામી, તારો પ્રતાપ સહન કરવા કોણ સમર્થ થાય? તને જોઈને ચોરસિંહ દુર્ગમાં પેસી ગયો છે. ચાલ, બતાવું.'

મૂર્ખ સિંહે કૂવામાં પાણીના મધ્યમાં પોતાનો પડ-છાયો જોઈને ગર્જના કરી. એની ત્રાડનો બમણો પડઘો કૂવામાંથી પડ્યો. એટલે ત્યાં શત્રુ છે એમ જાણીને એ એના ઉપર ત્રુટી પડ્યો અને પંચત્વ પામ્યો.

એટલે હું કહું છું: 'બળ છે બુદ્ધિશાળીનું' ઇ-ત્યાદિ. હવે આપ કહો તો ત્યાં જઇને મારા બુદ્ધિ-બળથી એની મૈત્રી તોડું.'

કરટક કહે, 'એમ હોય તો જા, તારું ધાર્યું કર.'

વાલજી ગોવિંદજી દેસાઈ

ફોટોગ્રાફી

પ્રિન્ટ ફિનિશિંગ : Print Finishing

સારામાં સારાં ચિત્રો, પ્રદર્શનમાં નહિ લેવાતાં કોણે નિરાશા અનુભવી નથી? ચિત્રનો વિષય અને વસ્તુ સારાં હોય, છાયા-પ્રકાશની ગોઠવણ સુરુચિકર હોય, એક્સ્પોઝર ચોક્કસ અને પ્રમાણસર હોય, યોગ્ય ડેવેલપમેન્ટ કરીને સારી નેગેટિવ ઉતારી હોય અને પ્રિન્ટ પૂરેપૂરા વર્ણભેદવાળો તથા આકર્ષક હોય, છતાં ય ચિત્રને જ્યારે પ્રદર્શનની દિવાલે સ્થાન ન મળે ત્યારે ખરેખર અકળામણ થાય છે અને ઘડીભર ફોટોગ્રાફી છોડી દેવાનો વિચાર થઈ આવે છે. પણ એમ નિરાશ થવાની જરૂર નથી. પ્રિન્ટ સારામાં સારો કાઢ્યા પછી પણ તેને પ્રદર્શનમાં મોકલતાં અગાઉ બીજી કેટલીક જરૂરી ક્રિયાઓ તરફ તમે પૂરતું ધ્યાન આપતા નથી તેથીજ એ પરિણામ નિપજે છે. એ ક્રિયાઓ તે પ્રિન્ટની ફિનિશિંગ છે.

બ્રોમાઇડ પેપરનું ડેવેલપમેન્ટ કર્યા બાદ તેને પ્રદર્શનમાં મોકલવાની ઘડી આવતાં સુધીની આ ક્રિયાઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) પૂર્વતૈયારીઓ (૨) પ્રિન્ટ ઉપર કરવાની ક્રિયાઓ અને (૩) પ્રિન્ટની રજુઆત માટેની તૈયારી.

પૂર્વતૈયારીઓ

સારી રીતે ધોવાએલા પ્રિન્ટને કેટલાક લટકતો સૂકવે છે, કોઈક ગમે ત્યાં પડ્યો પડ્યો એમજ સુકાવા દે છે, જ્યારે થોડાક જ કાળજીપૂર્વક પ્રિન્ટ પરનું વધારાનું પાણી ઈમલશનને આંચ ન આવે તેવી રીતે, સ્વચ્છ કપડાથી લૂછી લઇ, રજ ન ચડે તેવા સ્થળે સૂકાવા મૂકે છે. ભીના પ્રિન્ટની ઉપર નીચેથી વધારાનું પાણી લૂછી નાખ્યા બાદ શાહીના ડાઘા વગરના સફેદ બ્લૉટિંગ પેપર ઉપર ઊંધો સુકવવાની રીત સૌથી સારી છે.

સૂકાયા પછી પ્રિન્ટ હમેશાં થોડોઘણો કોકડું વળી જાય છે. એવા વળેલાં પ્રિન્ટને જોવામાં અને ચોડવામાં અનેક મુશ્કેલીઓ નડે છે. પ્રિન્ટની પીઠને પાણીથી સહેજસાજ ભીંજવી કોઇ ભારે સપાટ વસ્તુ નીચે (બને તો કૉપીઇંગ પ્રેસમાં) અરધોએક કલાક દબાવતાં તે સીધો થઇ જાય છે.

પ્રિન્ટ ઉપર કરવાની ક્રિયાઓ

પ્રિન્ટ ઉપર કરવાની ક્રિયાઓ બધી તો સફળતાથી 'રફ' કે 'મૅટ' સરફેસના કાગળો ઉપર જ થઇ શકે છે. એટલે એન્લાર્જમેન્ટ કાઢવા માટે એ કાગળો સૌથી વધારે અનુકૂળ છે.

સારામાં સારા એન્લાર્જમેન્ટમાં પણ થોડાઘણા ફેરફાર તો પાછળથી કરવા જેવા નીકળે છે જ. પ્રિન્ટ પરનાં કાળાં-ધોળાં ટપકાં દૂર કરવાનાં હોય છે; કોઇકોઇ સ્થળે નકામી વિગતો ઢાંકી દેવાની હોય છે; કેટલાક ભાગમાં વિષયની ડીટેલ કાઢી નાખવી પડે છે; તો ક્યાંક ક્યાંક ટોન અને ડીટેલ સુધારવાની એટલે કે આછી અગર ઘેરી કરવાની હોય છે. આ બધું કરવા માટે ભારે ખર્ચની જરૂર પડતી નથી. આ સાથેના ચિત્રમાં બતાવેલાં, નીચેનાં નજીવાં સાધનોથી તે થઇ શકે છે: ટોનિંગ પાઉડર, રૂ, પ્યુમિસ પાઉડર, ચોખ્ખુ મોટું રબર, ઝીણી અણીવાળું પેન્સિલના આકારનું રબર, ઘાટી કાળી પેન્સિલ, અસ્ત્રાનું પાનું, ઝીણું સેબલ બ્રશ અને કાળી શાહી બનાવવા માટેની ચાઇનિઝ ઇંકની સ્ટિક.

પ્રિન્ટના સામાન્ય ટોનમાં ચમક લાવવા માટે રૂના નાના સરખા પોલ વડે ટોનીંગ પાઉડર આખાયે પ્રિન્ટ ઉપર ગોળગોળ ઘસીને લગાડી જવો; અને ત્યારબાદ 'હાઇ લાઇટ' વાળા ભાગ પર ફરી વળેલો પાઉડર રબરથી ઉપાડી લેવો. તે પછી હાઇલાઇટવાળા ભાગની રબરથી ઘસાએલી કડક દેખાતી ધારોને પ્યુમીસ પાઉડર છાંટી, રૂના પોલથી ઘસીને ટોન મિલાવી લેવો.

પ્રિન્ટમાં જ્યાં જ્યાં ટોનને ખાસ ઘેરા બનાવવાની જરૂર જણાય ત્યાં પ્રિન્ટમાં ઊંડા આંકા ન પડી જાય એવા પોચા હાથે પેન્સિલથી આડીઅવળી લીટીઓ વડે ઝીણી જાળી પાડીને પછી તે પર પ્યુમીસ પાઉડર રૂ વડે ઘસીને ટોનની એકસરખી મિલાવટ કરવી.

પ્રિન્ટ પર આવી ગએલાં કાળાં ટપકાં કે ન જોઈતી પાતળી જેવી રેખાઓ વગેરેને રેઝર બ્લેડ વડે હળવેથી ઘસીને ઉડાવી લેવાં. બ્લેડ વાપરવામાં ખાસ કાળજી રાખવી નહિ તો પ્રિન્ટ પરનું ઇમલશન કપાઇ જતાં આખોયે પ્રિન્ટ રદ જશે.

છેલ્લે પ્રિન્ટ પરનાં ધોળાં ટપકાં કાઢવા માટે ચાઈનીઝ ઇંક સ્ટિકને પાણીમાં ઘસી એક ભીની પીંછી પર તેમાંની સહેજ શાહી લેઈ સૌથી પહેલાં કાળામાં કાળા ભાગનાં ટપકાં પૂરવાં અને હમેશાં ધોળા ટોન તરફ ઊતરવું. એથી ઘણી વાર પીંછી પર એકજ વખત લીધેલી શાહી વડે આખા પ્રિન્ટ પરનું કામ થઇ શકશે. આ બધી ક્રિયાઓ ધીરજથી, કાળજીપૂર્વક કરવાથી ધીમે ધીમે તેની આવડત આવી જશે.

રજુઆત

આમ તૈયાર થએલા પ્રિન્ટને યોગ્ય માઉન્ટ ઉપર ચોડવો એ પણ બહુ મહત્ત્વનું કાર્ય છે. પ્રિન્ટને માઉન્ટ કરવામાં બે હેતુ રહેલા છે. એક તો માઉન્ટ પ્રિન્ટનું રક્ષણ કરે છે, તેમજ વપરાશથી થતા ઘસારા સામે તેને ટકાવી રાખે છે; અને બીજું આજુબાજુની વસ્તુઓથી પ્રિન્ટને છુટો પાડી આકર્ષણમાં વધારો કરે છે. માઉન્ટિંગની ક્રિયાઓ તરફ બેદરકાર રહેનારાનાં સારાં ચિત્રો પણ અણમોલ્યાં રહી જાય છે.

સાધારણ ગુંદર કે લાહી વડે પ્રિન્ટને ચોડવાથી ડાઘાડૂઘીવાળું ગંદુ પરિણામ આવે છે. અને તેની રાસાયણિક ક્રિયાઓથી જતે દહાડે પ્રિન્ટ બગડી પણ જાય છે. વળી ગુંદર તથા લાહીમાં પાણી આવતું હોવાને લીધે પ્રિન્ટ અને

માઉન્ટ સુકાયા પછી કોકડું વળી જાય છે. એટલે સારી પદ્ધતિ તો ડ્રાઇ માઉન્ટિંગની છે. પ્રિન્ટના માપનો જ ડ્રાઇ માઉન્ટિંગ ટિશ્યુનો કટકો પ્રિન્ટ અને માઉન્ટની વચ્ચે મૂકી અસ્ત્રી વડે ગરમી અને દબાણ આપવાથી પ્રિન્ટ વળ્યા વિના અને સ્વચ્છતાથી ચોટી જાય છે. ઘણાં નિષ્ણાતો રબર સીમેન્ટ વડે પ્રિન્ટની ઉપરની ધારને માઉન્ટ પર ચિટકાવવાની રીત પસંદ કરે છે. આ બંને રીત મોંઘી અને ખર્ચાળ છે; પણ સલામત છે.

બને ત્યાં સુધી પ્રિન્ટને એકજ માપના માઉન્ટ ઉપર ચોડવા. બ્લૅક ઍન્ડ વ્હાઇટ પ્રિન્ટ માટે હમેશાં સફેદ માઉન્ટ લેવા. સેપીઆ ટોન કરેલા અને ક્રીમ પેપરના પ્રિન્ટને ક્રીમ કે બફ એટલે આછા પીળા કે ઝાંખા બદામી રંગના માઉન્ટ ઉપર ચોડવાથી ચિત્રનું આકર્ષણ વધે છે.


પ્રિન્ટને ક્યાં ચોડવો, ઉપર નીચે તથા બાજુએ કેટલી જગ્યા રાખવી, કલાકારે પોતાની સહી કરવી કે નહિ, કરવી તો કેવી રીતે—હરહમેશ કરતા હોય તેવી સ્વાભાવિક કે ખાસ ડિઝાઇનવાળા અક્ષરોથી લખવી, શાહી વાપરવી કે પેન્સિલ, ચિત્રનું નામ માઉન્ટ ઉપર લખવું કે પ્રિન્ટમાં જ કોઇ યોગ્ય જગ્યામાં લખવું—આ બધી વસ્તુઓ પણ ખાસ વિચાર માગી લે છે. અને દરેક પ્રિન્ટ માટે એ સઘળી વસ્તુઓમાં વિચારપૂર્વક ફેરફાર કરવા પડે છે.

ફોટોગ્રાફિક આલમમાં મિ. વિલિયમ મોર્ટેન્સન—William Mortensonનું નામ મોખરે છે. તેણે ફોટોગ્રાફીના જુદા જુદા વિષયો પર થોડાં પુસ્તકો લખ્યાં છે, જેમાંનું છેલ્લું પુસ્તક આ વિષય પર 'પ્રિન્ટ ફિનિશિંગ' નામથી તાજેતરમાં અમેરિકાની 'કૅમેરા ક્રાફ્ટ પબ્લિશિંગ કંપની-Camera Craft Publishihg Co.' એ બહાર પાડ્યું છે. ઉપર લખેલી માહિતી વાચકને એ પુસ્તકની ઉપયોગિતાનો આછો ખ્યાલ આપશે.

બલવન્ત ભટ્ટ

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ 'ગ્રામ્ય માતા':—પ્રાણલાલ પટેલ (અમદાવાદ), બીજું ઈનામ: 'શાળાનો પહેલો દિવસ';—નરેન્દ્ર નાયક











જમણી બાજુએ મથાળે: પ્રિન્ટ ફિનિશિંગનાં સાધનો—ડાબી બાજુથી અનુક્રમે: ટોનિંગ પાઉડર, રૂનો પોલ, પ્યુમિસ પાઉડર, જાડું રબર, ઝીણી અણીવાળું પેન્સિલ-રબર, રેઝર બ્લેડ, ઝીણી પીંછી, ચાઇનીઝ બ્લૅક શાહીની લાકડી, કઠણ રબરનો ટુકડો. વચ્ચે: (૧) પ્રિન્ટ ઉપર ચમક આણવા માટે આખા પ્રિન્ટ ઉપર રૂના પોલ વડે ટોનિંગ પાઉડર ઘસવાની ક્રિયા; (૨) તે પછી હાઇ લાઇટવાળા ભાગોને રબરથી ઉપાડી લીધા બાદ કડક ધારોને મુલાયમ બનાવવા માટે પ્યુમિસ પાઉડર લગાડવાની ક્રિયા; નીચે—ડાબી તરફ: બીન જરૂરી કાળા ભાગ રેઝર બ્લેડથી ઉઠાવી લેવાની ક્રિયા; જમણી તરફ: પ્રિન્ટ ઉપરના આછા ટોનને ઘેરા કરવા માટે પેન્સિલ લગાડવાની ક્રિયા.

(મુંબાઇ); ત્રીજું ઇનામ: 'ગરમ છે?' એન. એન. મૂળે (મુંબાઇ). નોંધપાત્ર: (૧) નવનીતલાલ શાહ-મુંબાઇ; (૨) નાગ સુરગ વાળા-કેશોદ; (૩) ભૂપેન્દ્ર પટેલ-વડોદરા; (૪) કાન્તિલાલ સોલંકી-ડભોઇ; (૫) ધીરજલાલ અજમેરા--માટુંગા.

બાળકને તેના કુદરતી વાતાવરણમાં હસતાં, રમતાં, કામ કરતાં કે તોફાન કરતાં પાડવામાં જ સાચી ચિત્રસૃષ્ટિ સર્જાય છે. સાધારણ સસ્તા કૅમેરા અને હલકા લેન્સવાળાં સાધનો વાપરનાર પણ આજે બજારમાં મળતી ઝડપીમાં ઝડપી ફિલ્મો વડે તદ્દન છાયામાં પણ સારા સ્નૅપ લઇ શકે છે. અગાઉ નડતી મુશ્કેલીઓ ઘણે અંશે આજે નાબૂદ થઇ છે. પરિણામે દિનપરદિન કૅમેરાની વપરાશનું ક્ષેત્ર બહોળું ને બહોળું બનતું જાય છે. આથી ધ્યાનપૂર્વક ફોટોગ્રાફી કરનારને માટે હવે બાળકો ઉત્તમ વિષય અને પાત્ર છે. બાળકની ફોટોગ્રાફી કરતાં એટલું ધ્યાન રાખવું કે બાળક કે પોતાની જાત થાકે નહિ; નહિતો બધી મહેનત એળે જવાની.

ભાઇ નરેન્દ્ર નાયકના ફોટો-ચિત્ર 'શાળાનો પહેલો દિવસ'માં નાની બાળકી સારાં કપડાં પહેરી, હાથમાં પેટી લઇ નિશાળે જતી ઝડપાઈ છે. પણ તે પાત્રના મુખ પરના ભાવ, ચિત્રના વિચારને અનુરૂપ નથી ચહેરામાં કંઇક અણગમો-અનિચ્છાએ ઊભા રહેવાનો ભાવ સ્પષ્ટ જણાય છે. પરાણે નિશાળે મોકલાતાં બાળકોમાંનું આ એક બાળક હોય તો કદાચ વિષયનું નામ અને પરિણામ બંધ બેસતાં ગણાય.

ત્રીજું ઇનામ જીતનાર ભાઇ મૂળેના ચિત્રમાં બૅકગ્રાઉન્ડની ગોઠવણ ખૂંચે તેવી છે. ઉપર કહ્યું તેમ ઘરમાં રમતા બાળકની છબી લેતાં, ઘરનું રાચરચીલું બૅકગ્રાઉન્ડમાં આવવા દેવામાં કાંઇ અજુકતું નથી; પણ તેના ટૉન અને રેખાઓ કોઇ રીતે મુખ્ય વસ્તુને ઢાંકી અગર પાછળ પાડી ન દે તેની સાવચેતી રાખવી. એ ચિત્રનું નામ પણ વિષયને યોગ્ય નથી. વળી ચિત્ર જરા દૂરથી લેવાની જરૂર હતી આ તથા ભાઇ નાયકનો પ્રિન્ટ બરાબર નથી. પ્રિન્ટ અને ફોટોગ્રાફીની બીજી ટેકનીકની દૃષ્ટિએ આ વખતનું પહેલું ઇનામ જીતનાર ભાઇ પ્રાણલાલનું 'ગ્રામ્ય માતા' ઘણું જ સારૂં કહેવાય. તદ્દન ભૂરા આકાશની બૅકગ્રાઉન્ડપર ઊભેલ ગામડાની કોઈ યુવતી કે માતાના આ ચિત્રમાં ગ્રામ્યજીવનમાં દેખાતી સરળતા તરી આવે છે. એની ચિત્રરચના ઠીક કહેવાય; જો કે કાખ ઉપર રાખેલું તગારૂં આંખને ખૂંચે છે અને ચિત્રના વિચારમાં થોડો વિસંવાદ ઉપજાવે છે.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ નવનીત શાહનો 'પેંડાં'નો પ્રિન્ટ નબળો છે. સંયોજન બરાબર નહિ હોવાથી વિકટૉરીઆનાં ચાર પેંડાં અને તેના ઓળાઓ વચ્ચે આંખ દોડયા કરે છે અને ચિત્રવસ્તુનું મુખ્ય લક્ષ્ય સમજાતું નથી. આ પ્રકારની વિલક્ષણ ફોટોગ્રાફી candid photogarphyનાં પ્રધાન-લક્ષણો ડિઝાઇન (સુમેળ રચના), અને texture (ગુણધર્મ દર્શન)માંનું એકેય લક્ષણ આ ચિત્રમાં નથી.

ભાઇ નાગ સુરગ વાળાના ફોટો-ચિત્ર 'કાંટાની વેદના'નો વિષય બહુ સારો છે. સીમના કૂવા કાંઠે એક બેઠુ બાળના પગમાંથી બીજો બાળ કાંટો કાઢી રહ્યો છે. કાંટાની વેદના, બાળકના મુખ ઉપર જણાય પણ છે; પરંતુ છાયા-પ્રકાશની રચના, બૅકગ્રાઉન્ડ વગેરે બરાબર નથી. અંજલિ પ્યાલે પાણી પીતા યુવાનના સ્નૅપને ભાઇ ભૂપેન્દ્રે 'જીવનની અસહ્ય પિપાસા' એવું વધારે પડતું નામ આપ્યું છે. નામ એકલું જ ચિત્રમાં ગુણ વધારી દેતું નથી. જીવનની રોજબરોજની સાધારણ ક્રિયાને ચિત્રનો વિષય બનાવવો એ સારૂં છે; પણ તેમાં સાચો ચિત્ર ગુણ લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. આ ચિત્ર પરથી કૅબિનેટ કે ફુલસાઈઝનો એન્લાર્જમેન્ટ કરી, યોગ્ય ટ્રિમિંગ કરતાં કદાચ સારૂં ચિત્ર બને તેવાં તત્ત્વો આ પ્રિન્ટમાં જણાય છે. ભાઇ અજમેરા અને ભાઇ સોલંકી બંનેના વિષયો એક જ છે. શહેર કે ગામડે ફરતાં પડાણ સરાણીઆ રોજ નજરે પડે છે. પણ આવા કોઇ કારીગરની છબી પાડતાં, તેનાં સાધનો, તેનો સાંચો, તેની ક્રિયાઓ વગેરે સ્પષ્ટ જણાય તેવી રીતે પાત્રને ગોઠવવું જોઇએ.

બલવન્ત ભટ્ટ

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૯ થી) મંદિરની મૂર્તિ ફરી ગઈ અને જે તરફ તે ઊભો હતો તે તરફ મૂર્તિનું મોઢું થયું. બધા લોકો ચકિત થયા.

એ પ્રસંગે પેલા અન્ત્યજ ભક્તે કરેલી પ્રાર્થનાની આજીજી અને પાછળની બારીમાંથી દર્શન થયા પછી બતાવેલી ધન્યતા તેણે એક સુંદર કાવ્યમાં ગાઈ છે. એનો અર્થ તો હું ન સમજ્યો પણ તે કાવ્યનો કરુણ રવ અને ભક્તિની ઉત્કટતા હજી મારા હૃદયમાં તાજાં છે.

दत्तात्रेय बालकृष्ण कालेलकर


કહેવત કથન ને કવિતા

ઉદ્યમથી દારિદ્ર મટે

ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે.
હલાવ્યા વગર ધાન પણ દાઝે
જ્યારે વળે પરસેવો, ત્યારે મળે મેવો.
ચાકરી કરતાં ભાખરી મળે.
હાથ હલાવ્યા વિના કોળીઓ યે મોંમાં ન પેસે.
उद्योगिनम् पुरुषसिंहमुपैति लक्ष्मी
ઝ
તરણે તરણે સુધરી, આદરજો જ ઘરાં;
કર ચાલે આળસ કરે, મોટી ખોડ નરાં.

પાકા પૂઠાનું પુસ્તક હાથે સાંધી લો

પાકા બાંધેલા કોઈ પુસ્તકની પીઠ ઘસાઇને, સીલાઇના દોરા તૂટી જઇને કે અસ્તર ફાટી જઇને પૂઠું નીકળી આવે ત્યારે નીચેની રીતે તમે તમારે હાથે એનું પૂઠું ફરી ચડાવી શકશો.



(૧) પહેલાં તો એ જૂનું પૂઠું અને તેને લાગેલા અસ્તરના કાગળ ખેંચી કાઢો. એકાદ ધારદાર ચપ્પુ વડે ચોપડીના બંને તરફના સાંધા પર કાપ મૂકવાથી તે નીકળી આવશે. (૨) હવે ચોપડીની પીઠ પર ચોંટેલી કપડાની કે કાગળની પટ્ટી અગર તેના ટુકડા જે કાંઈ ચોંટ્યા હોય તે ચપ્પુ વડે વતરડી કાઢો. (૩) ચોપડીની બંને બાજુની બહારની થપ્પીઓને ચિત્રમાં બતાવ્યા મુજબ ઉપરથી સીવી લો. (૪) પુસ્તકની કિનાર બહાર રહે એ પ્રમાણે તેની ખાંચમાં બરોબર ધાર ભરાવીને એક પાટિયા પર પુસ્તકને મૂકો, અને બંને તરફ અસ્તરના નવા ઘડ વાળેલા કાગળો ચિટકાવી દઈ ઘૂંટા વડે તે ખાંચમાં બરોબર મજબૂત ચોડી દો (૫) પીઠ પર મચ્છરદાની જેવા કાપડની નવી પટ્ટી તથા

તેના પર કાગળની પટ્ટી ચોડો અને ઘૂંટા વડે ઘસીને કરચલી સાફ કરી સજ્જડ બેસાડી દો. (૬-અ) કાઢી નાખેલા પૂઠાની બંને બાજુની પીઠ તરફની ધારને ચપ્પુથી કાપી સાફ કરી નાખીને (૬-બ) તે પરથી બબ્બે ઇંચના ગાળા જેટલું તેનું કાપડ ચપ્પુથી ઉખેડી ઊંચું કરી લો, અને એ પૂઠાના ટુકડાને પુસ્તકની બંને બાજુ, પીઠની ધારમાં બંધ બેસે તેમ ગોઠવી દો. (૭) હવે, એ પૂઠાના એ બંને બાજુના ઊંચા કરેલા છીંટના ગાળામાં દોઢ દોઢ ઇંચ પ્રવેશી રહે તેટલી પહોળાઈનો અને પૂઠા કરતાં એક ઇંચ લંબાઈનો એવો બાઇન્ડિંગ કાપડનો એક ટુકડો પુસ્તકની પીઠ માટે કાપો, અને તેના ઉપર સરેસ લગાવીને પછી તે પર બરોબર પુસ્તકની પીઠના જ માપની એક કાગળની પટ્ટી કાપીને વચ્ચોવચ્ચ મૂકી દો. એ પટ્ટી હવે પુસ્તકની પીઠ પર લગાવી દો અને ચોપડી ખેંચી લો, એટલે બંને બાજુનાં પૂઠાં પટ્ટી ઉપર માપસર આવી રહેશે. (૮) હવે પટ્ટીના ઉપરનીચેના છેડા અંદરની બાજુએ વાળી ચિટકાવી દો અને (૯) પડખેના દોઢ દોઢ ઇંચ વધેલા ગાળા પૂઠાના કાપડના ઉખેડેલા ગાળામાં નાખી ચિટકાવી દો, અને તે પર સરેસ લગાવી પૂઠાની છીંટ ત્યાં ચિટકાવી દો. (૧૦) સુકાઈ જાય એટલે અંદરના બંને તરફના અસ્તરના કાગળોની પૂઠા તરફની બાજુ પર લાહી લગાડી તેને પૂઠા સાથે ચોડી દો.

લાલા હરદયાલ

અનુસંધાન પૃષ્ઠ ૧૯૮થી

જર્મની સાથેનો એમનો ખટરાગ વધતો ગયો ને ધીમે ધીમે એ સંભાવના ઊભી થઈ કે જર્મની કદાચ તેમને બ્રિટનને હવાલે પણ કરી દે. એ પળ આવ્યા પહેલાં હરદયાલ ત્યાંથી નાસી છૂટ્યા. લાચાર, બીમાર, અસહાય એ ક્યાં ચાલ્યા ગયા એનો સાત સાત વર્ષ સુધી પત્તો ન લાગ્યો. બ્રિટિશ અને અમેરિકન જાસુસોની એમના માટેની ખાંખાખોળ ચાલુ જ હતી. કેટલાયે મુલકો ખૂંદી સાત વર્ષ પછી એ સ્વીડન પહોંચ્યા. ત્યાં ગૉટનબર્ગ યુનિવર્સિટીમાં ઇતિહાસના પ્રોફેસરનું સ્થાન તેમને મળી ગયું, ને ત્યાં જ મિસ આગડા એરિકસન સાથે ઇ. ૧૯૨૫માં લગ્નગાંઠથી તેઓ જોડાયા.

એ વખતનો એમનો જીવનવિગ્રહ કેટલો કપરો હતો તે કેટલાક ભારતવાસીઓએ હિંદુસ્તાન વિષે લેખો લખવાની તેમને પ્રાર્થના કરતાં તેમણે આપેલો જવાબ સૂચવે છે: 'અહીં ઠંડી સખત પડે છે ને મારી પાસે કોલસા આણવા પૂરતા યે પૈસા નથી. એ માટે મારે વધારાનાં ભાષણો આપી એ જોગવાઈ કરવાની રહે છે. પછી હિંદુસ્તાન માટે લેખો લખવાની ફુરસદ ક્યાં રહે?'

એ જવાબના પ્રત્યુત્તર રૂપે હિંદમાંથી ત્રીસ પૌંડની રકમ તેમને મોકલવામાં આવી. એ સાથે જ 'જગતના મહાન પુરુષો'ની તેમની નામીચી લેખમાળા શરૂ થઈ જે હિંદુસ્તાનના ત્યારના અગ્રગણ્ય પત્રોમાં નિયમિત છપાતી હતી.

પરદેશોના આટલા લાંબા વસવાટ પછી ફરી વતનનું મોં જોવાની હરદયાલની ઇચ્છા પ્રબળ થતી ગઈ. વળી ભાગેડુ જીવનને બદલે કંઈક સ્થિરતા તરફ પણ તેમનું મન વળ્યું હતું. બ્રિટનનો વડો પ્રધાન રામ્સે મૅકડોનાલ્ડ હરદયાલના ઘનિષ્ટ મિત્રોમાંનો એક હતો ને તેણે તેમના પર બ્રિટને લાદેલી પાબંદી ઉઠાવી લીધી. પરંતુ હિંદની સરકારે નમતું ન આપ્યું તે ન જ આપ્યું.

વતનનું મોં જોવાની હરદયાલની તલપ દિનોદિન ઉગ્ર બનતી ગઈ ને આખરે ૧૯૨૮માં માર્સેલ્સથી બનાવટી નામે તેઓ હિંદ આવવા ઉપડી નીકળ્યા. કોણ જાણે કેમ કરતાં એ ભેદ ફૂટી ગયો ને પોર્ટ સૈયદ ખાતે તેમની ધરપકડ કરવામાં આવી. પણ ત્યાંથી રાતોરાત જ લૉક-અપમાંથી નાસી છૂટ્યા ને પગપાળા જ કાઇરો પહોંચી ત્યાંથી ઇંગ્લંડ પાછા ગયા.

આ રોમાંચ પછી, અરવિંદ ઘોષ જેમ જ ઓચિંતો પલટો લઈ, રાજકારણથી વિરક્ત બની એ આધ્યાત્મિકતા તરફ ઢળી પડ્યા. આધ્યાત્મિક બાબતો તરફ વલણ તો એમને પહેલેથી જ હતું, પણ તે ઊર્મિજન્ય હતું, બુદ્ધિજન્ય નહિ. સ્વિટ્ઝર્લંડમાં હતા ત્યારે ઈશ્વરને પ્રસન્ન કરવા ત્યાંની હિમમય ગુફાઓમાં જઈને એ ધ્યાન ધરતા. પણ પછી ધીમે ધીમે બુદ્ધિનું સ્થૈર્ય આવતાં જતાં એ કટ્ટર નિરીશ્વરવાદી બની ગયા. આથી રખે કોઈ એમનામાં સંધિસાધુત્વ આરોપે. એમના પ્રમાણિક ને પવિત્ર જીવનમાં એવો દોષ આરોપી જ ન શકાય, કારણ લાલા લજપતરાયના શબ્દોમાં 'for him to believe was to act.'

ભગવાન બુદ્ધ તરફ હરદયાલને અપૂર્વ અનુરાગ હતો ને ઠેઠ ૧૯-૨૦ વર્ષની વયથી તે ઉત્પન્ન થએલો. વખત જતાં એને લગતા સાહિત્યના વ્યાસંગથી એ વધુ પુષ્ટ થયો, એના પરિપાકરૂપે એમણે 'સંસ્કૃત સાહિત્યમાં બોધિસત્ત્વ સિદ્ધાંત' લખી લંડન યુનિવર્સિટીને આપ્યો, જેના પર એમને ડૉક્ટર ઑવ ફિલૉ-

સોરીની ઉપાધિ મળી. સર્વત્ર વિદ્વત્તા ને સંશોધનના મહાગ્રંથ તરીકે તેની પ્રતિષ્ઠા થઇ. થોડા જ વખત બાદ એ યુનિવર્સિટીએ એમને પ્રાચીન ધર્મ ને ઇતિહાસના પ્રોફેસર તરીકે નીમી લીધા.

એમ તો હરદયાલે ઘણું બધું લખી નાખેલું છે. હિંદ, યુરોપ ને અમેરિકાનાં જાણીતાં સામયિકોમાં એમના અનેક લેખ પ્રસિદ્ધ થએલા છે. તરુણ વયમાં 'હિંદી સ્વરાજ્યકા માર્ગ' નામક હિંદી પુસ્તક એમણે બહાર પાડેલું. એ અરસામાં એ કવિતા પણ કરતા. 'Principles of Education' (કેળવણીના સિદ્ધાંતો) એ એમનું પુસ્તક મદ્રાસથી બહાર પડેલું છે. ૧૯૩૪માં બુદ્ધિવાદી સાહિત્યની જબરી પ્રકાશનસંસ્થા વૉટ્સ ઍન્ડ કંપનીએ એમનું 'Hints for self Culture' (સ્વ–સંસ્કારનાં સૂચનો બહાર પાડ્યું. એ પુસ્તકમાં એમણે આધુનિક સામાજિક, બૌદ્ધિક ને ઊર્મિપ્રધાન સઘળા પ્રવાહોનો સમાવેશ કરી દીધો છે.

એમનું સૌથી છેલ્લું પુસ્તક 'Twelve Religions and Modern Life' (બાર ધર્મો અને આધુનિક જીવન). પાકટ વયે એ લખેલું હોઇ, અનુભવજન્ય, જોરદાર ને અસંદિગ્ધ વિધાનોથી એ આખું ભરપુર છે. આજના યુગને પથ્ય એવી શાંતિપ્રિય અને બુદ્ધિવાદી આખી પોતાની જ અનોખી ફિલસૂફી 'દયાલવાદ' (Dayalism)નું એમાં રેખાદર્શન કરાવ્યું છે. એ અભિજાત તત્ત્વદૃષ્ટિ–Dayalism–ના શિક્ષણ અને પ્રચાર અર્થે થોડા જ મહિના પૂર્વે એમણે ઇંગ્લંડમાં એજવેર મુકામે 'મૉર્ન કલ્ચરલ ઇન્સ્ટીટ્યુશન'ની સ્થાપના કરેલી છે. તત્ત્વશોધનની પ્રયોગશાળા સમું જ જેમનું જીવન હતું એવા એ બડભાગી દ્રષ્ટા સાઠ વર્ષ પૂરાં થતાં પોતાનું જીવનચરિત્ર પણ લખવાના હતા, પરંતુ એ આશા પૂરી ન થઇ.

એમના જેવી બુદ્ધિમત્તા, કલ્પનાસમૃદ્ધિ, બહુશ્રુતતા ને વિદ્વત્તા ધરાવતા માણસો હિંદમાંથી તો શું, જગતભરમાંથી ગણ્યાગાંઠ્યા નીકળે. અનેક યુનિવર્સિટીઓ ને શિક્ષણસંસ્થાઓ એમનું હાર્દિક સ્વાગત કરતી. એમની અનોખી વાક્છટાથી એ 'હિંદના મૅકૉલે' તરીકે ઓળખાતા. અનેક ભાષાઓ પર એમણે કાબૂ મેળવ્યો હતો. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન કે સ્વીડિશ, હિંદી, ઉર્દુ, સંસ્કૃત કે ફારસી બધી ભાષાઓમાં માતૃભાષા સમાન એ વાગ્ધારા વહેવડાવી શકતા હતા. છેલ્લે એમણે ગ્રીક ને એસ્પેરન્ટો શીખવા માંડી હતી.


જગતના સાંસ્કૃતિક સમુદ્ધાર માટે એ છેલ્લાં દસ વર્ષમાં એટલું મથ્યા છે કે પૂર્વોક્ત ગ્રંથોમાંનો એકે એમણે ન લખ્યો હોત તો યે જગતના એ ચિરવંદ્ય પુરુષ રહેત. એ બુદ્ધિશાળી જ નહિ, એક બૌદ્ધિક પરિબળ હતા, ને તેનું કારણ એમનાં સત્યનિષ્ઠા, તત્ત્વાન્વેષક પ્રતિભા ને વિસ્તૃત વાચન.

છેલ્લાં દસ વરસથી લંડન યુનિવર્સિટીમાં તેઓ ઇતિહાસ ને નીતિશાસ્ત્રના અધ્યાપકનું સ્થાન સંભાળતા હતા. આંતરરાષ્ટ્રીય તત્ત્વ પરિષદ, આંતરરાષ્ટ્રીય સુલેહ પરિષદ, પી.ઇ.એન., ઍરિસ્ટોટેલિયન સોસાએટી વગેરે સંસ્થાઓના સભ્ય અને વિશ્વધર્મસંઘના ઇંગ્લંડ ખાતેના મંત્રી હતા. ગયા ઑક્ટોબરમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં પાંચમી વિશ્વધર્મ પરિષદની સંયોજનામાં ભાગ લેવા તેઓ ગએલા. ત્યાં જ ઊંઘમાં હૃદય બંધ પડી જતાં ગઇ તા. ૫મી માર્ચના રોજ એમનું અવસાન થયું. તા. ૭મીએ મિ. એડવિન કૅલિયર અને કેદારનાથ દાસગુપ્તાએ એમનો અગ્નિસંસ્કાર કર્યો, અને તા. ૧૨મીએ ન્યૂયૉર્કમાં હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, બૌદ્ધ, યહૂદી, શિખ ને હ્યુમૅનિસ્ટોએ એમને શ્રદ્ધાંજલિ અર્પી. એમનો છેલ્લો સંદેશો આ હતોઃ 'વિશ્વકલ્યાણની મંગળ ભાવનાઓની ભૂમિકા પર ભ્રાતૃભાવની લાગણીઓનો સ્વાભાવિક વિકાસ થાઓ.'

પોતાની જગહિતકારી પ્રવૃત્તિઓથી હરદયાલ જન્મે હિંદી છતાં પણ જાગતિક સંપત્તિ બની ચૂકયા હતા. પૂર્વ અને પશ્ચિમનું એમનામાં સફળ ને સપ્રમાણ એકીકરણ થયું હતું. જગત આખું એમના નામ પર ગૌરવ કરતું, કારણ એમનામાં આજની સંસ્કૃતિના ગાત્રમાં નવું બળ પૂરવાની તિતીક્ષા હતી. પણ અફસોસ! હિંદ છેવટ સુધી એમને સતકારી ન શક્યું. ઠેઠ ગયા સપ્ટેંબરમાં એમના પરનો પ્રતિબંધ દૂર કરાયો. ત્યારથી અમેરિકાથી હિંદ આવવા સંબંધમાં મિત્રો જોડે પત્રવ્યવહાર શરૂ કર્યો હતો, પણ માદરવતનનું મોં એ ન જોઇ શકયા તે ન જ જોઇ શકયા.

આજે લાલા હરદયાલ મનુષ્ય તરીકે આપણા વચ્ચે નથી, પણ એક પરિબળ તરીકે તે સદા હયાત રહેશે. ભારતની જુવાની એ પરિબળમાંથી પ્રેરણાસંદેશ મેળવતી રહે.

અશોક હર્ષ



છગન: કાલે અમારા માસ્તરની ખુરસીમાં મેં ત્રણ ટાંકણીઓ ખોસેલી.

મગન: ઓહો, ત્યારે તો બિચારો બેસી યે નહિ શકતો હોય.

છગન: હા, અને આજે હું યે નથી બેસી શકતો!

નોકર: સાહેબ, ડાક્તર આપને જોવા માટે આવી ગયા છે.

માંદા પ્રોફેસર: એમને કહી દે કે હું બિમાર હોઇ મુલાકાત આપી શકું એમ નથી.

ડૉક્ટર: હં, આજે ઉધરસથી કષ્ટ નથી ખરું ને?

દર્દી: હા, મને કાલ આખી રાતની પ્રેકિટસ થઇ ગઇ છે.

નોકર: સાહેબ, આપને સવારના કયારે ઉઠાડવા આવું?

સાહેબ: હું ઘંટડી વગાડું ત્યારે.

બા: બાબુ, નદીમાં બહુ દૂર ન જતો.

બાબુ: પણ બાપા તો કેટલેય દૂર સુધી જાય છે ને?

બા: હા, પણ એમણે તો જિંદગીનો વીમો ઉતરાવેલો છે.

દરેક વાતમાં પોતાનો વિરોધ કરતા નાનુને સાથે લઇ એક દિવસ ફરવા નીકળતાં વસંત બોલ્યો: 'આજે હું તને એક એવી વાત કહીશ કે જેનો તું વિરોધ જ ન કરી શકે.'

નાનુ: તો કહે જોઇએ.

વસંત: જો, હું કહું છું કે આ પર્વત ઊંચો છે.

નાનુ: ખોટી વાત; ફક્ત તેનાં શિખરો જ ઊંચાં છે.'

'મારી પત્ની હાર્મોનિયમ શીખે છે ને મારો છોકરો તબલાં શીખે છે.'

'અને તમે?'

'હું? એ દુઃખ શાંતિથી કેમ સહન કરવું એ શીખું છું.'

'બાપા, એક પૈસો આપોને?'

'જો, હવે તું કંઇ નાનો નથી કે પૈસો માગે.'

'તો આનો બેઆના-તમારી મરજી પડે તે આપો.'

રમુ: મારા બાપા એક જ હાથે મોટર ઊભી રાખી દે છે.

જમુ: કોઇ મોટા સરકસમાં હશે.

રમુ: ના રે ના, પોલીસ ખાતામાં!

'કેમ, કયાં ગયા હતા?'

'વાળ કપાવવા.'

'ઑફિસના ટાઇમે?'

'હા, ઑફિસના ટાઈમે જ ઊગેલા.'

પ્રોફેસર: જોયું! કેવો સરસ રેડીઓ લાવ્યો છું? દર મહિને માત્ર પાંચ જ રૂપિયા ભરવાના.

પત્ની: કેટલા મહિના સુધી?

પ્રોફેસર: અરે, એ પૂછવું તો ભૂલી જ ગયો.

'બાપા, તમે કયાં જન્મ્યા હતા?'

'મુંબાઇમાં'

'અને બા?'

'અમદાવાદમાં.'

'ને હું!'

'વડોદરામાં'

'તો પછી આપણે ત્રણ ભેગા કયાંથી થઇ ગયા!'

'સદ્‌ગૃહસ્થની વ્યાખ્યા શી!'

'આપણે જેને પૂરા ન ઓળખતા હોઇએ તે.'

બા: બાબુડા, આ નાનુને પેટમાં આવી જોરથી લાત મારી તે તારી અક્કલ કયાં ગઇ હતી?

બાબુ: મારી અક્કલ તો ઠેકાણે હતી બા, પણ એની ન હતી. મેં પાછળ લાત તાકી ને એ આગળ ફરી આવ્યો.

'આંકડા કદી જૂઠા ન પડે,' પ્રોફેસર ગર્વથી બોલ્યા! 'દાખલા તરીકે, એક ઘર ૧ માણસ ૧૨ દિવસમાં બાંધે તો ૧૨ માણસો તે ૧ દિવસમાં પૂરું કરે જ.'

'સાચું,' એક વિદ્યાર્થી ઊભો થયો: 'એ રીતે ૧૨ને બદલે ૨૮૮ માણસો ૧ કલાકમાં પૂરું કરે, ૧૭૨૮૦ માણસો ૧ મિનીટમાં પૂરું કરે, ને ૧૦,૩૬,૮૦૦ માણસો ૧ સેકંડમાં—તમે ધારો છો કે એટલા વખતમાં એ એક ઈંટ પણ મૂકી રહે?'

પ્રોફેસર તતફફ થઈ ગયા, ત્યાં તો પેલા ચેકુસના ભેજાએ આગળ ચલાવ્યું: 'અને ૧ વહાણ આટલાંટિક મહાસાગર ૬ દિવસમાં પસાર કરે તો આંકડાશાસ્ત્ર પ્રમાણે ૬ વહાણો ૧ દિવસમાં પસાર કરી શકશે?!'

પ્રોફેસરનું ભેજું ગુમ!

આ મહિનો (મે) . . . . અને એની પ્રતિભા

તા. ૧ પરદેશોમાં હિંદ માટે પ્રચાર-ખાતું ખોલવા કૉંગ્રેસને રૂા. ૧૦,૦૦૦નું અનામી દાન મળ્યું–ઈ. ૧૯૩૬

તા. ૨ આબીસીનિયાના શહેનશાહ દંપતીએ અદીસ અબાબાનો ત્યાગ કર્યો ને તા. ૯મીએ મુસૉલિનીએ એને ખાલસા જાહેર કર્યું–ઇ. ૧૯૩૬

તા. ૬ માનસપૃથક્કરણના યોજક મહાન માનસશાસ્ત્રી સિગ્મુંડ ફ્રૂડનો જન્મ–ઇ. ૧૮૫૬

તા. ૯ 'પીટર પાન'ની ઉત્તમ કુમાર-કથાના સર્જક અંગ્રેજ નાટકકાર જેમ્સ બેરીનો જન્મ–ઇ. ૧૮૬૦

તા. ૧૧ કર્નલ આર્ચીબાલ્ડ કૅમ્પબેલે બંગાળ ને મદ્રાસના લશ્કર વડે રંગૂન સર કર્યું–ઇ. ૧૮૨૪

તા. ૧૭ મરાઠી રિયાસતકાર ગોવિંદ સખારામ સરદેસાઇનો જન્મ–ઇ. ૧૮૬૫ ** શીતળાની રસીના શોધક એડવર્ડ જેનરનો જન્મ–ઈ. ૧૭૪૯

તા. ૨૨ બ્રિટિશ પાર્લામેન્ટે ૨૧ વર્ષ ઉપરની તમામ સ્ત્રીઓને મતાધિકાર આપતું બિલ પસાર કર્યું–ઇ–૧૯૨૮ ** તિબેટનોએ નાતોંગ મુકામે જનરલ ગ્રેહામના સૈન્ય પર હલ્લો કર્યો–ઇ ૧૮૮૮

તા. ૨૪ ઇંગ્લંડના રાજા જેમ્સ પહેલાએ સર જેમ્સ કનિંગહામને સ્કૉટિશ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો પરવાનો આપ્યો–ઇ. ૧૬૨૭ ** જનરલ મેડોઝે ટીપુ સુલતાન સામે કોઇમ્બતૂર લેવા ચડાઇ કરી–ઇ. ૧૭૯૦

તા. ૨૫ સમર્થ કેળવણીકાર શ્રી આશુતોષ મુકરજીનું અવસાન–ઇ ૧૯૨૪

તા. ૨૬ બ્રિટને સોવિયેટ રશિયા સાથે પહેલવહેલી મૈત્રિ બાંધી–ઈ ૧૯૨૭

તા. ૨૯ ક્રૉમવેલના અવસાન બાદ ઇંગ્લંડમાં રાજાશાહીની પુનઃસ્થાપના–ઇ.૧૬૬૦

તા. ૩૦ હિંદના જુલમી ને રૂશ્વતખોર ગવર્નર વૉરન હેસ્ટિંગ્સ વિરુદ્ધ ઇંગ્લંડની પાર્લામેન્ટમાં લૉર્ડ રૉકિંગહામના પ્રધાનમંડળે ઠરાવ પસાર કર્યો-ઈ. ૧૭૮૨



આ માસની વિભૂતિ
ગોવિંદ સખારામ સરદેસાઈ

ઈ. ૧૮૬૫ના મેની ૧૭મીએ હસોલ મુકામે જન્મ. રત્નાગિરિ હાઈસ્કૂલમાં એમણે શિક્ષણ મેળવ્યું, જ્યાં એમની બુદ્ધિપ્રભા જોઇ એમના શિક્ષક શ્રી મોરેશ્વર વામન કીર્ત્તને એમને પોતાના જમાઇ બનાવી લીધા. મૅટ્રિક પસાર કર્યા પહેલાં ઇ ૧૮૭૪માં કુમારી ગંગૂતાઇ કીર્ત્તન સાથે લગ્નથી જોડાયા. ૧૮૮૮માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં બી.એ. થયા. ઈ. ૧૮૮૯માં શ્રી સયાજીરાવ ગાયકવાડે પોતાના સમાચાર પત્રે વાંચી સંભળાવવાના (રીડર) પદે નિયુક્ત કર્યા. ત્યાર બાદ એક વર્ષ રહીને રાજકુમારોના શિક્ષણનું કાર્ય એમને સોંપવામાં આવ્યું.

આ નોકરી દરમિયાન હિંદમાં અનેક ઠેકાણે ફરી તેમણે ઐતિહાસિક સ્થાનોની મુલાકાતો લીધી ને પાંચેક વખત મહારાજા સાથે યુરોપની સફર ખેડી. આથી એમની ઇતિહાસદૃષ્ટિ ખૂબ કેળવાઇ. રાજપુત્રોનું શિક્ષણ સમાપ્ત થતાં મહારાજાએ ઇ. ૧૯૧૨માં તેમને પોતાના અંગત હિસાબખાતાના ઉપરી નીમ્યા

વડોદરામાં રહી એમણે અનેક સ્વરૂપે સાહિત્યમાં પદાર્પણ કર્યું. મૅકિયાવેલીના 'પ્રિન્સ'નો અનુવાદ, 'ઇંગ્લંડ દેશાચા વિસ્તાર'ના બે ભાગો, 'શાળોપયોગી ભારતવર્ષ' નામક સંક્ષિપ્ત છતાં સર્વાંગપૂર્ણ ઇતિહાસ, તથા મહારાજાની આજ્ઞાથી જુદી જુદી રમતો પરના પુસ્તકો લખ્યાં. પરંતુ એમનો આરાધ્ય દેવ તો ઇતિહાસ હતો ને ૧૯૦૦ની સાલમાં 'મુસલમાની રિયાસત ના પ્રથમ ખંડથી એની આરાધના એમણે શરૂ કરી જે આજ સુધી અસ્ખલિત રહી છે. એ ઇતિહાસમૂર્તિએ આજ સુધી રિયાસતોના સૌ મળી અગિયાર ખંડો બહાર પાડેલા છે (બે ખંડ મુસલમાની, આઠ મરાઠી ને બે બ્રિટિશ, જેમાં બ્રિટિશ રિયાસતનો છેલ્લો ખંડ બાકી છે.)

શ્રી નૃસિંહ કેલકરે એમને કહેલું કે 'ઇતિહાસને તમે તમારો પુત્ર માન્યો છે ને તે અમર છે,' એ યથાર્થ જ છે. એમનું આખું જીવન તપાસો. એ ઇતિહાસની પરિપૂર્તિ જ જણાશે. પેશવાઇ દફતરના ૪૫ ખંડોનું સંશોધન કરી એમણે કરેલું પ્રકાશન એમના શ્રમની યશકલગી છે. એ માટે નાણાંની તંગી પડતાં સર જદુનાથ સરકાર સાથે રખડી એમણે ૧૨૦૦૦ રૂપિયાનું ભંડોળ ભેગું કરેલું. એ મહાકાર્ય માટે ૧૯૩૪માં મહારાષ્ટ્રની જનતાએ એમનું જાહેર સન્માન યોજી પારિતોષિક આપેલું, જેમાં શ્રી સરકાર પણ હાજર હતા.

પટના વિશ્વવિદ્યાલયમાં એમણે આપેલાં વ્યાખ્યાનો 'Main currents of Maratha History' નામે પ્રસિદ્ધ થઇ અનેક ભાષાઓમાં અનુવાદિત થઇ ચૂક્યાં છે. નાગપુર વિશ્વવિદ્યાલયમાં આપેલાં 'બળવાન મરાઠાશાહીચે અન્તઃસ્વરૂપ' પણ ૧૯૩૬માં પ્રસિદ્ધ થએલ છે. ગ્વાલિયરના મહારાજાએ મહાદજી સિંધીઆના કાગળ પત્રોના સંશોધનનું એમને સોંપેલું કામ-પણ સંપૂર્ણ કરી ૧૯૩૮માં તે બહાર પાડેલ છે, પૂનાના રેસિડન્સી રેકૉર્ડ્સના પત્રવ્યવહારના પાંચ ખંડો બહાર પાડી આજકાલ સર જદુનાથ સરકાર સાથે પેશવાઓના દરબારના અંગ્રેજી વકીલના પત્રવ્યવહારનું સંપાદનકાર્ય તેઓ કરી રહ્યા છે, શ્રી સરકાર સાથે સંશોધનકાર્યમાં એમનું જીવન એટલું જોડાએલું છે કે ભવિષ્યમાં એકનું ચરિત્ર લખનારે બીજાના વ્યક્તિત્વનો તેમાં સમાવેશ કરવો જ પડશે.

ગુજરાતના ઇતિહાસને આવી તેજશિખા ક્યારે સાંપડશે?



મધુકરી

કોની તારકતેજસૂચિએ ઘોર તિમિર ભેદાય?
કોને શ્વાસે નિહારિકાના ઘન ગગને ઘુમરાય?
અચેતનથી કોનાં ચેતનબીજ અંકુરિત થાય?
કોની સુંદરતા હૃદયંગમ રંગ ધરી પમરાય?
હૃત્કંદરમાં પડછંદાતું નિગૂઢ કોનું નામ?
કાળતાણે કાળજડે કોનો શાશ્વત છે આરામ? —પૂજાલાલ

કેનજી દોઇહારા—જાપાનનો લૉરેન્સ

આકાશમાંથી બૉંબમારો ચલાવતા વિમાનોના ગણગણાટ અને મશીનગનો ને રાઇફલોના ધણધણાટોથી ચીનનું વાતાવરણ આજે કંપી ઊઠ્યું છે. જાપાનની પેશકદમી આગળ વધતી જ જાય છે ને દિવસોદિવસ યુદ્ધની દારૂણતા વધતી જાય છે.

એ ત્રાસજનક પ્રકંપનું મૂળ કારણ કયું? બે વરસ પર ગ્રુમ ભેજાના એક ચીના સંત્રીએ પેકિનની દીવાલો નજીક વ્યૂહરચના કરતી જાપાની ટ્રૂપો પર ગોળીબાર કર્યો. અને એની સાથોસાથ જાપાની લશ્કરને ચીન પર સીધી કૂચ કરવાનો હુકમ મળ્યો.

ત્યારબાદ એકાદ બે અઠવાડિયાં પછી બીજો એક બનાવ શાંઘાહી મુકામે બન્યો એક મોટરમાં બેઠેલી જાપાની સૈનિક ટુકડીએ ત્યાંના વિમાનક્ષેત્રમાં ધસી જવાનો પ્રયાસ કર્યો ને ત્યાંના ચીના સંત્રીએ તેને રોકી. સામસામા ગોળીબાર થયા. બે ચીના ને બે જાપાની માર્યા ગયા. જાપાનના કાફલાને પૂરઝડપે શાંઘાઈ પર ધસી જવાનો હુકમ મળ્યો.

ખૂનખાર યુદ્ધમાં પરિણમેલાં આ બે નજીવાં કારણો. મંચૂરિયાના આક્રમણ માટે પણ જાપાનને એવાં જ કારણો મળ્યાં હતાં. અને એ કારણો આકસ્મિક નહિ પણ ઇરાદાપૂર્વકનાં હતાં જાપાની કર્નલ લૉરેન્સ તરીકે ઓળખાતો મેજર કેનજી દોઇહારા એ કારણોનો ઉત્પાદક. જાપાનનો એ રહસ્યપુરુષ છે; ને જાપાનને લડવાનાં બે લૂલાં કારણો આપનાર આ બે નજીવા પ્રસંગો પણ એના ઉપજાવેલા મનાય છે.

ટૂંકી મૂછો ને બેવડિયા બાંધાના, ૫૪ વર્ષની વયે પણ તરુણ જેવા દેખાતા એ દોઇહારા માટે ટોકિયોમાં તો કહેવાય છે કે, 'દોઇહારા વગરનો સેનાપતિ હોકાયંત્ર વગરના માલમ જેવો છે.' પણ, દોઇહારાને પોતાને ધર્મગુરુઓ, કારકૂનો, વેપારીઓ, ગોલંદાજો, છૂપાં મંડળોનાં સભ્યો, ગેઇશાઓ ને ગાયક છોકરીઓ વગેરેનું બનેલું જાસુસોનું જબરૂં લશ્કર છે. અને સીંગાપોર ને હૉંગકૉંગની કિલ્લેબંદીની જે વિગતો એ જાણે છે તે બ્રિટિશ અફસરોને યે ચકિત કરે છે.



શાંઘાઇ, ટીએન્ટસિન કે પેકિનની શેરીઓમાં કદાચ એ નજરે પડે તો કોઇ એને ઓસાકાની એકાદ વેપારી પેઢીનો પ્રતિનિધિ હોવાનું જ ધારી લે. એના હાથમાં હમેશાં રહેતી નાની બૅગમાં કોઇવાર કાપડના નમૂના હોય છે, પણ મોટે ભાગે તો એ હજારો યેનો ને ચીની ડૉલરોની નોટોથી ભરેલી હોય છે, જે એ પોતાના એજન્ટોમાં છૂટથી વહેંચી આપે છે.

એનું સ્મિત અને ગઠેલું આનંદી ઠીંગણું શરીર એને અનેક મિત્રો મેળવી આપે છે. ચીનના કોઇ શહેરમાં એ પોતાનો મુકામ રાખે છે ત્યારે એક આલેશાન ઘરમાં પુષ્કળ રાચરચીલા ને દમામ સાથે રહે છે. એના મિજબાનો હમેશાં શ્રીમંત વેપારીઓ, તાઇપાનો, ચીના સેનાધ્યક્ષો, મહત્ત્વાકાંક્ષી રાજકારણીઓ ને બળવાખોરો સુદ્ધાં હોય છે. અને દોઈહારા એમનાં લાલચ અને મહત્ત્વાકાંક્ષાનો કુનેહપૂર્વક દાણો ચાંપી જુએ છે. ઘણી વખત એનાં કાવતરાં ફૂટી જાય છે ને ચીની જનતા ઉખડી નીકળે છે. પણ દોઇહારા ત્યારે પણ પોતાની કુનેહ કામે લગાડે છે. હ્યુ નામના ચીના સેનાપતિ વિરુદ્ધ જનતા ઉશ્કેરાતાં તેણે તેને લૉન્ડ્રી બાસ્કેટ (ધોવાનાં કપડા માટેની ટોપલી)માં જાપાન પહોંચાડી દીધેલો. એ જ રીતે જીવ બચાવવા નાસતા પદભ્રષ્ટ કિશોર શહેનશાહ પુ-યીને તેણે ટીએન્ટસિનના જાપાનીઝ કન્સેશનમાં આશ્રય આપેલો. એ આશ્રય પાછળ મંચૂરિયાની ભાવિ નેમ રહેલી હતી.

દોઈહારા લશ્કરમાં ઇન્ફન્ટ્રી ઑફિસર તરીકે દાખલ થએલો, પણ એની કારકિર્દી આશાજનક લાગતાં એને ખાસ અભ્યાસક્રમ માટે સ્ટાફ કૉલેજમાં મૂકવામાં આવ્યો. ઈ. ૧૯૧૮માં, ત્યારે ચીનના એક પ્રાંત ગણાતા મંચૂરિયામાં 'ખાસ' કામ માટે મોકલાવવામાં આવ્યો. ચૌદ વરસ સુધી તે એ ભૂમિમાં રખડ્યો, ચીની ભાષા શીખ્યો, ચીનાઇ માનસની પરખ કરી અને યુદ્ધાત્મક નજરે જ સમગ્ર ભૂમિનો એણે પરિચય સાધ્યો.

જાપાન પાછા ફરતાં જ એને જાપાનીઝ જાસુસ ખાતાના મુખ્યાધિકારીનું પદ આપવામાં આવ્યું ને એણે એ ખાતાની પ્રવૃત્તિ આખા એશિયામાં વિસ્તારી દીધી. ગોરાઓ પણ એનાં સોગઠાં બની ચૂકયા છે. રશિયન છોકરીઓ એને સાઇબીરિયાની બાતમી પહોંચાડે છે અને ગ્રીક, ફ્રેંચ, ને અમેરિકનો પણ ખીસાં ભરવા એના બાતમીદારોની ફોજમાં ઉમેરો કરતાં નથી અચકાયા. દુનિયાને કોઈ પણ ખૂણે રહેતા અને 'ઊગતા સૂર્ય'માં શ્રદ્ધા રાખનારા જાપાનીઝ વેપારીઓ, ડૉક્ટરો, ડેન્ટીસ્ટો, ફોટોગ્રાફરો વગેરે દોઇહારાને સહાય કરવા સદા તૈયાર રહે છે. 'બૃહદ્ જાપાન'નો એ સ્વપ્નસેવી શ્રદ્ધા ધરાવે છે કે જાપાન એકલું ચીન જ નહિ જીતે, પણ સમગ્ર એશિયામાંનું ગોરું પ્રભુત્વ નાબૂદ કરીને જ જંપશે.

કાળઝપાટો

છેલ્લાં પાંચેક વર્ષોમાં ગુજરાતને કાળઝપટો કેવોક વાગી ગયો છે એ કોઇકેકલાકે વિચારી જોયું છે?

કાળઘંટ વાગે છે. એના કારમા ડંકાઓ સહુએ સાંભળ્યા છે. એ ડંકાઓનો સરવાળો કોણે કોણે કીધો છે? એ કાળડંકાઓની સમગ્રતાનું ગુજરાત! તને ભાન છે?

પ્રત્યેકની ગુણાવલિ નહિ ગવાય: છાપાંઓએ ગણાવી છે. નમસ્કાર નામાવલિ જ અહીં તો આપી છે.

આ મૃત્યુપત્રક સંપૂર્ણ નહિ હોય, કોક રહી ગયાં હશે; કોઈની તારીખ અવળી હશે; પણ સરવાળો કંઇક આવો છે.

આ રહ્યું ગુજરાતનું એ બીહામણું મૃત્યુપત્રક. રેલ રસ્તે મુંબઇથી સફર માંડિયે.

(મુંબઇ) શ્રી નરસિંહરાવ ભોળાનાથ, સર લલ્લુભાઇ શામળદાસ, સર સોરાબજી પોચખાનાવાળા, સર ફિરોઝ શેઠના, સર શાપુરજી સકલાતવાળા, શ્રી એફ. ઇ. દીનશા, શ્રી મહમ્મદભાઈ આદમજી પીરભાઈ, શ્રી મણિશંકર શામજી ત્રિવેદી, શ્રી નારાયણ વિસનજી ઠક્કુર; (નવસારી) શ્રી સો. મ. દેસાઇ; (વડોદરા) મહારાજ સયાજીરાવ ગાયકવાડ, શ્રી છોટુ મહારાજ, માસ્ટર આત્મારામજી, શ્રી કપેન્દ્રાચાર્યજી, શ્રી છોટાલાલ નરભેરામ કવિ; (વસો) શ્રી મોતીભાઈ નરસિંહભાઈ અમીન; (નડિયાદ) શ્રી ચન્દ્રશંકર પંડ્યા, શ્રી ફૂલચંદ બાપુજી શાહ; (અમદાવાદ) શ્રી કેશવ હર્ષદ ધ્રુવ, શ્રી મંગળદાસ ગિરધરદાસ પારેખ, શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા, શ્રી ડાહ્યાભાઇ દેરાસરી, શ્રી હીરાલાલ પારેખ, શ્રી બળવન્તરાય પરમોદરાય ઠાકોર, શ્રી પ્રાણસુખભાઇ મફતભાઇ; (વઢવાણ) શ્રી મણિલાલ કોઠારી; (ધ્રાંગધ્રા) શ્રી માનસિંહજીભાઇ; (જામનગર) શ્રી મહારાજા શ્રી રણજીતસિંહજી, શાસ્ત્રીજી હાથીભાઇ; (ગોંડળ) મહારાણી શ્રી નન્દકુંવરબા, વિહારી; (ભાવનગર) સર પ્રભાશંકર પટ્ટણી, રાજકવિ પિંગળસિંહજીભાઇ, શ્રી પરમાનંદદાસ ઠક્કર.

કાળઘંટાના ડંકા વાગે છે. ગુજરાત! તેં સાંભળ્યા ને ગણ્યા?

કાળના વ્હેણને આડા હાથ દેવાતા નથી કે પાળ બંધાતી નથી. મૃત્યુનાં મહાપૂર ગુર્જરપ્રજાને વિચારતી કરી ગયાં હોય તો યે ઘણું છે.

નાની-મોટી, શ્રીવન્તી કે ચેતનવન્તી, ગુજરાતની આ માનવવિભૂતિઓ હતી.

સોનું પરદેશ જાય છે. ગણત્રીબાજો અઠવાડિયે અઠવાડિયે એના આંકડા છાપે છે. ગએલું સોનું કયારેક પાછું આવે ગુજરાતનાં આ માનવધનને તો સદાકાળનાં ગામોતરાં કીધાં છે.

કાળનો વંટોળ આવ્યો ને ગુજરાતનું આંબાવાડિયું વેરી ગયો.







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ાબી બાજુ–ઉપર: ‘કાંટાની વેદના’–ભાઈ નાગ સુરગ વાળા શોદ), નીચે: ‘પૈડાં’–ભાઈ નવનીતલાલ શાહ (મુંબાઇ), ને નોંધપાત્ર; જમણી બાજુ: ‘ગ્રામ્ય માતા’–ભાઈ પ્રાણલાલ પટેલ (અમદાવાદ), પહેલું ઈનામ.

દાયકે દાયકે આપણું આંબાવાડિયું મ્હોરે છે; દાયકે દાયકે આપણું આંબાવાડિયું વેડાય છે. કોઇ કાળજ્યોતિષી કહેશે, કે આંબાવાડિયું વેડાય છે વધારે? કે મ્હોરે છે અધિકું?

આવો કાળઝપાટો ગુજરાત ખમી શકે ખરૂં? ખમતો પડ્યો છે; પણ ખમાય ખરો?

૧૯મી સદીના છેલ્લા બે દાયકાઓમાં તો જાણે સદી સમેટાઈ એવો ગમખ્વાર કાળઝપાટો ગુજરાતને વાગ્યો હતો; અને મહર્ષિ દયાનંદ સરસ્વતીથી માંડીને રાજવી કવિ કલાપી પર્યંત મહાજનોની સાખો વેડાઇ હતી. ત્યારે સદી સંકેલાઇ હતી; આજે જાણે પર્વ સંકેલાયું.

ગુજરાત! સાવધાન. વીત્યાં તે પાંચેક વર્ષોમાં તારૂં માનવધન કેટલું ઢોળાઇ ગયું એ ગણી જોજે ને વિચારતું થજે.

ગુર્જર મહાપ્રજા! સાવધાન.

—ન્હાનાલાલ દલપતરામ કવિ

ઇન્ફ્લુએન્ઝા

વેદ જગત કહે છે કે ઇન્ફ્લુએન્ઝાનો સાયો વળી પાછો દુનિયા પર ઊતરવા માંડ્યો છે. એ આગાહી સાથે જ ૧૯૧૮ની ખુવારી આપણી નજર સામે આવ્યા વિના નથી રહેતી, જ્યારે દુનિયાભરમાં દર ત્રણ માણસે એક માણસ એનો ભોગ બની ચૂક્યો હતો. આખી દુનિયામાં ત્યારે માત્ર મોરિશિયસ ને સેન્ટહેલીના એ બે ટાપુઓ જ તેનાથી અસ્પૃષ્ટ રહેલા.

ઐતિહાસિક હિસાબે ઇન્ફ્લુએન્ઝા જગતવ્યાપી સ્વરૂપે દર વીસ કે ત્રીસ વરસે દેખા દે છે. જોકે એનો વ્યક્તિગત મારો તો ચાલુ જ હોય છે. એના હલ્લામાં એ ગુણ હોય છે કે બચી ગએલો માણસ બીજા હલ્લા સામે સંરક્ષણ મેળવે છે; પણ એ બહુ લાંબો કાળ ટકતું નથી અને એટલે જ એનું જગતવ્યાપી સ્વરૂપ જબરો ભોગ લે છે.

આ રોગનું કારણ હજુ સુધી અજ્ઞાત રહ્યું છે. ઇ. ૧૮૮૨માં 'ફ્લુના કારણરૂપ જંતુઓ ફાઇફેર (Pfeiffer) નામના વિજ્ઞાનીએ શોધી કાઢ્યાની જાહેરાત કરેલી, પણ તે નાસાબિત થઇ છે. જો કે ઈન્ફ્લુએન્ઝાની રસીમાં ફાઇફેરે શોધેલા જંતુઓ ઉછરી શકે છે, પણ એમ તો ન્યુમોનિયાના જંતુઓ પણ ઉછરી શકે છે.

ઇન્ફ્લુએન્ઝા અનેક પ્રકારનો છે, પણ એ બધા પ્રકારોનો ચાર વિશેષ વર્ગોમાં સમાવેશ થાય છે. રોગની શરૂઆતમાં નાકમાં, પછી ગળામાં ને ક્યારેક તો ફેફસાંમાં દર્દ થવા માંડે છે. બે ત્રણ દિવસ વીત્યા બાદ માથું દુખવા માંડે છે, આંખો બળે છે ને સાંધા કળવા માંડે છે; અને એ સાથે જ ટાઢ સાથે કે તે વગર પણ તાવ ચડે છે. આ ચિહ્નોને બદલે ક્યારેક એનો રોષ સાંધા ઉપર જ ઊતરે છે, ક્યારેક મજ્જાતંત્ર પર અને ક્યારેક પાચન અંગો પર ઊતરી પેડુમાં કષ્ટ સાથે ઉલટીઓ કરાવે છે કે મરડો આણે છે.

એનો હલ્લો ગણ્યાગાંઠ્યા દિવસ ચાલે કે અઠવાડિયાંઓ સુધી પણ લંબાય. શરીરને તો એ એટલું નબળું પાડી દે છે એના ઉતાર પછી પૂરતી આરામગેસ ન લીધી હોય તો હૃદય નબળું પડી જાય છે અને ક્યારેક તો ન્યુમોનિયાની યે પશ્ચાદ્ અસર નીપજે છે.

આ રોગથી મુક્ત રહેવા સર્વાંગીણ સફાઇ પહેલું પગથિયું ગણી શકાય. બને તેટલું લોકોની ઠઠથી અને શરદીવાળા માણસથી તો ખાસ દૂર રહેવું. ખોરાક થોડો લેવો ને ઊંઘ ખૂબ લેવી તથા માનસિક બોજો બહુ ન રાખવો.

ઇન્ફ્લુએન્ઝાની પશ્ચાદ્ અસર તરીકે અનિદ્રા કે જ્ઞાનતંતુઓની નબળાઈ ખાસ આવે છે; ને કેટલાકે તો એ નબળાઇને અંગે આપઘાત કર્યાના યે દાખલા નોંધાયા છે. કેટલાક દાખલામાં તો માણસની સ્વાદશક્તિ કે ઘ્રાણશક્તિ હમેશને માટે મારી જાય છે. ક્યારેક ફેફસાંનો વિકાર અથવા સાંધવા પણ લાગુ પડે છે.

તરતા સેતાનો

એક સાદા ટિન ઓપનર વડે જેટલી સહેલાઇથી આપણે પૅક ડબાનાં ઢાંકણાં ચીરી નાખીએ છીએ એથી યે વધારે સહેલાઇથી સાગરયાનોની તોતીંગ લોખંડી દીવાલો ચીરી નાખતા તરતા સેતાનોને તમે ઓળખો છો? એમનું કઠોર કલેવર બિલકુલ કુમળા બરફથી બનેલું હોય છે. ઉપરાઉપરી જમા થતા એ ફૂણા બરફનો નીચેનો જથો દબાણથી કઠણ બનતો જાય છે ને વરસો જતાં એ સમગ્ર જથો ડુંગર જેવું રૂપ ધારણ કરે છે. આ હિમગિરિઓ તે જ એ તરતા સેતાનો.

ધીમા છતાં સતત પરિબળે પુષ્ટ બનેલા આ સેતાનો પછી પોતાના વજનના સહારે ભૂમિખંડોથી અલગ પડી ખસી નીકળે છે. એમાંના કેટલાક એકાકી હિમગિરિઓનું વજન તો બબ્બે અબજ ટન જેટલું હોય છે! એ વજન કેટલું થયું, જાણો છો? ઇજિપ્તના નક્કર પત્થરની ઊંચામાં ઊંચી પિરામિડથી યે ૩૩૦ ગણું!! અને એ હિમગિરિઓ એટલા તો રાક્ષસી હોય છે કે તેમની ઊંચાઇ દરિયાની સપાટીઉપર ૧૫૦૦ ફૂટ થવા જાય છે. પણ રખે ભ્રમમાં પડતા. એ બહાર દેખાતો સમૂહ તો તેના કુલ સમૂહનો માત્ર આઠમો જ ભાગ હોય છે, જ્યારે બીજા સાત ભાગ પાણી નીચે. એટલે એની સમગ્ર ઊંચાઈ ૧૨૦૦૦ ફૂટની થઇ!!

છટકી છૂટેલા એ સેતાનોને નીરખવાનું સદ્ભાગ્ય કવચિત્ તમને મળે તો એની જાજ્વલ્યમાન રંગગૂંથણી અને રચનાવૈવિધ્યથી તમે હેરત જ પામી જાઓ. જાતે સફેદ હોવા છતાં સઘળા રંગોનો વ્યુત્ક્રમ તે ધરાવે છે અને રાત પડતાં તો એવો રોમાંચક સફેદ રંગ ધારણ કરે છે કે એ ખાસ રંગને ice-blink નું નોખું નામ અપાયું છે.

ચાહે તેવા પ્રબળ હઠીલા પવનનું જોર પણ એ સેતાનોને એમના મનસ્વી માર્ગમાંથી ચળાવવાને શક્તિમાન નથી

ઠંડા ઉત્તરીય પ્રદેશોમાંથી ગરમ પ્રદેશો તરફ સતત જે આંતર પ્રવાહો વહી રહ્યા હોય છે એમનું જ એક નિયંત્રણ એમના પર રહેલું છે. પવન પ્રતિકૂળ હોય કે વળતો જુવાળ હોય છતાં તેને ઝપાટે ચડેલા વહાણને તે બિલકુલ આસાનીથી વિરુદ્ધ દિશામાં ઘસડી જાય છે. એના હુકમને તાબે ન થનાર માટે દરિયાનું તળિયું જ નિર્માયું છે. ટિટાનિક સ્ટીમરનો જ દાખલો લો. ૪૫૦૦૦ ટનનું એ જાજરમાન બારકસ કદિ ડૂબી જ ન શકે એવું અજેય મનાતું! પણ આવા એક સેતાનની એક નાનીશી ઠોકરે ચડતાં જ ૧૦૦૦ જિંદગીઓ સાથે તેને આટલાંટિકને તળિયે બેસવાનો વારો આવ્યો। જોકે એવી કમનસીબીમાંથી બચવા હવે 'આંતરરાષ્ટ્રીય આઇસ પેટ્રૉલ'ની સ્થાપના થઈ છે, જે એવા હિમગિરિઓના માર્ગથી જહાજોને ચેતવણી આપે છે, એટલું જ નહિ પણ ડાયનેમાઇટ દ્વારા તેમને તોડી પણ નાખે છે.

આ હિમગિરિઓનો પ્રવાસ પણ ખૂબ હોય છે. પ્રવાસના આરંભથી તે છેવટ ઓગળી ગયા સુધીમાં ઘણાક ૨૦૦૦ માઈલ કાપી ચૂક્યા હોય છે. ઘણી વખત તો ઉત્તર ધ્રુવનિવાસી રીંછો ગ્રીનલૅન્ડથી એ હિમગિરિઓ પર જ ૩૦૦ માઇલ પર આવેલા આઇસલૅન્ડ પર પહોંચી આવે છે!

હૉલૅન્ડનો એક નાનો બળવો

હૉલૅન્ડ અથવા નેધરલૅન્ડસૂના લોકો માટે અને તેમની વિશિષ્ટતા માટે અત્યારસુધી વપરાતા 'ડચ' શબ્દ સામે એ દેશે વાંધો ઉઠાવ્યો છે. એના કબજા નીચે રહેલાં 'ડચ ઇસ્ટ ઇંડીઝ', 'ડચ ગાયેના' અને 'ડચ વેસ્ટ ઇંડીઝ' ને અનુક્રમે 'નેધરલૅન્ડ્સ ઇંડીઝ' 'સુરિનામ' અને 'કુરાકાઓ' તરીકે ઉલ્લેખવાની એણે દુનિયાભરની પોસ્ટ ઑફિસોને યાદી બહાર પાડી છે ને નકશો બનાવનારાઓને પણ ભવિષ્યના નકશામાં એ જાતનો ફેરફાર કરવા અરજ કરી છે.

એ 'ડચ' પ્રત્યેની હૉલૅન્ડવાસીઓની સૂગ આજકાલની નથી, અને એ ગેરવાજબી પણ નથી. યુરોપની ભાષાઓમાં 'ડચ' શબ્દ તકલાદીપણું કે અધમતા સૂચવવા જ વપરાય છે ને તેમાં અંગ્રેજી ભાષાનો નંબર સૌથી પહેલો આવે છે દાખલા તરીકે 'ડચ હિંમત' એટલે કાયરતા, 'ડચ સોદો' એટલે એકતરફી સોદો, 'ડચ બુલબુલ' એટલે ગાતાં ન આવડે એવો દેડકા જેવો ગવૈયો, વગેરે. વળી મિજબાનીમાં મિજબાનને પોતાનો હિસ્સો પોતે ચૂકવી દેવાનો હોય છે તેને 'ડચ ટ્રીટ' નામ મળ્યું છે, જ્યારે લીલામમાં પહેલાં એકદમ ઊંચી કીમત બોલી પછી ધીમે ધીમે નીચે ઊતરવા માટેનું નામ પણ 'ડચ લીલામ' અપાયું છે.

જર્મન શબ્દ Deutsch (ડૉઇશ) ઉપરથી ઊતરી આવેલા આ 'ડચ' નામ સાથેના સંલગ્ન પ્રયોગો એકલી અંગ્રેજી ભાષામાં જ પચાસ ઉપરાંત થવા જાય છે. એ સૌ પ્રયોગોમાં હૉલૅન્ડવાસીઓને વધુમાં વધુ ખૂંચતો કોઈ પ્રયોગ હોય તો કોઇ સૈનિક માટે વપરાતો 'Does a Dutch' પ્રયોગ. કોઇ પણ સૈનિક જ્યારે રણાંગણ છોડી નાસી જાય છે ત્યારે આ પ્રયોગ વપરાય છે, જે ત્યાંની ખમીરવંતી પ્રજાને એક નાલેશીરૂપ લાગે છે. આ પરથી જણાશે કે હૉલૅન્ડવાસીઓનો એ શબ્દ સામેનો વાંધો વાજબી છે.

સૂકો બરફ

આજકાલ ખૂબ પ્રચાર પામેલો આ 'સૂકો બરફ' બીજું કંઈ નહિ પણ કાર્બન ડાયૉક્સાઈડનું ઘન બનાવેલું સ્વરૂપ જ છે. પહેલાં એ વાયુને દબાણ આપી પ્રવાહી બનાવવામાં આવે છે. તે પછી તેનું ઘનસ્વરૂપમાં રૂપાંતર કરવામાં આવે છે, ને હાઇડ્રૉલિક દબાણ નીચે એ ઠરેલા બરફનાં ચોસલાં પાડવામાં આવે છે. એ માટે ઊભાં થએલાં ઘણાંખરાં કારખાનાંએ હવે તો હવામાંથી જ સીધું કાર્બન ડાયૉક્સાઇડ શોષી લેવાની જર્મન પદ્ધતિ અખત્યાર કરી છે. ખરી રીતે તો એને બરફ કહી જ ન શકાય, કારણ પાણીનો અંશ પણ તેમાં હોતો નથી. હિંદુસ્તાનમાં એ બનાવવાની પહેલ ૧૯૩૫માં વડોદરાના એલેમ્બિક કેમિકલ વર્ક્સ અને કલકત્તાના બૅંગાલ ઇરેટિંગ ગૅસ ફૅક્ટરીએ કરી, પણ હવે મદ્રાસ, મુંબઇ, લાહોર વગેરે સ્થળે યે તેનાં કારખાનાં ઊભાં થયા છે.

લોહીનું મિશ્રણ

શરીરમાં લોહીનું પરિભ્રમણ શોધાયું ત્યારથી જ રોગી માણસના શરીરમાં બીજાં પ્રાણીઓનાં લોહી પ્રવેશાવવાનો ઉપચાર શરૂ થયો લેખાય. ઈંગ્લંડ અને ફ્રાન્સના ઊંટવૈદોએ તો પોતાના દર્દીઓની નસોમાં ઘેટાંના લોહીનું ઈન્જેકશન આપવાનું શરૂ પણ કરી દીધેલું; પરંતુ એથી મૃત્યુસંખ્યા એટલી વધી ગઇ કે એમને આખરે એ ઉપચાર છોડી દેવો પડ્યો.

ત્યારબાદ આજથી લગભગ એક સો વર્ષ પર દાક્તરોએ માણસનું જ લોહી માણસના શરીરમાં દાખલ કરવા માંડ્યું. આથી કેટલાક દર્દીઓ બચી જવા લાગ્યા ને કેટલાક મરી જવા લાગ્યા. આનું કારણ દાક્તરો ન કળી શક્યા, એટલે આખરી ઈલાજ તરીકે જ એ આવા રક્તમિશ્રણનો આશ્રય લેતા.

પરંતુ આજથી ચાળીસ વર્ષ પહેલાં એમ શોધી કાઢવામાં આવ્યું કે માણસનું લોહી ચાર જુદા જુદા વર્ગનું બનેલું છે, અને એક વર્ગના લોહીમાં બીજા વર્ગના લોહીનું મિશ્રણ કરતાં તેમાંના લાલ કણો વહેતા ન રહેતાં તેમના ગઠ્ઠા જામી તે નાની નાની કેશવાહિનીઓમાં ચોંટી જાય છે ને પરિણામે મૃત્યુ નીપજાવે છે.

લગભગ બધી જ જાતિઓમાં લોહીના આ ચાર વર્ગો નજરે પડે છે, પણ જાતિ દીઠ તેમનું પ્રમાણ ઓછુંવત્તું રહે છે. લોહીનો વર્ગ જિંદગી પર્યંત એકનો એક રહે છે ને વારસામાં પણ એ જ વર્ગ ઊતરે છે.

દર્દીઓ માટે કેટલાક લોકો સેવાભાવથી જ પોતાનું લોહી આપી દે છે, જ્યારે કેટલાક તેની કીમત ઊપજાવે છે. એવા

લોકોને એક પિન્ટ લોહી દીઠ લગભગ રૂા. ૧૦૦) મળે છે. અલબત્ત એ દાતાનું શરીર રોગથી પૂર્ણપણે મુક્ત હોવું જોઇએ અને તેનું લોહી લાલ કણોના વૈપુલ્યવાળું હોવું જોઇએ.

એ લોહી સાથે દર્દીના લોહીના વર્ગની સમાનતાની પહેલાં પરીક્ષા (blood matching) કરવામાં આવે છે, ને એમાં પસાર થયા પછી જ દર્દીના શરીરમાં તે દાખલ કરવામાં આવે છે.

તાજમહાલ કોણે બાંધ્યો ?

દૂરદૂરના પ્રવાસીઓને આશ્ચર્યમુગ્ધ બનાવતો, આરસના ગોહર સમો તાજમહાલ કઇ મહાન પ્રતિભાએ મૂર્ત કર્યો એ જગાનાઓનો પ્રશ્ન રહ્યા છે. કેટલાક એના નિર્માતા તરીકે શાહજહાંના વેનેશિયન દરબારી જેરોનિમોનું નામ આપે છે તો કેટલાક બોર્દોના ઑસ્ટિનને યા ઉસ્તાદ ઇસાને કે લાહોરના શિલ્પાચાર્ય અહમદને એ યશકલગીથી વધાવે છે. પરંતુ તાજેતરમાં જ પંજાબ યુનિવર્સિટીના ડૉ. એમ. અબ્દુલ્લા ચુગતાઇએ સાબિત કર્યું છે કે એ અપૂર્વ ઇમારત મૂર્ત કરનાર શાહજહાંની જ નિર્માણબુદ્ધિ હતી. સ્થપતિ તરીકે શાહજહાં કેટલું જ્ઞાન ધરાવતો હતો એ એમણે એના અમલ દરમિયાનનાં અનેક લખાણોમાંથી તારવી જાહેર કર્યું છે.

હાડકાંના ઔદ્યોગિક ઉપયોગ

પ્રાણીઓનાં હાડકાંનો જુદાજુદા ઉદ્યોગોમાં કેવી વિવિધ રીતે ઉપયોગ થઇ રહ્યો છે તે નીચેની હકીકતથી જણાશે.

પ્રાણીઓનાં જાંઘનાં હાડકાં મોટે ભાગે બટન, શતરંજનાં મહોરાં ને એવી સુશોભિત બનાવટોમાં કામ આવે છે. એ વહેરી કાઢી પહેલાં તો તે પરનું લોહી તથા રેશા ધોઇ નાખવામાં આવે છે અને પછી લગભગ છ કલાક સુધી ગરમ પાણીમાં રાખવું પડે છે, કારણ પાણી ખૂબ ગરમ હોય કે બહુ વખત ઉકળવા દેવામાં આવે તો હાડમાં બહુ નરમ થઇ જાય. ત્યારબાદ તેમને ઠરવા દઈ, ઘસીને સૂકવ્યા બાદ બટન વગેરે બનાવનારાઓને વેચવામાં આવે છે.

હાડકાં ઊકળતી વખતે તેમાંથી ફિક્કા રંગનો એક જાતનો ચીકટ પદાર્થ ગળી પાણી ઉપર તરી આવે છે એને કાળજીથી ઉતારી લેવામાં આવે છે અને તે સાબુઓ તથા જુદી જુદી જાતના મલમોની બનાવટમાં કામ આવે છે.

પ્રાણીઓના પગનાં હાડકાંની ખરીઓ ઉતરડી લીધા પછી તે ઉકળતાં તેમાંથી એક જાતનું તેલ ઝમે છે જે ઊંચી જાતનાં ચામડાંની બનાવટમાં કામ લાગે છે. ગાયબળદનાં પગનાં હાડકાંમાંથી સારવેલું પ્રખ્યાત 'નીટ્સ ફૂટ ઑઇલ' તો ઘડીઆળ જેવા નાજુક સંચાકામમાં વપરાય છે.


હાડકાંમાં રહેલો ચરબીનો ભાગ એરટાઇટ સ્ટીમ કુકરથી અથવા બેન્ઝીન પ્રક્રિયાથી મેળવવામાં આવે છે. પહેલી પદ્ધતિથી લગભગ ૭૦ ટકા જેટલી ચરબી મેળવાય છે, પણ બીન્ઝથી સંપૂર્ણ. આ ચરબી સાબુઓમાં કામ નથી લાગતી, પણ મીણબત્તીઓ બનાવવામાં વપરાય છે.

વળી હાડકામાં ચીકણો ગુંદર જેવો પદાર્થ (glue) પણ રહેલો હોય છે. ચરબી સારવી લીધા પછી તેમને ઉકાળતાં તે ઝમે છે. એ ગુંદરમાં પાછું ૭૫ ટકા પાણી નાખી ખૂબ ઉકાળવામાં આવે છે અને ફટકડીથી સાફ કરવામાં આવે છે એટલે પ્રવાહી ચિકટ સ્વરૂપે એ બને છે. ફર્નિચરની બનાવટમાં, ચોપડીઓ બાંધવાના, કડક શેતરંજીઓ બનાવવાના વગેરે કામમાં તે આવે છે.


પોચાં ને છિદ્રાળુ હાડકાંમાંથી જીલેટિન મેળવવામાં આવે છે અને તે ફોટોગ્રાફિક ઇમલ્શનો, મદ્યો વગેરેમાં કામ લાગે છે, જ્યારે બધો કસ કાઢી લીધેલાં હાડકાંની ભૂકી ખાંડની બનાવટમાં તેને વધુ સફેદી આપવા માટે વપરાય છે.

આપણે મૃગજળ કેમ જોઇએ છીએ ?

મૃગજળ એ કુદરતની ઘણી વિચિત્રતાઓમાંની એક વિચિત્રતા છે. તેનું કારણ માત્ર એટલું જ છે કે હવાના ગરમ અને ઠંડા પડોમાં પ્રકાશને પરાવર્તિત કરવાનો જુદો જુદો ગુણ રહ્યો હોઇ, દૂરની કોઇ વસ્તુમાંથી નીકળીને જોનારને પહોંચતાં પ્રકાશનાં કિરણોને એ ત્રાંસાં બનાવી દે છે અને તેને પરિણામે જોનારને એ વસ્તુનાં કદ અને અંતર સંબંધે ભ્રમ ઉપજાવે છે. ભ્રમના એવા બે પ્રકારો સાથેનાં બે ચિત્રોમાં બતાવ્યા છે. વાતાવરણની જુદી જુદી પરિસ્થિતિ પર એ આધાર રાખે છે. કેટલીક વાર હવાનાં પડો દૂરબીનના લેન્સની પેઠે દૂરની વસ્તુને એ મૂળ સ્થિતિમાં હોય તે કરતાં વધુ ઊંચે, નજીક ને મોટા કદની પણ દેખાડે છે. નીચેના ચિત્રથી એની પૂરતી સમજણ પડશે.



અદૃશ્ય પદાર્થની પ્રતિકૃતિ આકાશમાં દેખાડતું ગરમ હવાનું પડ પ્રકાશનાં કિરણોને કેમ વાળે છે એ દર્શાવતું ચિત્ર.



ગરમ હવા ઉપર ઠંડી હવાનું પડ આવી, મૃગજળ કેમ ઉપજાવે છે તે દર્શાવતું ચિત્ર.

વિકસતું વિજ્ઞાન

બ્રિટનના વિજ્ઞાનીઓ હાલ જે અખતરા કરી રહ્યા છે તે જો સફળ થશે તો ભવિષ્યના યુદ્ધવિમાનો માણસની નજરથી લગભગ અદૃશ્ય જ બની જશે. વિમાનો બાંધવા માટે તેઓ એક એવો પદાર્થ તૈયાર કરી રહ્યા છે જે કાચ જેટલો જ પારદર્શક હોય છતાં આજે વપરાતા પદાર્થોથી ખૂબ મજબૂત હોય ને જુદા જુદા દબાણે એને જુદા જુદા ઘાટ આપી શકાય. જો કે એથી બનેલાં બૉમ્બર વિમાનો અમુક પ્રમાણથી ઓછા પ્રકાશમાં નહિ દેખી શકાય ને પાણી પર ઊડતાં તો બિલકુલ નહિ દેખાય.

~

આજના યુગમાં વનસ્પતિશાસ્ત્રીઓએ પણ કમાલ કરવા માંડી છે. કાંટાવાળા છોડોને એમણે કાંટા વિનાના બનાવવા માંડ્યા છે, અખાદ્ય ફળોને ખાદ્ય બનાવવા માંડયાં છે ને ઓછા માવાવાળાં ફળોને ખૂબ માવાદાર બનાવવા માંડયાં છે. છેલ્લા પ્રયોગોથી તો એમણે ફળાં યે સીધાં અને વધુ પુષ્ટ બનાવ્યાં છે. વળી ડુંગળીમાંથી યે ગંધ નાબૂદ કરી છે! પણ એટલેથી યે બસ નથી. કુદરતની નવાજેશને પૂરતી ન માની એમણે કેટલાક સવર્ગીય બીની સંકરતાથી નવી જ જાતો નીપજાવી કાઢી છે. દાખલા તરીકે ચીભડા ને કાકડીની સંકરતાથી ક્યુકૉન અને લસણ અને ડુંગળીની સંકરતાથી ગાર્લિઓન, ટમાટા ને બટાટાની સંકરતાથી ટાપેગો વગેરે.

~

અમેરિકન વિજ્ઞાનીઓએ એક એવી જાતનું વાર્નિશ શોધી કાઢ્યું છે જે કાચ પર લગાવતાં તે હવા જેવો પારદર્શક બની જાય છે. કીમતી જવાહીરોને ઓગાળી એમની વરાળનું એ વાર્નિશ બનાવવામાં આવ્યું છે ને એનું પડ આજ સુધીમાં શોધાએલા પડો (coatings)માં કઠણમાં કઠણ છે. એવા કાચમાંથી પ્રકાશનું સહેજ પણ પુનરાવર્તન નથી થતું. અમેરિકાએ તો એ નવી શોધને કૅમેરાના લેન્સ, ચશ્માં વગેરેમાં સાર્થક પણ કરવા માંડી છે.

~

જર્મનીના ત્રણ વિજ્ઞાનીઓ ડૉ. ફૉન બોરિસ, ડૉ. અર્ન્સ્ટ રૂસ્કા અને ડૉ. હેલ્મૅટ રૂસ્કાએ મળીને એક એવું સૂક્ષ્માતિસૂક્ષ્મદર્શક યંત્ર (Super-microscope) શોધી કાઢ્યું છે જે વડે આજસુધી માનવ ચક્ષુથી અદૃશ્ય રહેલી અસંખ્ય વસ્તુઓ જોઇ શકાશે. સામાન્ય વસ્તુઓને એ યંત્ર એક લાખગણી મોટી કરી દેખાડે છે. અનેક સૂક્ષ્મ જંતુઓના ફોટોગ્રાફો એ વડે લેવાઇ ચૂકયા છે ને વૈદકીય શોધખોળમાં એ ખૂબ અગત્યનું સાધન થઇ પડશે એમ મનાય છે. અત્યાર સુધી ડૉકટરો જેમનું અનુમાન કરીને જ બેસી રહ્યા હતા હતા એ ઓરી, ઇન્ફ્લુએન્ઝા તથા પગ અને માથાના અનેક દરદોના જંતુઓ અને માઇક્રો–ઑર્ગેનિઝમની વિસ્તૃત તપાસ માટે આ નવા યંત્રે વિપુલ ક્ષેત્ર ઊભું કર્યું છે.

નવી કેડીઓ

આપણા કારીગરોને ઓજારોને અભાવે કેટલી મુશ્કેલી પડે છે તે કારીગર જ જાણી શકે. કોઈ પણ કારીગર પાસે પોતાના કાર્યક્ષેત્રમાં ઉપયોગી થાય એવાં બધાં ઓજારો હોતાં નથી. આથી પરસ્પરને ઓજારો ઉછીનાં આપી તેઓ ચલાવી લે છે. આપણા સુતારો, લુહારો, સોનીઓ, કંસારા, એ બધા જમાનાથી આમ પોતાનાં સાધનો પાડોશીને ઉછીનાં આપતા આવ્યા છે. પરંતુ મોટાં શહેરો થવા સાથે માણસજાતની બદમાસીમાં પણ થોડો વધારો થતો ચાલ્યો છે, અને પરિણામે પરસ્પરના ઈતબાર અને પ્રમાણિકતાપર નભતી આ જૂની સંસ્થા અત્યારે નાબૂદ થઈ રહી છે. યુરોપ અમેરિકામાં તો એના પ્રતિકાર રૂપે મશીનશૉપ સ્થપાઈ છે, જે બીજી દૃષ્ટિએ મુડીદાર કારીગર જ કહી શકાય. આપણે ત્યાં અનેક રીતે એ વસ્તુ હિતાવહ નથી, કેમકે એક મશીનશૉપ ગામમાંના સોએક કારીગર કુટુંબને ભીખ માગતાં કરી શકે છે. પણ આપણે જો હાથકારીગર વર્ગને જીવતો રહેવા દેવો હોય તો જરા આગમચેતી વાપરી કારીગરોને ટેકો દેવો પડશે, અને એને માટે માત્ર "ઓજારઘર" નામક એક સંસ્થાની સ્થાપના કરવાની. "ઓજારઘર" કારીગરો માટે એવું જ કાંઈ કરશે, જેવું પુસ્તકાલયો અત્યારે વાચકો માટે કરી રહ્યાં છે. અત્યારે કદાચ આ 'ઓજારઘર'નો વિચાર તરંગી લાગે પણ જાહેર પુસ્તકાલયનો વિચાર શરૂઆતમાં જનતાને આવો જ લાગ્યો હશે.

—ઉ.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

આપણું લોહી જેમ વધુ તન્દુરસ્ત, તેમ તેમાં ક્ષારોનું પ્રમાણ વધુ હોય છે.

આપણામાં ચોસઠ હજારે માંડ બે જણની આંગળાંની છાપ મળતી આવે છે.

卐

આપણા દેશમાંથી બ્રિટન દર વર્ષે ચોકખા સાડા ત્રણ કરોડ પૌંડ ખેંચી જાય છે.

આપણા દેશની મહેસુલનો ત્રીજો ભાગ (૩,૨૮,૦૦ હજાર પૌંડ) અહીંના અંગ્રેજ અમલદારોના પગારો અને પેન્શનોમાં જાય છે.

આપણા દેશમાં શિક્ષિતોનું પ્રમાણ પુરૂષોમાં ૧૪·૪ ટકા ને સ્ત્રીઓમાં ૨ જ ટકા છે.

卐

બધી નદીઓ ને સરોવરોએ મળી આપણી પૃથ્વીની સપાટીનો દસ લાખ ચોરસમાઈલ પટ રોકયો છે.

પૃથ્વી પરના બધા ટાપુઓનું મળી ક્ષેત્રફળ ૧,૯૧૦ હજાર માઇલ થાય છે.

આપણી પૃથ્વી પર પહોંચતાં સૂર્યના પ્રકાશને આઠ જ મિનિટ લાગે છે, જ્યારે દૂરમાં દૂરના ગ્રહ પ્લૂટો પર પહોંચતાં છ કલાક.

સાઇરાક્યુઝના રાજા ડાયોનિસિયસનાં નમાલાં કાવ્યો તેના બધા ખુશામતિયા વખાણતા; માત્ર ફિલોક્સેનિસ નામનો તેનો દરબારી તે હરવખતે તુચ્છકારતો. એથી રોષે ભરાઈ રાજાએ તેને જેલમાં નાખ્યો. થોડા વખત બાદ એ નરમ પડ્યો હશે એમ માની પાછો પોતાના મહેલમાં સન્માનપૂર્વક પોતાનાં કાવ્યો સંભળાવવા માંડ્યો, ત્યાં વચ્ચે જ ફિલોક્સેનિસે ઊઠી ચાલવા માંડ્યું. રાજાએ પૂછ્યું, 'ક્યાં ચાલ્યો ?' એણે જવાબ આપ્યો, 'પાછો કારાગૃહમાં' રાજા એની સત્યશીલતા સમજ્યો ને તેને સરદારનો દરજ્જો આપ્યો.

અનેકાર્થી શબ્દ: ભડ=બળવાન; સમૃદ્ધિવાન; યોદ્ધો; શ્રીમંત; કોરાના વરતની ખીલી; ભોપાળું.

કહેવતોના અર્થ: 'સાપકું ફાડો રાખવો'.—કોઈ સંતના ઉપદેશે ક્ષમાશીલ થએલા સાપને લોકોએ નિર્ભય બની રંજાડવા માંડતાં એ સંતે શિખામણ આપી કે તારે ફુંફાડો તો રાખવો. એ મુજબ કરતાં લોકોએ રંજાડ મૂકી દીધી. તદનુસાર વહેવારમાં અતિશય ભલાઇ ન રાખતાં થોડી વંકડાઇ રાખતાં જ સ્વત્વ જાળવી શકાય છે. એને લગતી કહેવતો 'વાંકા ચન્દ્રને સૌ નમે', 'વાંકી આંગળી વિના ઘી ન નીકળે', વગેરે.

ગણિતગમ્મત

$$૧^{૨} + ૨^{૨} = ૩^{૨} - ૨^{૨}$$
$$૨^{૨} + ૪^{૨} = ૬^{૨} - ૪^{૨}$$
$$૩^{૨} + ૬^{૨} = ૯^{૨} - ૬^{૨}$$
$$૪^{૨} + ૮^{૨} = ૧૨^{૨} - ૮^{૨}$$
$$૫^{૨} + ૧૦^{૨} = ૧૫^{૨} - ૧૦^{૨}$$
$$૬^{૨} + ૧૨^{૨} = ૧૮^{૨} - ૧૨^{૨}$$
$$૭^{૨} + ૧૪^{૨} = ૨૧^{૨} - ૧૪^{૨}$$
$$૮^{૨} + ૧૬^{૨} = ૨૪^{૨} - ૧૬^{૨}$$
$$૯^{૨} + ૧૮^{૨} = ૨૭^{૨} - ૧૮^{૨}$$
$$૧૦^{૨} + ૨૦^{૨} = ૩૦^{૨} - ૨૦^{૨}$$

આઇસ્ક્રીમનું ઉત્પત્તિસ્થાન ઇટલી છે.



દુનિયાભરમાં જાણીતી સ્વીડનની કસરતોના પિતા સમાન ગણાતા સ્વીડિશ લેખક પી. હેનરીક લિંગની સો વરસની જયંતી પ્રસંગે ગઇ તા. ૩૦ માર્ચે સ્વીડને કાઢેલી ટપાલની ટિકિટ.

મેક્સિકોના ઉપસાગરમાં આવેલો જેફર્સન નામનો કોટ આખો માઠાનો જ બનેલો છે!

યુરોપમાં લીંબુની આયાત ગ્રીસ મારફત, મૂળાની ચીન-જાપાન મારફત અને ડુંગળીની મિસર મારફત થઇ.

બ્રિટિશ મ્યૂઝિયમમાંના ગ્રંથોના કેટલૉગના જ માત્ર ૧૯૦૦ ગ્રંથો તો છે!

ચીનમાં સોડા વૉટરને 'ગુસ્સે થએલું પાણી' કહે છે.

જિબ્રાલ્ટરની સામુદ્રધુનિમાંથી દર મિનિટે આટલાંટિક મહાસાગરનાં ૧૮૬૦ લાખ ઘનફૂટ પાણી ભૂમધ્ય સમુદ્રમાં વહી જાય છે.

રસાયણશિક્ષક: સોડિયમ ક્લોરાઇડ સિવાય દરિયાનાં પાણીમાં બીજું શું હોય છે?

મનસુખ: માછલાં, સાહેબ.

હાથ મિલાવવાનો રિવાજ યહૂદી લોકોએ શોધેલો.

દરિયાની સપાટીથી ૨૦૦૦ ફૂટ ઊંડે જંતુઓ નથી હોતાં.



આ હસન બિન ઉમર નામના મૂરે સતત ૩૨૨ અદ્ધર ગુલાંટો મારેલી.

શહેનશાહ નેપોલિયન જન્મ્યો, પરણ્યો, છૂટ્યો ને મૃત્યુ પામ્યો, બધું શુક્રવારે જ!

હાથપગ ફાટ્યા હોય તો વડનું તાજું દૂધ લગાડી જોજો.

પ્રાણીઓની અંત્ય ઝડપ

પ્રાણી	કલાકે માઇલ
યાયાવર પંખીઓ	૧૮૦–૨૦૦
હંસ	૫૦–૫૫
ગીધ	૧૦૦
હરણ	૫૦
ચિત્તો	૬૦
શિયાળ	૫૦
કૂતરો	૨૦–૨૫
કૂકડો	૯
ઘોડો	૯૦
સામન માછલી	૧૭
વ્હેલ	૧૦



પાસે કૉર્કસ્ક્રૂ હોય નહિ અને કોઇ સજ્જડ બૂચ શીશામાંથી કાઢવો હોય તો સામાન્ય સ્ક્રૂ કે ખીલો બૂચમાં બેસાડી તેના માથા સાથે મજબૂત દોરી બાંધી જોરથી ખેંચવાથી નીકળી આવશે.